બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા
ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ
અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

**બરકાતે ખ્વાજા** (માસિક)

**જુન/જુલાઈ-૨૦૨૦**

શવ્વાલુલ મુકર્રમ-ઝીલ ક઼અદ
હિજરી સન : ૧૪૪૧

વર્ષ : ૧૭, અંક : ૦૬, સળંગ અંક : ૧૯૮

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


01 ખુદાના ગહરા દોસ્ત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ની રબથી મહોબ્બતની દાસ્તાન 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 10
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 13
04 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 15
05 ક઼ાનૂને શરીઅત 18
06 ફુતૂહુલ ગયબ (એટલે ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہ ના વઅઝ) 21
07 તઝકેરતુલ અવલિયા : હઝરત બિશ્ર હાફી رحمۃ اللہ علیہ 24
08 હઝરત સૈયદ કબીર અહમદ રિફાઈ رحمۃ اللہ علیہ નો મક઼ામ તથા મર્તબો 26
09 નહરે ઝુબેદા 32
10 ૨૬મા ફિક઼્હી સેમીનારના ફૈંસલાઓ 33
11 હિ઼જામાની સુન્નત : અનેક બીમારીઓનો ઈલાજ 37
12 ક઼ાદયાનિયત વર્તમાનકાળનો સૌથી મહાન ફિત્નો 40
13 કોરોનાની કરૂણતામાં આપઘાતોની વણઝાર 47
14 બરકાતે ખ્વાજાની ટપાલ 49


ચરાગે નૂર જલાયા અગર નહીં હોતા
અંધેરા હોતા યે જલ્વા અગર નહીં હોતા
તેરે અઝાબ કે હમ ભી શિકાર હો જાતે
તેરા હબીબ ખુદાયા અગર નહીં હોતા
બુતોં કા દૌર અભી તક ભી હોતા કા'બે મેં
વુરૂદે ફાતેહે મક્કા અગર નહીં હોતા
ન હોતે પાર સમંદર મેં ડૂબ જાતે હમ
સફીના આલે નબી કા અગર નહીં હોતા
યે હિંદ ઔર ભી તારીકિયોં મેં ગુમ હોતા
મુઈનુદ્દીન કો ભેજા અગર નહીં હોતા
કોઈ ભી તાબા ના લા સકતા ઉન્કે જલ્વોં કી
રૂખે હબીબ પે પર્દા અગર નહીં હોતા
મદીના કયા તેરા ઐસા ભી હોતા જાહો જલાલ ?!
રસૂલે પાક કા રોઝા અગર નહીં હોતા
તરસ હી જાતે શફાઅત કો હમ ભી 'બરકાતી'
નસીબ દામને આક઼ા અગર નહીં હોતા

અઝ : 'આકિબ' બરકાતી-પેટલાદ

# ખુદાના ગહરા દોસ્ત ઈબ્રાહીમની علیہ الصلوٰۃ والسلام

## રબથી મહોબ્બતની દાસ્તાન

તંત્રી લેખ.....

*બેખતર કૂદ પળા આતિશે નમરૂદમેં ઈશ્ક઼–અક઼્લ થી મહવે તમાશાએ લબે બામ અભી*

ખુદ રબ તઆલા ફર્માવે છે : وَ اتَّخَذَ اللّٰهُ اِبْرٰهِیْمَ خَلِیْلًا ''અને અલ્લાહે ઈબ્રાહીમને પોતાના ગહરા દોસ્ત બનાવ્યા.'' *(સૂ. નિસાઅ, ૪/૧૨૫)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! અલ્લાહ જેને પોતાનો ખલીલ (ગાઢ મિત્ર) ફર્માવે તેમના મર્તબાની શું વાત થાય ! બસ, આપણે ગુનેહગાર એ નિય્યતે તેમનો ઝિક્ર કરીએ, તેમની ચર્ચા કરીએ કે રબ્બે કરીમ એના સદક઼ામાં આપણી બખ્શિશ ફર્માવી દે. હવે વિચારો કે અલ્લાહે હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ને અમસ્તા જ ગહરા દોસ્ત (ખલીલુલ્લાહ) નથી કહ્યા, બલ્કે અલ્લાહની મહોબ્બતમાં આપ علیہ الصلوٰۃ والسلام એ શું શું કર્યું, કેવી કેવી કુર્બાનીઓ આપી તેની કેવળ ઝલકીઓ આપણે આ ટૂંકા લેખમાં જોતા ચાલીએ.

### ★ આપની તૌહીદ પર મજબૂતી કુર્આનની રોશનીમાં ★

નમરૂદ જાલિમને ભવિષ્યવેત્તાઓએ આગાહી કરી હતી કે એક બાળક પેદા થશે જે તારી સલ્તનતને નષ્ટ કરી દેશે જેથી તે નવ જન્મ પામતાં બાળકોને કતલ કરી નાખતો હતો. મરદૂદ નમરૂદથી રક્ષા માટે આપને આપના પિતાએ બચપનમાં વસ્તીથી દૂર પહાડીમાં ભૂગર્ભમાં રાખી દીધા હતા. જ્યારે આપ લગભગ તેર કે સત્તર વરસે ભૂગર્ભમાંથી બહાર આવ્યા અને સૂર્ય ડૂબી ગયો અને આકાશમાં Jupiter (ગુરૂ) અથવા ઝુહરા તારો ઉગ્યો તો ક઼ૌમની સમક્ષ બાતિલ પરસ્તી તથા તૌહીદ બાબતે જે દલીલો કરી તેને કુર્આનની રોશનીમાં જુઓ :

فَلَمَّا جَنَّ عَلَیْهِ الَّیْلُ رَاٰ كَوْكَبًا ۚ قَالَ هٰذَا رَبِّیْ ۚ فَلَمَّاۤ اَفَلَ قَالَ لَاۤ اُحِبُّ الْاٰفِلِیْنَ ''પછી જ્યારે એમના પર રાતનું અંધારુ છવાયું (તો) એક તારો જોયો. બોલ્યા, આને મારો રબ ઠરાવો છો ?! પછી જ્યારે તે ડૂબી ગયો (તો) બોલ્યા, મને ડૂબી જનારા નથી ગમતા !'' *(સૂ. અન્આમ, ૬/૭૬)*

فَلَمَّا رَاَ الْقَمَرَ بَازِغًا قَالَ هٰذَا رَبِّیْ ۚ فَلَمَّاۤ اَفَلَ قَالَ لَىٕنْ لَّمْ یَهْدِنِیْ رَبِّیْ لَاَكُوْنَنَّ مِنَ الْقَوْمِ الضَّآلِّیْنَ ''પછી જ્યારે ચાંદ ચમકતો જોયો તો બોલ્યા, આને મારો રબ દર્શાવો છો ! પછી જ્યારે તે ડૂબી ગયો તો ફર્માવ્યું, જો મારો રબ મને હિદાયત ન કરતો તો હું પણ તે જ ગુમરાહોમાં હોત.'' *(સૂ. અન્આમ, ૬/૭૭)*

فَلَمَّا رَاَ الشَّمْسَ بَازِغَةً قَالَ هٰذَا رَبِّیْ هٰذَاۤ اَكْبَرُ ۚ فَلَمَّاۤ اَفَلَتْ قَالَ یٰقَوْمِ اِنِّیْ بَرِیْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ''પછી જ્યારે સૂરજ જગમગતો જોયો તો બોલ્યા, આને મારો રબ કહો છો ! એ તો આ સૌથી મહાન છે. પછી જ્યારે તે ડૂબી ગયો તો કહ્યું, હે ક઼ૌમ ! હું બેઝાર છું એ ચીજોથી જેને તમો શરીક ઠરાવો છો.'' *(સૂ. અન્આમ, ૬/૭૮)*

اِنِّیْ وَجَّهْتُ وَجْهِیَ لِلَّذِیْ فَطَرَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ حَنِیْفًا وَّ مَاۤ اَنَا مِنَ الْمُشْرِكِیْنَ ''બેશક ! મેં મારું મોં તેની તરફ કર્યું જેણે આસ્માન તથા જમીન બનાવ્યાં, એક તેનો થઈને. અને હું મુશ્રિકોમાંથી નથી. *(સૂ. અન્આમ, ૬/૭૯)*

સારાંશ કે હઝરત સૈયદના ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام એ સાબિત કરી આપ્યું કે તારાઓમાં નાનાથી લઈને મોટો કોઈ પણ રબ થવાની લાયકાત ધરાવતો નથી. તેમનું ઈલાહ (મઅબૂદ, ઈબાદતને પાત્ર) હોવું તદ્દન બાતિલ છે અને કૌમ જે શિર્કમાં સપડાયેલી છે આપે તેનાથી બેઝારી પ્રદર્શિત કરી. આપનો કાકા આઝર જે મૂર્તિપૂજક હતો તેને પણ તબ્લીગ કરતાં કહ્યું : يٰۤاَبَتِ لِمَ تَعْبُدُ مَا لَا یَسْمَعُ وَ لَا یُبْصِرُ وَ لَا یُغْنِیْ عَنْكَ شَیْـٴًـا ﴿۴۲﴾ "હે કાકા ! કેમ એવાને પૂજો છો જે ન સાંભળે છે ન જુએ અને ન તારાથી કોઈ મુસીબત દૂર કરી શકે છે." *(સૂ. મરયમ, ૧૯/૪૨)* તો આઝર લાજવાબ થઈ ગયો અને કહ્યું, હે ઈબ્રાહીમ ! જો આ મૂર્તિઓ તારી રિસાલત અને તારા ખુદાની વહદાનિયતની (એક હોવાની) ગવાહી આપે તો હું તારી સાથે ઈમાન લાવીશ. હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام એ દુઆ માટે હાથ ઉઠાવ્યો તો તમામ મૂર્તિઓથી અવાજ આવ્યો : લાઈલાહ ઈલ્લલ્લાહ ઈબ્રાહીમ ખલીલુલ્લાહ. આઝરે આ મો'જિઝો જોઈને કહ્યું, હે ઈબ્રાહીમ ! તું મહાન જાદૂગર છે ! અને ઈમાન ન લાવ્યો. *(મઆરિજુન્નબુવ્વત, પેજ–૩૧૯)*

## ★ ઈબ્રાહીમ علیہ السلام ને આગમાં ફેંકવું અને આગનું બાગ બનવું ★

બુતખાનામાં નાના બુતો ખંડિત હતાં અને મોટા બુતના ગળે કુહાડી ફેરવેલી હતી તેને જોતાં કૌમે હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ને દોષિત ઠરાવ્યા અને છેવટે નમરૂદના દરબારમાં આપને લઈ જવામાં આવ્યા. નમરૂદના દરબારની હાજરીનો તરીકો એ હતો કે જે શખ્સ દરબારમાં હાજર થતો તે સૌ પ્રથમ નમરૂદને સજદો કરતો પછી વાતચીત શરૂ થતી. હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام એ એનું પાલન ન કર્યું. તે જાલિમ પૂછયું કે તેં મને સજદો કેમ ન કર્યો ? આપે ફર્માવ્યું કે હું મારા પરવરદિગાર સિવાય કોઈને સજદો નથી કરતો. નમરૂદે કહ્યું, તારો રબ કોણ છે ? ફર્માવ્યું : رَبِّیَ الَّذِیْ یُحْیٖ وَ یُمِیْتُۙ قَالَ اَنَا اُحْیٖ وَ اُمِیْتُؕ "મારો રબ તે છે જે ઝિંદા કરે છે અને મારે છે." *(સૂ. બક્રહ, ૨/૨૫૮)* જેથી નમરૂદે બે કેદીઓને બોલાવ્યા. એકને કત્લ કર્યો અને એકને છોડી મૂક્યો અને કહેવા લાગ્યો, જુઓ ! હું પણ જીવંત કરું છું અને મારુ છું. નાદાન એ ન સમજ્યો કે ઝિંદા કરવું તો નવેસરથી જિંદગી આપવું છે. છતાં ફરી ઈબ્રાહીમ علیہ السلام એ કહ્યું કે, قَالَ اِبْرٰهٖمُ فَاِنَّ اللّٰهَ یَاْتِیْ بِالشَّمْسِ مِنَ الْمَشْرِقِ فَاْتِ بِهَا مِنَ الْمَغْرِبِ "મારો રબ તે છે જે પૂર્વથી સૂરજ કાઢે છે તું રબ હોય તો પશ્ચિમથી સૂરજ ચઢાવ !" *(સૂ. બકરહ, ૨/૨૫૮)* નમરૂદે જયારે આ દલીલ સાંભળી તો તેના હોશ ઉડી ગયા. જયારે તે આ મુનાઝરામાં ફેઈલ થઈ ગયો તો અસલ વાતની તરફ આવ્યો અને કહ્યું, શું તેં અમારા મઅબૂદોની સાથે આ કામ (ખંડિત કરવાનું) કર્યું છે ? આપે કહ્યું કે તેમનામાંના મોટાએ કર્યું હશે કેમ કે કુહાડી એની પાસે હતી. તમે એને જ પૂછી લો ! કૌમને સમજાવવાનું હતું કે જે ન બોલી શકે ન કાંઈ કરી શકે તેની ઈબાદત શા માટે કરો છો ? આવો ! એક અલ્લાહની ઈબાદત કરો જે આપણા સૌનો સર્જનહાર છે. નમરૂદ તથા તેના સાથીઓ લાજવાબ થઈ ગયા અને હઠધર્મીમાં ગુસ્સાભેર નક્કી કર્યું કે ઈબ્રાહીમ علیہ السلام ને માટે ખૂબ જ મોટી આગ સળગાવવામાં આવે પછી તેમાં એમને ફેંકી દઈને ખત્મ કરી દેવામાં આવે. કુર્આનમાં એનું વર્ણન છે. قَالُوْا حَرِّقُوْهُ وَ انْصُرُوْۤا اٰلِهَتَكُمْ اِنْ كُنْتُمْ فٰعِلِیْنَ ﴿۶۸﴾ "બોલ્યા, આપને સળગાવી દો અને પોતાના ખુદાઓની મદદ કરો, જો તમારે કાંઈ કરવું છે" *(સૂ. અંબિયા, ૨૧/૬૮)* સુબ્હાનલ્લાહ ! મુસલમાનોનો ખુદા તો તેમની મદદ કરે અને આ બાતિલ પરસ્ત પોતાના જૂઠા ખુદાઓની મદદ કરે છે ! અને ખુદ તેમના ખુદાઓ તેમની મદદથી લાચાર છે !

સારાંશ કે નમરૂદ મરદૂદે હુકમ આપ્યો કે એક ચોગાન પથ્થરોનું તૈયાર કરવામાં આવે અને તેને લાકડીઓથી ભરી દેવામાં આવે. કુર્આન મજીદ ફર્માવે છે : قَالُوا ابْنُوْا لَهٗ بُنْیَانًا فَاَلْقُوْهُ فِی الْجَحِیْمِ ﴿۹۷﴾ "બોલ્યા, તેના માટે એક ઈમારત

બનાવો પછી તેને ભડકતી આગમાં નાખી દો." (સૂ. સાફ્ફાત, ૩૭/૯૭) જેથી તેઓએ ૩૦ X ૨૦ ગજનું ચોગાન ચાર બાજુ દીવાલો ચણીને તૈયાર કર્યું. પછી એક એલાન કરનારે એલાન કર્યું કે નમરૂદનો હુકમ છે કે દરેક સગીર તથા કબીર, પુરૂષ તથા સ્ત્રી આ ચોગાનમાં લાકડીઓ ભેગી કરે, અને જે આ હુકમની નાફર્માની કરશે તેને ઈબ્રાહીમની સાથે આગમાં નાખી દેવામાં આવશે. લોકોએ હઝરત ઈબ્રાહીમ علیہ الصلوۃ والسلام ની દુશ્મની તથા નમરૂદને ખુશ કરવા માટે લાકડીઓ ભેગી કરવાનુ શરૂ કરી આપ્યું. અને એટલા જોશ તથા ઉત્સાહભેર ભેગી કરી કે સ્ત્રીઓ જેઓ બીમાર હતી તેમણે મન્નત માની કે જો અમે તંદુરસ્ત થઈ ગઈ તો અમે ઈબ્રાહીમને સળગાવવા માટે આ ચોગાનમાં લાકડીઓ ભેગી કરીશું. પૂરા એક મહિના સુધી લાકડીઓ ભેગી થતી રહી. જ્યારે ચોગાન લાકડીઓથી ખીચોખીચ ભરાય ગયું તો તેમાં આગ લગાડી દેવામાં આવી. આગના આકાશને ચૂમતા ભડકાઓ એટલા તેજ થઈ ઊંચે ઉઠયા કે જો કોઈ પક્ષી ત્યાં થઈને હવામાં ઉડતુ તો બળીને રાખ થઈ જતુ.

નમરૂદને ખબર આપવામાં આવી તો તેણે હુકમ આપ્યો કે હઝરત ઈબ્રાહીમ علیہ الصلوۃ والسلام ને પગોમાં બેડીઓ અને હાથો હાથકડીઓ તથા ગળામાં તોક઼ પહેરાવીને કેદખાનાથી બહાર કાઢીને અહીં લાવવામાં આવે. જ્યારે હઝરત ખલીલુલ્લાહ علیہ الصلوۃ والسلام ને નમરૂદ પાસે લાવવામાં આવ્યા તો નમરૂદે કહ્યું, ઈબ્રાહીમ ! હજી સમય છે કે આ ભડકી રહેલી આગથી બચી જા, કેવળ મારી ખુદાઈનો સ્વીકાર કરી લે અને તારા દીનને છોડી આપ. આપે સાંભળીને સ્મિત વેર્યું અને કહ્યું, નમરૂદ ! તું મને આગથી ડરાવે છે ? મને આગનો કોઈ ડર નથી, કેમ કે આગ શુધ્ધ સોનાને નથી સળગાવી શકતી. નમરૂદે હુકમ આપ્યો કે તેમને આગમાં નાખવામાં આવે. પરંતુ આગની ગરમીની તીવ્રતા એટલી હદે હતી કે કોઈ માણસ આગની નજીક જઈ શકતો ન હતો. છેવટે શૈતાનની દખલથી એ નક્કી થયું કે એક મોટી ગોફણ બનાવવામાં આવી અને ઈબ્રાહીમ علیہ الصلوۃ والسلام ને તેમાં રાખવામાં આવ્યા. તો આપની પાસે પાણીનો ફરિશ્તો આવ્યો અને અર્ઝ કરી કે હે ઈબ્રાહીમ ! علیہ الصلوۃ والسلام મારી પાસે પાણીના ભરપુર ખજાનાઓ છે, જો ચાહો તો પાણી વડે આ બદબખ્તોને ડૂબાડી દઉં. જો હુકમ હોય તો આ આગ ક્ષણવારમાં ઓલવી નાખું. પછી આપની પાસે હવાનો ફરિશ્તો આવ્યો જેના કબજામાં હવા છે. અર્ઝ કરી, હઝરત ! જો આદેશ આપો તો આગને ઉડાડીને તેમના પર જ નાખી દઉં અને તેઓનો નાશ થઈ જાય. આપે તે બંનેવને એક જ જવાબ આપ્યો, "તમે કોણ છો જે દખલ આપો છો, એની જે મરજી હોય એ પ્રમાણે કરે, ઈબ્રાહીમ દરેક રીતે રાજી છે."

હવે જાલિમોએ આપને ગોફણ વડે આગમાં ફેંકી દીધા. આપ ગોફણથી અલગ થઈને આગની નજીક પહોંચી રહ્યા છે એ દરમિયાન રૂહુલ અમીન હઝરત જિબ્રઈલ علیہ الصلوۃ والسلام એ ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, પ્યારા ઈબ્રાહીમ ! علیہ الصلوۃ والسلام કોઈ હાજત છે ? ખાદિમ હાજર છે ! ફર્માવ્યું, હાજત તો છે પણ તારી કોઈ હાજત નથી ! જિબ્રઈલે કહ્યું, સારૂં ! જેનાથી હાજત છે તેનાથી તો તલબ કરો ! કેમ કે આગ તદન નજીક આવી ગઈ છે. આપે ફર્માવ્યું, જેનાથી હાજત છે તે ખૂબ સારી રીતે જાણે છે, ત્યાં બતાવવાની જરૂરત નથી. હવે આપ આગની નજીક પહોંચી ગયા છે. તરત જ રબ તઆલાનું આગને સંબોધન થયું. يٰنَارُ كُوْنِيْ بَرْدًا وَّ سَلٰمًا عَلٰۤى اِبْرٰهِيْمَ "હે આગ ! થઈ જા ઠંડી અને સલામતી ઈબ્રાહીમ પર !" *(સૂ. અંબિયા, ૨૧/૬૯)* આગ ખુદાનો આ હુકમ સાંભળીને ઠંડી થઈને ગુલઝાર બની ગઈ. હવે તે ચોગાન જે અગ્નિકુંડ બનેલ હતો તે હઝરત ઈબ્રાહીમ علیہ الصلوۃ والسلام ની બરકતથી બાગ બની ગયો. વિવિધ રંગબેરંગી ફૂલોનાં વૃક્ષો નીકળી આવ્યાં, પાણીનાં ઝરણાં વહેવા માંડયાં, કોયલ વગેરે પક્ષી ટહૂકવા માંડયાં. હઝરત ખલીલુલ્લાહ علیہ الصلوۃ والسلام ને રેશમી કમીઝ પહેરાવીને જન્નતી તખ્ત પર બેસાડવામાં આવ્યા. હઝરત જિબ્રઈલ علیہ الصلوۃ والسلام આપની જમણી બાજુ અને હઝરત મીકાઈલ علیہ الصلوۃ والسلام ડાબી બાજુ બેસી ગયા અને એક ફરિશ્તો પંખો લઈને આપને હલાવવા લાગ્યો. *(એરાસુલ મજાલિસ, મઆરિજુન્નબુવ્વત, પેજ–૩૨૬)*

નમરૂદ ઊંચા મકાન પર ચઢીને જોવા લાગ્યો. મરદૂદ લઈનનો ખયાલ હતો કે આપ હલાક થઈ ગયા હશે. જ્યારે નજર કરી તો જોયું કે સર્વ અગ્નિકુંડ ગુલઝાર બનેલો છે અને હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ફરિશ્તાઓના ઝુંડમાં તખ્ત પર બિરાજેલ છે. પૂછયું, હે ઈબ્રાહીમ ! કેવી રીતે આ આગથી બચીને નાઝ તથા નેઅમતમાં પહોંચી ગયા ? ફર્માવ્યું, هٰذَا مِنْ فَضْلِ رَبِّیْ "આ મારા રબના ફઝ્લથી છે." *(સૂ. નમ્લ, ૨૭/૪૦)*

## ★ હઝરત ઈસ્માઈલ علیہ السلام નો જન્મ તથા કુર્બાની ★

જ્યારે હઝરત સૈયદના ખલીલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام અર્ઝે મુક઼દસ પર પહોંચ્યા તો આપે દુઆ કરી : رَبِّ هَبْ لِيْ مِنَ الصّٰلِحِيْنَ ﴿۱۰۰﴾ فَبَشَّرْنٰهُ بِغُلٰمٍ حَلِيْمٍ ﴿۱۰۱﴾ "ઈલાહી ! મને લાયક ઔલાદ આપ. અમે તેને ખુશખબરી સંભળાવી એક બુદ્ધિવાન પુત્રની." (સૂ. સાફફાત, ૩૭/૧૦૦,૧૦૧) રબે હઝરત હાજરા رضی اللہ عنہا ના પેટે એક ફરઝંદ ઈનાયત કર્યો જેમનુ નામ ઈસ્માઈલ علیہ السلام રાખવામાં આવ્યું. આપનાં બીજાં પત્ની હઝરત સારહ રશ્ક કરવા લાગ્યાં કે તેમની ગોદ ખાલી હતી. તેમણે અર્ઝ કરી કે આપ બંનેવ મા બેટાને અહીંથી ક્યાંક દૂર છોડી આપો. આ અસલમાં મક્કા મોઅઝ્ઝમા તથા બયતુલ્લાહ શરીફ બનાવવાનો અલ્લાહે એક સબબ પેદા કરી આપ્યો હતો.

અલ્લાહની વહીના આધારે આપ બંનેવને એ સ્થાને છોડી આવ્યા જ્યાં હાલમાં મક્કા મોઅઝ્ઝમામાં આબે ઝમઝમ છે. ત્યાં એ સમયે ન કોઈ આબાદી હતી ન ઝરણુ ન સાયાદાર ઝાડ હતું. આપ તેમને એક ભાથામાં થોડીક ખજૂરો અને એક પાત્રમાં પાણી આપીને પાછા ફર્યા અને પાછા વળીને તેમના તરફ જોયું પણ નહીં. હઝરત હાજરાએ કહ્યું કે, હઝરત ! આપ અમને આ વિરાન વાદીમાં છોડીને ક્યાં જઈ રહ્યા છો ? આપે કોઈ લક્ષ ન આપ્યું ન જવાબ આપ્યો. કેટલીયવાર પૂછવા છતાં જવાબ ન મળતાં હઝરત હાજરાએ કહ્યું, શું આ અલ્લાહનો હુકમ છે ? તો આપે કહ્યું, હા ! ત્યારે હઝરત હાજરા رضی اللہ عنہا એ કહ્યું, "જો રબનો જ હુકમ છે તો પછી કોઈ ડર નથી, ખુદ જ હિફાઝત કરશે." હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام એ ત્યાંથી ચાલતી વખતે દુઆ કરી : હે પરવરદિગાર ! હું મારી અમુક ઔલાદ વેરાન સ્થળે (બયાનમાં) તારા બયતુલ ઈઝ્ઝતની પાસે છોડીને જઉં છું જેથી તે નમાઝ ક઼ાયમ કરે. તું લોકોનાં દિલને એમની તરફ વાળી દે ફળો મેવાઓથી તેમને રોજી અતા કર જેથી તેઓ તારો શુક્ર અદા કરે." *(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૩૭)*

થોડાક દિવસો સુધી હઝરત હાજરા رضی اللہ عنہا એ ખજૂર તથા પાણી પર ગુજારો કર્યો અને પોતાના ફરઝંદને દૂધ પીવડાવતાં રહ્યાં. જ્યારે એ ખત્મ થઈ ગયું, છાતીથી દૂધ સૂકાય ગયું તો હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام નું ગળુ તરસે કાંટો બની ગયું જેથી હઝરત હાજરા رضی اللہ عنہا પાણીની તલાશમાં સફા તથા મરવા વચ્ચે દોડયાં. આ બાજુ પાણીની તલાશ છે બીજી બાજુ એકલા ફરઝંદનો ખતરો છે ! આપ તરત જ પહાડી પર ચઢીને વહાલસોયા પુત્રને જુએ છે અને પછી પાણીની તલાશમાં દોડે છે. પછી બીજી પહાડી પર ચઢીને ફરઝંદને જુએ છે ત્યાં સુધી કે આપ સાતવાર દોડયાં. અલ્લાહ તઆલાને પોતાની આ બંદીનું દોડવું એટલુ પસંદ આવ્યું કે દરેક હાજીને ક઼યામત સુધી સફા તથા મરવામાં દોડવાનો હુકમ આપ્યો, જેથી હઝરત હાજરા رضی اللہ عنہا ની આ સુન્નત હમેશાં ચાલુ રહે.

સુબ્હાનલ્લાહ ! ખુદાની કુદરત પર કુર્બાન કે હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام એ તરસની સખ્તીમાં એડીઓ રગડી તો અલ્લાહની રહમતથી ત્યાં આગળ પાણીનું ઝરણુ ફૂટી નીકળ્યું. હઝરત હાજરા પાણીથી નાઉમ્મીદ થઈને પરત તશરીફ લાવ્યાં તો જોયું કે પોતાના ફરઝંદના પગો નીચે પાણીનુ ઝરણુ વહી રહ્યું છે. આપે તેને ઝમ ઝમ (થોભ

થોભ) કહીને રોકી લીધું જેથી એનું નામ ઝમ ઝમ પડી ગયું. ધીમે ધીમે ત્યાં પાણીના લીધે આબાદી પણ વસી ગઈ.

હઝરત સૈયદના ખલીલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એક તેજ રફતાર બુર્રાક પર સવાર થઈને દર અઠવાડિયે મક્કા મોઅઝ્ઝમામાં પોતાનાં બીવી બચ્ચા પાસે  તશરીફ લાવતા, તેમની દેખભાળ કરીને સાંજે પાછા જતા રહેતા. જ્યારે હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلامતેર વરસના થયા તો આપની કુર્બાનીનો હુકમ થયો.

હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلامએ ઝિલ હજ્જ મહિનાની આઠમી તારીખે એક ખ્વાબ જોયો, જેમાં કોઈ તેમને ઉદ્દેશી કહી રહ્યો હતો કે, અલ્લાહ તઆલા ફર્માવે છે કે તમે તેની રાહમાં તમારા પુત્ર (હઝરત ઈસ્માઈલ)ની કુર્બાની આપો. આ ખ્વાબ જોયા પછી તેઓ સવારથી સાંજ સુધી ચિંતામગ્ન રહ્યા, આ દિવસને તરવીયહ કહેવામાં આવ્યું છે, ત્યાર પછી ફરી ઝિલ હજ્જ મહિનાની નવમી તારીખે એનો એ ખ્વાબ આવ્યો ત્યારે તેમને લાગ્યું કે આ હુકમ અલ્લાહ  તઆલા તરફથી છે. એ દિવસનું (એટલે ઝિલ હજ્જની નવમી તારીખનું) નામ અરફહ કહેવાયું. એક રિવાયતમાં છે કે, ઝિલ હજ્જની દસમી તારીખે પણ તેમણે એનો એ ખ્વાબ જોયો ત્યારે આપ હઝરત સારહ (رضی اللہ عنہا)ની રજા લઈને મક્કા ખાતે આવ્યા અને આવતાં વેંત હઝરત હાજરા رضی اللہ عنہاને કહ્યું કે, (હઝરત) ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلامને નવરાવી ધોવરાવીને માથામાં તેલ નાખીને આંખોમાં સુરમો લગાડીને તૈયાર કરીને મારા સાથે મોકલાવો, જેથી હઝરત હાજરા رضی اللہ عنہاએ તેમને તૈયાર કર્યા, હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلامએ હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلامને એક છરી અને રસ્સી લઈ લેવાનું કહ્યું, ત્યાર પછી બંને પિતા પુત્ર ઘરેથી નીકળ્યા. શયતાન મરદૂદ એવા અવસરને શોધતો હોય છે, એ સીધો હઝરત હાજરા رضی اللہ عنہا પાસે આવ્યો ને સીધો પ્રશ્ન એ કર્યો કે, તમે જાણો છો કે હઝરત ઈબ્રાહીમ હઝરત ઈસ્માઈલને ક્યાં લઈ ગયા છે ? તેના જવાબમાં હઝરત હાજરા رضی اللہ عنہاએ કહ્યું કે, લાકડા કાપીને લઈ આવવા માટે ગયા છે. ત્યારે શૈતાને તેમને કહ્યું કે, નહીં ! તેઓ તેમને ઝબહ કરવા માટે લઈ ગયા છે ! ત્યારે હઝરત હાજરા رضی اللہ عنہاએ કહ્યું કે, એ કેવી રીતે બની શકે ?! હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام તો હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلامના પિતા છે, એ એવું કામ કરી શકે જ નહીં ! ત્યારે શૈતાને કહ્યું કે, હઝરત ઈબ્રાહીમનું માનવું છે કે, અલ્લાહે તમને હઝરત ઈસ્માઈલની કુર્બાની કરવાનો હુકમ આપ્યો છે. તેના જવાબમાં હઝરત હાજરા رضی اللہ عنہاએ કહ્યું કે, જો અલ્લાહ તઆલાએ તેમને એવો હુકમ આપ્યો હોય તો તેના હુકમનું પાલન કરવું જરૂરી થઈ જાય છે. આ સાંભળીને શૈતાન ત્યાંથી ભાગી છૂટયો. ત્યાંથી એ મરદૂદ હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام પાસે પહોંચ્યો અને તેમને બ્હેકાવવા ગભરાવવાના પ્રયાસો કર્યા તો તેમાં પણ તેને નિષ્ફળતા મળી. ત્યાર પછી હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام પાસે આવ્યો અને તેમને કહ્યું કે, હું જોઈ રહ્યો છું કે તમારા પાસે શૈતાન આવ્યો હતો અને તમને કહી ગયો કે તમે તમારા પુત્રને અલ્લાહની રાહમાં કુર્બાન કરી દો ! માટે તમે તેમ કરશો નહીં. એ મરદૂદની વાત સાંભળીને હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام તેને ઓળખી ગયા અને તેને ધુત્કારતાં કહ્યું કે, "દૂર થઈ જા હે ઈબ્લીસ ! હું તો ખુદાના હુકમ પર અમલ કરીને રહીશ." એક રિવાયતમાં છે કે જ્યારે હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ચાલતા જતા હતા ત્યારે એ મરદૂદ તેમને સામે મળ્યો ત્યારે તેને હાંકી કાઢયો, ત્યાર પછી જમ્રતુલ ઉકબહ પાસે પાછો આવ્યો તો તેને સાંત કાકરીઓ મારી, ત્યાર પછી એ મરદૂદ પાછો જમ્રતુલ વુસ્તામાં આવ્યો તો ત્યાં સાત કાંકરીઓ મારી, ત્યાર પછી આવ્યો તો ત્યાં સાત કાંકરીઓ મારી એટલે ત્યાંથી ભાગ્યો. આજે હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلامની એ સુન્નત દુનિયાભરના હાજીઓ અપનાવીને શૈતાન જે સ્થળે આવ્યો હતો તેના નિશાન પર કાંકરીઓ મારીને હજ્જના અરકાન અદા કરી રહ્યા છે.

હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والسلامએ હઝરત ઈસ્માઈલ عليه الصلوٰة والسلامની ગરદન પર છરી મૂકી પરંતુ તેનાથી ગરદન કપાઈ નહીં. એક રિવાયતમાં છે કે અલ્લાહ તઆલાએ એક એવી વસ્તુ હઝરત ઈસ્માઈલ عليه الصلوٰة والسلامની ગદરન પર મૂકાવી હતી જેના પર છરીની ધાર અસર કરતી ન હોતી. એક રિવાયતમાં એ પણ છે કે ગરદન કપાઈ જતી હતી પરંતુ તુરત જ પાછી જેમની તેમ થઈ જતી હતી. હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والسلامએ ખુદાના હુકમનું અક્ષરસઃ પાલન કરીને એક આકરી પરીક્ષામાંથી પસાર થઈ ગયા, અલ્લાહ તઆલાએ તેના બંનેવ પયગંબરોને તેની રાહમાં અટલ જોયા. અલ્લાહ કેવળ દિલ જુએ છે જેથી ઈર્શાદ થયો, قَدْ صَدَّقْتَ الرُّءْيَا ۚ اِنَّا كَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿۱۰۵﴾ "હે ઈબ્રાહીમ ! તેં તારો ખ્વાબ સાચો કરી બતાવ્યો. અમે આવો જ બદલો આપીએ છીએ નેકોને." *(સૂ. સાફ્ફાત, ૩૭/૧૦૫)* ત્યાર પછી અલ્લાહ તઆલાએ એક એવો ઘેટો જે ચાલીસ વર્ષ સુધી જન્નતના બાગમાં ચરતો રહ્યો હતો તેને હઝરત જિબ્રઈલ عليه السلامના હાથે મોકલાવ્યો. હઝરત જિબ્રઈલ عليه السلامએ ઘેટાને ઝબહ કરવાનું કહીને તેમણે પ્રથમ *અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર,* કહ્યું તો ઘેટાએ પણ તકબીર કહી. ત્યાર પછી હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والسلامએ કહ્યું કે, *લાઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.* ત્યાર પછી હઝરત ઈસ્માઈલ عليه الصلوٰة والسلامએ કહ્યું કે, *અલ્લાહુ અકબર વલિલ્લાહિલ* હમ્દ અને કયામત સુધી એ જ સુન્નત બાકી રહેશે.

## ★ હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والسلامની રબની મહોબ્બતમાં માલી કુર્બાની ★

રિવાયતમાં છે કે આપની બકરીઓનાં પાંચ હજાર ટોળાં હતાં. ફરિશ્તાઓએ રબથી અર્ઝ કરી કે આ તારા કેવા ખલીલ છે કે માલથી આટલી મહોબ્બત કરે છે ! રબે ફર્માવ્યું, ખલીલ માલથી નહીં પણ મારાથી જ મહોબ્બત કરે છે. ઈમ્તેહાનના રૂપે જ્યાં પહાડીમાં આપ બકરીઓની નિગેહબાની કરી રહ્યા હતા ત્યાં પહાડીની ઓઠમાં એક ફરિશ્તો માનવ સ્વરૂપમાં જાય છે અને રબની તસ્બીહ પઢે છે :–

سُبْحَانَ ذِى الْمُلْكِ وَ الْمَلَكُوْتِ ٥ سُبْحٰنَ ذِى الْعِزَّةِ وَ الْعَظَمَةِ وَالْهَيْبَةِ وَ الْقُدْرَةِ وَالْكِبْرِيَآءِ وَالْجَبَرُوْتِ ٥ سُبْحٰنَ الْمَلِكِ الْحَيِّ الَّذِىْ لَا يَنَامُ وَ لَا يَمُوْتُ ٥ سُبُّوْحٌ قُدُّوْسٌ رَبُّنَا وَ رَبُّ الْمَلٰٓئِكَةِ وَالرُّوْحِ ٥

તો એને સાંભળીને અલ્લાહથી મહોબ્બતના સબબે આપે ફરિશ્તાને જઈને કહ્યું કે, આ તો મારા રબનું ઝિક્ર છે, મને એમાં ખૂબ જ લિજ્જત આવી તો આપ ફરીવાર મારા રબનું ઝિક્ર કરો. હું તમને અડધુ ટોળુ બકરીઓ આપી દઈશ. તો ફરિશ્તો ફરીથી એ જ તસ્બીહ પઢે છે. તો હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والسلام ખૂબ જ ખુશ થઈને અડધી બકરીઓ આપી દે છે. હવે લિજ્જત તથા ચાસણી ઔર વધી જાય છે અને ફરી ઝિક્ર કરવા કહે છે તો ફરિશ્તો કહે છે, હવે શું આપશો કે બાકીની અડધી બકરીઓ પણ આપી દઈશ. ફરિશ્તો તસ્બીહ પઢે છે તો આપને લિજ્જત તથા ચાસણીના કારણે પ્યાસ ઔર વધી જાય છે અને ફરી આપ કહે છે કે ફરી એકવાર સંભળાવો ! તો ફરિશ્તો કહે છે કે હવે શું આપશો ?! તો આપ કહે છે કે આ બકરીઓ તો તમારી થઈ ગઈ હવે એને ચરાવવા માણસ જોઈશે તો મને તમારી ગુલામીમાં લઈ લેજો પણ મને મારા રબનું ઝિક્ર સંભળાવો. ત્યારે જાહેર કરવામાં આવે છે કે આ આવનાર ફરિશ્તો છે જે આપની રબથી મહોબ્બતની ઈમ્તેહાન લઈ રહ્યો હતો. જેમાં આપ કામયાબ થયા. આપ સાચે જ અલ્લાહના ખલીલ (ગાઢ દોસ્ત) છો. *(રૂહુલ બયાન, ૧૨/૨૩૧)*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ
:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ નિસાઅ્ની તફસીર

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

*બેશક ! અલ્લાહ તમને આદેશ આપે છે કે અમાનતો જેમની છે તેમને સોંપી દો,[૬૨] અને એ કે જ્યારે તમે લોકોમાં ફૈંસલો કરો તો ન્યાય સહિત ફૈંસલો કરો,[૬૩] બેશક ! અલ્લાહ તમને કેટલી સરસ નસીહત કરે છે, બેશક ! અલ્લાહ સાંભળે, જુઓ છે (૫૮) હે ઈમાનવાળાઓ ! હુકમ માનો અલ્લાહનો, અને હુકમ માનો રસૂલનો,[૬૪] અને તેમનો જેઓ તમારામાં હુકૂમતવાળા છે[૬૫] પછી જો તમારામાં કોઈ વાતનો ઝગડો ઉત્પન્ન થાય તો તેને રજૂ કરો અલ્લાહ અને રસૂલ સમક્ષ, જો અલ્લાહ અને ક્યામત પર ઈમાન ધરાવતા હોવ (તો)[૬૬] આ ઉત્તમ છે, અને એનુ પરિણામ સર્વોત્તમ (૫૯) શું તમે તેમને ન જોયા ? જેમનો દાવો છે કે તેઓ ઈમાન લાવ્યા તેના પર જે તમારી તરફ ઉતર્યું, અને તેમના પર જે તમારાથી પહેલાં ઉતર્યું. પછી ઈચ્છે છે કે શયતાનને પોતાનો પંચ બનાવે. અને તેમને તો હુકમ એ હતો કે એને મુદ્લ ન માને. અને ઈબ્લીસ એ ઈચ્છે છે કે તેમને દૂર ભટકાવી દે[૬૭] (૬૦) અને જ્યારે તેમને કહેવામાં આવે કે અલ્લાહની ઉતારેલી કિતાબ અને રસૂલ પ્રતિ આવો*

اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰۤى اَهْلِهَا ۙ وَ اِذَا
حَكَمْتُمْ بَيْنَ النَّاسِ اَنْ تَحْكُمُوْا بِالْعَدْلِ ؕ اِنَّ اللّٰهَ نِعِمَّا
يَعِظُكُمْ بِهٖ ؕ اِنَّ اللّٰهَ كَانَ سَمِيْعًۢا بَصِيْرًا ﴿۵۸﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْۤا اَطِيْعُوا اللّٰهَ وَ اَطِيْعُوا الرَّسُوْلَ وَ اُولِي الْاَمْرِ
مِنْكُمْ ۚ فَاِنْ تَنَازَعْتُمْ فِيْ شَيْءٍ فَرُدُّوْهُ اِلَى اللّٰهِ وَ
الرَّسُوْلِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ ؕ ذٰلِكَ
خَيْرٌ وَّ اَحْسَنُ تَاْوِيْلًا ﴿۵۹﴾ اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ يَزْعُمُوْنَ
اَنَّهُمْ اٰمَنُوْا بِمَاۤ اُنْزِلَ اِلَيْكَ وَ مَاۤ اُنْزِلَ مِنْ قَبْلِكَ
يُرِيْدُوْنَ اَنْ يَّتَحَاكَمُوْۤا اِلَى الطَّاغُوْتِ وَ قَدْ اُمِرُوْۤا اَنْ
يَّكْفُرُوْا بِهٖ ؕ وَ يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّضِلَّهُمْ ضَلٰلًۢا
بَعِيْدًا ﴿۶۰﴾ وَ اِذَا قِيْلَ لَهُمْ تَعَالَوْا اِلٰى مَاۤ اَنْزَلَ اللّٰهُ وَ اِلَى
الرَّسُوْلِ رَاَيْتَ الْمُنٰفِقِيْنَ يَصُدُّوْنَ عَنْكَ صُدُوْدًا ﴿۶۱﴾
فَكَيْفَ اِذَاۤ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ثُمَّ
جَآءُوْكَ يَحْلِفُوْنَ ۖۗ بِاللّٰهِ اِنْ اَرَدْنَاۤ اِلَّاۤ اِحْسَانًا وَّ
تَوْفِيْقًا ﴿۶۲﴾ اُولٰٓىِٕكَ الَّذِيْنَ يَعْلَمُ اللّٰهُ مَا فِيْ قُلُوْبِهِمْ ۗ
فَاَعْرِضْ عَنْهُمْ وَ عِظْهُمْ وَ قُلْ لَّهُمْ فِيْۤ اَنْفُسِهِمْ قَوْلًۢا
بَلِيْغًا ﴿۶۳﴾

*તો તમે જોશો કે મુનાફિકો તમારાથી મોઢું ફેરવીને ફરી જાય છે (૬૧) કેવી થશે જ્યારે તેમના પર કોઈ આફત પડે,[૯૯] બદલો તેનો જે તેમના હાથોએ આગળ મોકલ્યું,[૯૯] પછી હે મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય, અલ્લાહની કસમ ખાતા, કે અમારો ધ્યેય તો ભલાઈ અને મેળાપ જ હતો[૧૦૦] (૬૨) એમના દિલોની તો વાત અલ્લાહ જાણે છે, તો તમે એમનાથી આંખ આડા કાન કરી લો, અને એમને સમજાવી દો, અને એમના વિષયમાં એમની (બુદ્ધિને) પહોંચતી વાત કરો[૧૦૧] (૬૩)*

## :: સમજૂતી ::

**૯૨** : અમાનતો ધરાવનારાઓને અને હાકેમોને હુકમ કરવામાં આવ્યો કે અમાનતો જેમની હોય તેમને ઈમાનદારીથી સુપરત કરી દે, અને ફેંસલાઓમાં ન્યાય તોળે. કેટલાક તફસીરકારોનું કહેવું છે કે અલ્લાહે ફર્ઝ કરેલી વસ્તુઓ પણ તેની અમાનતો છે, તેને અદા કરવાનું પણ આ હુકમમાં દાખલ છે.

**૯૩** : બન્નો પક્ષોમાંથી કોઈની પણ તરફેણ ન હોય. ઉલમા કહે છે કે હાકેમે પાંચ વાતોમાં ઉભય પક્ષે સમકક્ષ વર્તન કરવું જોઈએ (૧) પોતાની સમક્ષ હાજર થવામાં, એકને જે રીતે અવસર આપે તે રીતે બીજાને પણ તક આપે (૨) બેઠક, બન્નેને સમકક્ષ આપે (૩) બન્નેની તરફ સરખું ધ્યાન આપે (૪) વાત સાંભળવામાં બન્નેની સાથે સરખી રીતનો ઉપયોગ કરે (૫) ફેંસલો આપવામાં સત્યની તરફેણ કરે, જેનો બીજા પર હક્ક્ હોય તે સંપૂર્ણતઃ અપાવે. હદીષ શરીફમાં છે કે **ન્યાય કરનારાઓને ખુદાની નજીકમાં નૂરના મિમ્બર (બેઠકો) આપવામાં આવશે.**

**શાને નુઝૂલ** : અમુક તફસીરવેત્તાઓએ આ આયતના શાને નુઝૂલમાં આ બનાવ ટાંક્યો છે કે, મક્કા જીતાયું તે દિવસે હુઝૂર ﷺએ કા'બા શરીફના તે સમયના ખાદિમ ઉષ્માન બિન તલ્હા પાસેથી કા'બા શરીફની કૂંચીઓ લઈ લીધી. પછી જ્યારે આ આયત ઉતરી ત્યારે આપે તે કૂંચીઓ તેમને પરત કરી દીધી, અને ફર્માવ્યું કે, "આ ચાવીઓ હવે હમેશાં તમારા વંશમાં રહેશે." એ સાંભળીને ઉષ્માન બિન તલ્હા હજમીએ ઈસ્લામ સ્વીકાર્યો.

જો કે ઘણા મુહદ્દિષોએ થોડા ઘણા ફેરફાર સહિત આ બનાવનું વર્ણન કર્યું છે, પણ હદીષો પર દ્રષ્ટિપાત કરવાથી એ શ્રદ્ધાપાત્ર જણાતું નથી, કારણ કે ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મુન્દહ અને ઈબ્ને અસીરની રિવાયતોથી ફલિત થાય છે કે ઉસ્માન બિન તલ્હા ૮ હિ.સ. માં મદીના શરીફમાં હાજર થઈને ઈસ્લામથી પાવન થઈ ચૂક્યા હતા. અને મક્કાના વિજય દિને તેમણે પોતાની સ્વેચ્છાએ ચાવીઓ રજૂ કરી હતી. બુખારી અને મુસ્લિમની રિવાયતોથી આમ જ ફલિત થાય છે.

**૯૪** : કારણ કે રસૂલનો હુકમ માનવો એ અલ્લાહનો હુકમ માનવો છે, બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે, સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, "જેણે મારો હુકમ માન્યો તેણે અલ્લાહનો હુકમ માન્યો, અને જેણે મારી આજ્ઞાનું પાલન ન કર્યું તેણે અલ્લાહના આદેશનું ઉલ્લંઘન કર્યું."

**૯૫** : તે હદીષમાં જ હુઝૂર ફર્માવે છે, "જેણે અમીર (સરદાર)ની તાબેદારી કરી તેણે મારી તાબેદારી કરી. અને જેણે અમીરનું કહ્યું ન માન્યું તેણે મારૂં કહ્યું ન માન્યું," આ આયતથી સાબિત થયું કે મુસ્લિમ સરદારો અને હાકિમોની તાબેદારી વાજિબ છે જ્યાં સુધી કે તેઓ સત્ય અનુસાર રહે, અને જો

હક્ક઼ વિરૂદ્ધ આદેશ આપે તો તેમની તાબેદારી કરવાની નથી.

**૯૬** : આ આયતથી જણાયું કે હુકમો ત્રણ પ્રકારના છે, એક તે જે જાહેર કિતાબ એટલે કે કુર્આનથી સાબિત થાય. એક તે જે જાહેર રીતે હદીષથી પુરવાર થાય. અને એક તે જે કુર્આન અને હદીષ પ્રતિ કિયાસ (મનન કરી હુકમ તારવવો) ની રીતે રજૂ થવાથી ફલિત થાય. "ઉલિલ અમ્ર" માં ઈમામ, અમીર, બાદશાહ, હાકિમ, કાઝી બધા જ સમાવિષ્ટ છે. "ખિલાફતે કામિલહ" તો નુબુવ્વતના સમય પછી ત્રીસ વર્ષો સુધી રહી, પણ "ખિલાફતે નાકિસહ" (અપૂર્ણ ખિલાફત) ખિલાફતે અબ્બાસિયહમાં પણ હતી. અને હવે તો ઈમામત પણ અસ્તિત્વમાં નથી. કારણ કે ઈમામ માટે કુરેશમાંથી હોવું શર્ત છે, અને એ વાત ઘણી જગ્યાઓએ નથી, પરંતુ સલ્તનત અને અમારત હજુ બાકી છે, અને સુલતાન તથા અમીર પણ "ઉલિલ અમ્ર"માં ગણાય છે, જેથી આપણા પર તેમની તાબેદારી જરૂરી છે.

**૯૭ શાને નુઝૂલ** : બશર નામના એક મુનાફિક઼ને એક યહૂદી સાથે ઝગડો હતો, યહૂદીએ કહ્યું, "ચાલો સૈયદે આલમ ﷺ પાસે ફૈંસલો કરાવી લઈએ."

મુનાફિકે વિચાર્યું કે, હુઝૂર તો શેહશરમ વગર સત્ય ફૈંસલો જ આપશે, જેથી એનો હેતુ નહીં સરે, તેથી તેણે ઈમાનનો દાવેદાર હોવા છતાં કહ્યું,

"નહીં, આપણે કઅબ બિન અશરફ યહૂદીને પંચ નિમીએ."

કુર્આને કરીમમાં જે શબ્દ "તાગૂત" વપરાયો છે તેનો મતલબ એ કઅબ બિન અશરફ યહૂદી પાસે ફૈંસલા માટે જવાનો છે. યહૂદી જાણતો હતો કે કઅબ તો લાંચખાઉં છે, તેથી તેનો સહધર્મી હોવા છતાં તેને પંચ તરીકે સ્વીકાર્યો નહીં. મુનાફિક઼ને ન છૂટકે ફૈંસલો કરાવવા સૈયદે આલમ ﷺ પાસે હાજર થવું પડયું. હુઝૂરે જે ફૈંસલો આપ્યો તે યહૂદી તરફે હતો. અહીં ફૈંસલો સાંભળ્યા પછી મુનાફિક઼ યહૂદીની પાછળ પડયો, અને તેને લાચાર કરીને હઝરત ઉમર رضی اللہ عنہ પાસે લાવ્યો, યહૂદીએ હઝરત ઉમરને કહ્યું,

"અમારો ફૈંસલો તો સૈયદે આમલ ﷺએ કરી નાખ્યો છે, પરંતુ આ હુઝૂરના ફૈંસલાથી સંતુષ્ઠ નથી, તેથી આપના પાસેથી ફૈંસલો ઈચ્છે છે."

હઝરત ઉમરે કહ્યું, "હા ! હમણા જ આવીને હું એનો ફૈંસલો કરૂં છું."

એટલું કહીને આપ ઘરમાં પધારી ગયા, અને તલવાર લાવીને મુનાફિક઼ને ક઼ત્લ કરી દીધો, અને કહ્યું "જે અલ્લાહ અને રસૂલના ફૈંસલાથી રાજી ન થાય તેનો મારી પાસે આવો જ ફૈંસલો છે."

**૯૮** : જેનાથી ભાગી છૂટવાનો કે બચવાનો કોઈ માર્ગ ન હોય, જેવી આફત બશર મુનાફિક઼ પર આવી કે તેને હઝરત ઉમર رضی اللہ عنہએ ક઼ત્લ કરી નાખ્યો.

**૯૯** : કુફ્ર, નિફાક઼ અને નાફરમાની, જેમ કે બશર મુનાફિકે હુઝૂર ﷺના ફૈંસલાનો અસ્વીકાર કરીને કર્યો.

**૧૦૦** : અને તેમનાં બહાનાં અને પસ્તાવો કંઈ કામ ન આવે, જેમ કે બશર મુનાફિક઼ ન માર્યા ગયા પછી તેના વાલી વારસો તેના ખૂનનો બદલો માગવા આવ્યા, અને અયોગ્ય બહાનાં અને વાતો બનાવવા લાગ્યા (પણ) અલ્લાહ તઆલાએ તેના ખૂનનો બદલો ન અપાવ્યો, કારણ કે તે મારી નાખવા લાયક (જ) હતો.

**૧૦૧** : જે તેમના હૃદયોમાં અસર કરી જાય.

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

*હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ મસ્જિદમાં આવે તો કહી આપે, ઈલાહી ! મારા માટે રહમતના દરવાજા ખોલી આપ. અને જ્યારે નીકળે તો કહી આપે, હે ખુદા ! હું તારાથી તારો ફઝ્લ માગુ છું૧. (મુસ્લિમ)*

**૧.** અબૂ દાઊદ વગેરેની રિવાયતમાં છે કે મસ્જિદમાં પગ રાખતી વખતે આ પ્રમાણે કહે : بِسۡمِ اللّٰہِ وَالسَّلَامُ عَلٰی رَسُوۡلِ اللّٰہِ પછી એ દુઆ પઢી લે. યાદ રાખશો કે મુસલમાન મસ્જિદમાં કેવળ ઈબાદતના માટે આવે છે અને મોટાભાગે રોજીની તલાશ માટે મસ્જિદથી નીકળે છે. જેથી આવતી વખતે રહમત અને જતી વખતે ફઝ્લ માગવું બેહતર છે. *(મિર્કાત વગેરે)*

*હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ મસ્જિદમાં આવે તો બેસવાથી પહેલાં બે રકાતો પઢી લે૧. (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ નફલ તહિય્યતુલ મસ્જિદ છે જે મસ્જિદમાં પ્રવેશતી વખતે પઢવામાં આવે છે જ્યારે કે મકરૂહ સમય ન હોય. જેથી ફજર તથા મગરિબના સિવાય બાકી નમાઝોમાં આ નફલો પઢવા મુસ્તહબ છે. યાદ રાખશો કે આ હુકમ આમ મસ્જિદોના માટે છે, મસ્જિદે હરામમાં નફલને બદલે તવાફ બેહતર છે અને આ હુકમ ગૈર ખતીબના માટે છે. ખતીબ જુમ્આના દિવસે મસ્જિદમાં આવતાં જ ખુત્બો પઢશે.

*હઝરત કઅબ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلم જ્યારે પણ સફરથી પરત થતા તો દિવસમાં ચાશતના સમયે જ તશરીફ લાવતા. જ્યારે આવતા તો મસ્જિદથી શરૂઆત કરતા, ત્યાં બે રકાતો પઢતા પછી ત્યાં જ કેટલાક સમય બેસતા૧. (મુસ્લિમ, બુખારી)*

**૧.** આ હદીષથી ત્રણ મસ્અલા માલૂમ પડયા. એક એ કે સફરથી ઘરે પરત દિવસના આવવું જોઈએ, પણ એ તે જમાનાના માટે હતું જ્યારે મુસાફિર પોતાના આગમનની ખબર પહેલેથી આપી શકતો ન હતો. હવે કેમ કે તાર તથા પત્ર (બલ્કે હવે ફોનથી) ખબર પહેલાંથી પહોંચાડી શકાય છે, એટલા માટે રાતમાં આવવામાં કોઈ વાંધો નથી. ઘરવાળાં એની રાહ જોતાં રહેશે અને એના માટે તૈયાર રહેશે. બીજુ એ કે ઘર પહોંચીને પ્રથમ મસ્જિદમાં આવે અને ત્યાં નફલે કુદૂમ પઢે જો મકરૂહ સમય ન હોય, નહીં તો ત્યાં કેવળ થોડીવાર બેસી લે. ત્રીજુ એ કે ઘરમાં આવવાથી પહેલાં મસ્જિદમાં થોડોક સમય બેસે અને લોકો સાથે ત્યાં જ મુલાકાત કરે.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ મસ્જિદમાં ગુમ થયેલ ચીજ શોધતાં સાંભળે[1] તો કહી દે, ખુદા તને તે ચીજ પરત ન આપે, કે મસ્જિદો એટલા માટે નથી બની[2]. (મુસ્લિમ)*

**૧.** બૂમો પાડીને, શોર મચાવીને જેનાથી નમાઝીઓની નમાઝમાં ખલેલ પડે. કેમ કે ખામોશીથી ગુમ થયેલ ચીજ મસ્જિદમાંથી શોધી લેવી મના નથી, જેવું કે હદીષના હેતુ પરથી જાહેર છે.

**૨.** એટલે કે મસ્જિદો દુનિયવી વાતો કરવા, શોર મચાવવા માટે નથી બની. એ તો નમાઝ, તથા અલ્લાહના ઝિક્ર માટે બની છે બેહતર એ છે કે એ શોર મચાવનારને સંભળાવીને કહેવામાં આવે જેથી તે એનાથી દૂર થઈ જાય. આ પરથી જાણવા મળ્યું કે મસ્જિદમાં ભીખ માગવી, અન્ય પ્રકારની દુનિયવી વાતો કરવી મના છે, બલ્કે અમુક ઉલમા ફર્માવે છે કે મસ્જિદમાં ભીખ માગનારને ખૈરાત ન આપો કે એ ગુનાહ પર મદદ છે. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ જે નમાઝની હાલતમાં સાઈલને વીંટી ખૈરાત કરી તે સાઈલ લગભગ મસ્જિદથી બહાર હશે અથવા આપ મસ્જિદને બદલે કોઈ અન્ય જગાએ નમાઝ પઢતા હશે. યાદ રાખશો કે નિકાહ, દીની વઅઝ, નઅતખ્વાની, ક઼ાઝીએ ઈસ્લામના ફૈસલા આ સર્વ ચીજો દીની છે જેથી મસ્જિદમાં જાઈઝ છે. એના વિશે હદીષો આવેલી છે. અલ્બત્ત જમાઅતના સમયે જ્યારે પ્રથમ જમાઅત થઈ રહી હોય ત્યારે એ કામો ન કરવામાં આવે જેથી નમાઝમાં દખલ ન થાય, એને બાદમાં કરવામાં આવે.

*હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે આ દુર્ગંધમય ઝાડથી કાંઈ ખાય તો અમારી મસ્જિદની નજીક ન આવે[1] કેમ કે ફરિશ્તાઓ પણ એનાથી તકલીફ પામે છે જેનાથી માણસ તકલીફ પામે છે[2]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે જે કાચો પ્યાજ અથવા કાચુ લસણ ખાય તો જ્યાં સુધી મોઢેથી બૂ આવતી હોય ત્યાં સુધી કોઈ મસ્જિદમાં ન આવે. જેથી હુક્કો (બીડી, સિગરેટ) પીને, કાચી મૂળી અથવા ગંદના (લસણ જેવી શાકભાજી) ખાયને પણ ન આવે. તેમજ જેનાં કપડાં કે મોંથી દુર્ગંધ જાહેર થાય તે મસ્જિદમાં ન આવે, ગંદા મોંનો હુકમ પણ આ જ છે. યાદ રાખશો કે સર્વ દુનિયાની મસ્જિદો હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمની છે, જેથી مَسْجِدُنَا એટલે અમારી મસ્જિદ ફર્માવવું દુરુસ્ત છે. એનાથી કેવળ મસ્જિદે નબવી મુરાદ નથી જેવું કે આગલા લખાણથી જાહેર છે. અમુક રિવાયતોમાં مَسْجِدُنَاને બદલે اَلْمَسَاجِدُ છે.

**૨.** એટલે કે જો મસ્જિદ માણસોથી ખાલી પણ હોય તો પણ ત્યાં દુર્ગંધ લઈને ન જાય, કેમ કે ત્યાં રહમતના ફરિશ્તા દરેક સમયે રહે છે તેઓ એની દુર્ગંધથી તકલીફ પામશે. યાદ રાખશો કે મસ્જિદના ફરિશ્તા રહમતના ફરિશ્તા છે, તેમની તબીઅત નાઝુક અને તેમનો એહતેરામ વધારે છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે ફરિશ્તા તો દરેક માણસની સાથે દરેક સમયે રહે છે તો જોઈએ કે કદી એ ચીજો ન ખાય, કેમ કે અલ્લાહ તઆલાએ સાથી ફરિશ્તાઓની તબીઅત અલગ પ્રકારની બનાવી છે. ઉલમા ફર્માવે છે કે મુસલમાનોના કોઈ મજમામાં દુર્ગંધમય મોં તથા કપડાં લઈને ન જાય કે જેથી લોકોને તકલીફ ન થાય.

# અસ્રારુલ અવલિયા

હશ્ત બહિશ્ત

મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

હપ્તો ૧૨

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(છઠ્ઠો વિભાગ)*

## ★ કુર્આન શરીફની તિલાવતની ફઝીલત ★

શયખ બુરહાનુદ્દીન હાંસવી, શયખ બદરુદ્દીન ગઝનવી તથા અઝીઝ ખિદમતમાં હાજર હતા. ફર્માવ્યું કે, હે દુરવેશ ! કુર્આન શરીફની તિલાવત તમામ ઈબાદતોથી અફઝલ છે અને દુનિયા તથા આખેરતમાં એના દરજા મળે છે. કેમ કે કુર્આન શરીફ પઢવા કરતાં વધીને કોઈ ઈબાદત નથી એટલા માટે લોકોએ જોઈએ કે એવી નેઅમતથી ગાફિલ ન થાય અને પોતાની જાતને એનાથી મહેરૂમ ન રાખે.

પછી ફર્માવ્યું કે કુર્આન શરીફ પઢવાથી ઘણા બધા ફાયદા છે. **પ્રથમ તો આંખની રોશની વધે છે** એટલે દુ:ખતી નથી. બીજુ કે દરેક **અક્ષર (હર્ફ)ના બદલામાં હજાર વરસની ઈબાદતનો સવાબ** તેના આમાલનામામાં લખવામાં આવે છે. અને એટલા જ પ્રમાણમાં **ગુનાહો તેના આમાલનામાંથી કાઢી નાખવામાં આવે છે.**

પછી ફર્માવ્યું કે જે શખ્સ દોસ્તથી કલામ (વાત) કરવા ચાહે તે કલામુલ્લાહમાં મશગૂલ થાય. પછી ફર્માવ્યું કે નેક બખ્ત બંદો તે છે જે દોસ્ત સાથે હમકલામ થાય. દોસ્ત સાથે હમ કલામની સઆદત કુર્આન શરીફની તિલાવતથી હાંસલ થાય છે. અને દરરોજ સિત્તેરવાર દરેક ઈન્સાનના દિલમાં એ નિદા થાય છે કે **જો તને અમારી આરઝૂ છે તો સર્વ કામો છોડીને કુર્આન શરીફની તિલાવત કર.**

પછી ફર્માવ્યું કે લોકોને મોટાભાગે હુઝૂરી તથા મુશાહેદાની નેઅમત કુર્આનની તિલાવતના સમયે હાંસલ થાય છે. એટલા માટે જે રહસ્યો આલમમાં છે તે કુર્આન શરીફ પઢતી વખતે માણસ પર જાહેર થાય છે. અને દરેક હર્ફ તથા અર્થોમાં જ્યારે વિચારણા કરે છે તો તેના પર કલમનું રહસ્ય જાહેર થાય છે. અને જો આયતે મુશાહેદા અને આયતે રહ્‌મત પર પહોંચે છે તો મુશાહેદાના દરિયામાં ડૂબી જાય છે અને લાખો નેઅમતો હાંસલ કરે છે. અને જ્યારે અઝાબની આયત પર પહોંચીને ચિંતન વિચારણા કરે છે તો અલ્લાહ તઆલાના ડરથી એ રીતે પીગળે છે જેવી રીતે પ્યાલીમાં સોનુ પીગળે છે.

## ★ તિલાવત વખતે બુઝુર્ગોની હાલત ★

પછી ફર્માવ્યું કે શયખ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہ કુર્આન શરીફની તિલાવત કરતી વખતે કોઈ ધમકી (વઈદ)ની આયત પર પહોંચતા તો છાતી પર હાથ મારીને બેહોશ થઈ જતા. જ્યારે હોશમાં આવતા તો પછી કુર્આન શરીફ પઢવામાં મશગૂલ થઈ જતા. આ રીતે દિવસભરમાં છ હજારવાર બેહોશ થઈ જતા. અને જો કોઈ આયતે

મુશાહેદા પર પહોંચતા તો મુસ્કુરાઈને બેઠા થઈ જતા અને મુશાહેદાના આલમમાં ડૂબી જતા, અને એક દિવસ રાત એવા મુતહૈયિર રહેતા કે પોતાના વિશે તદન ખબર ન રહેતી.

### ★ હાફિઝે કુર્આનની ફઝીલત ★

પછી ફર્માવ્યું કે કલામ મજીદનો હાફિઝ મૃત્યુ પામે છે તો તેની રૂહ નૂરી કંદીલમાં રાખીને અર્શની પાસે લઈ જાય છે અને દરરોજ તેના પર હજારવાર અન્વારે તજલ્લી કરવામાં આવે છે.

પછી ફર્માવ્યું કે કયામતના દિવસે કલામ મજીદના હાફિઝને ફર્માન થશે કે જન્નતમાં જાવ ! અને એના પર અલગથી તજલ્લી થશે. જેમ કે કહે છે કે કયામતના દિવસે જન્નતમાં તમામ અંબિયા علیہم السلام અને તમામ અવલિયા رحمۃ اللہ علیہم اجمعین પર એકવાર તજલ્લી થશે અને અમીરુલ મો'મિનીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પર અલગથી એકવાર તજલ્લી થશે એ તેમની ફઝીલતના સબબે થશે.

પછી ફર્માવ્યું કે કયામતના દિવસે જ્યારે આશિકોને મકામે તજલ્લામાં લાવવામાં આવશે તો હુકમ થશે, આંખો ખોલો ! દરેક આશિકને સામે લાવીને અલગ અલગ તેમના પર નૂરે હક્કની તજલ્લી થશે અને સાત સાત હજાર વરસો સુધી તેઓ બેહોશ પડેલા રહેશે. જ્યારે હોશમાં આવશે તો هل من مزيدનો શોર ખડો કરશે, ફરી તજલ્લી થશે. આ રીતે ૭૦ વખત થશે પછી પોતાના સ્થાને પરત આવશે. જ્યારે શૈખુલ ઈસ્લામે આ વાત પૂરી કરી તો નારો માર્યો અને બેહોશ થઈ ગયા, અને બેહોશીના આલમમાં જ આ રુબાઈ ઝબાન મુબારક પર જારી થઈ ગઈ :–

از بهر رخ مبتلاے باشم　　اندر غم عشق در بلاے باشم
وا زیاد جمال تو چنان مدهوشم　　کز خود خبرے نیست کجاے باشم

"તારા રૂએ અન્વરની મહોબ્બતમાં ગિરફતાર છું. તારા ઈશ્કના ગમે મને આઝમાઈશમાં નાખેલો છે. તારા હુસ્નની યાદમાં એવો મદહોશ છું કે મને મારી ખબર નથી કે હું પોતે ક્યાં છું."

જ્યારે હોશમાં આવ્યા તો ફર્માવ્યું, શયખે અજલ શિરાઝી رحمۃ اللہ علیہથી બગદાદમાં મેં સાંભળ્યું કે તે વર્ણવી રહ્યા હતા કે એકવાર હું તથા શયખ સૈફુદ્દીન બાખરઝી رحمۃ اللہ علیہ બુખારાથી સફરના ઈરાદે નીકળ્યા. **એક શહેરમાં પહોંચ્યાં જ્યાં અહલે સુન્નત વ જમાઅતના લોકો રહેતા હતા. અમે જોયું કે પુરૂષ, સ્ત્રી, બાળકો તથા બાળકીઓ કોઈ પણ એવું ન હતું જે કલામે પાકની તિલાવતમાં મશ્ગૂલ ન હોય, અને કદી કલામે પાકની તિલાવતથી ગાફેલ ન થતા.** એ શહેરની બહાર એક ગુફામાં શયખ શમ્સુલ આરિફીન رحمۃ اللہ علیہના મુરીદોમાંથી એક દુરવેશ રહેતા હતા અને એ જ પ્રમાણે કુર્આને પાકની તિલાવતમાં મશગૂલ રહેતા. જ્યારે અમે એમનાથી મુસાફો કર્યો તો અમને કહ્યું, બેસી જાવ ! અમે બેસી ગયા. અને ખુદ કલામુલ્લાહ શરીફમાં રહ્યા. જ્યારે પણ તે દુરવેશ વઈદ (ધમકી)ની આયત પર પહોંચતા તો નારો મારતા અને ગબડી પડતા અને એ રીતે તડપવા લાગતા જેવી રીતે પાણી વિના માછલી તડપે છે. પછી બેઠા થતા અને એ જ પ્રમાણે તિલાવતમાં મશગૂલ થઈ જતા. જ્યારે પણ રહ્મત તથા બશારતની આયત પઢતા તો ચોધાર આંસુએ રડતા અને કહેતા કે આ રહ્મત તથા બશારતની આયતો તો તેમના માટે છે જેઓ નેક અમલો ધરાવે છે ! મારી પાસે તો રજમાત્ર નેક અમલ નથી કે જેના પર ખુશ થઈ શકું. આવું કહેતા પછી રડવા લાગતા અને લોકોની તરફ મોં કરીને ફર્માવતા, **હે અઝીઝ ! જો તમે જાણતા કે દરેક હર્ફ તથા આયતમાં શું હુકમ થયો છે તો તમારા અંગોએથી તમારી ચામડી ખરી પડતી !** અને એકદમ ઓગળી જતા અને ખૌફે ખુદાવંદીથી ફના થઈ જતા. ફર્માવ્યું, હે દુરવેશ ! આજે સાઈઠ વરસો થવા આવ્યાં હું કુર્આને પાકની તિલાવતમાં મશગૂલ છું અને મારો હાલ એ જ રીતનો છે કે જેવો તમે જોયો.

હઝરત અક્દસ (ફરીદ ગંજશકર) رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, એકવાર એક આરિફ બિલ્લાહ જેઓ કલામુલ્લાહના હાફિઝ હતા તેમનો વિસાલ થયો. વિસાલ બાદ લોકોએ તેમને ખ્વાબમાં જોયા અને સવાલ કર્યો કે ખુદાવંદે તઆલા ﷻએ આપની સાથે કેવો વર્તાવ કર્યો ? જવાબ આપ્યો કે તે જ કર્યું જે ખુદાના ખાદિમો સાથે કરવામાં આવે છે. પછી પૂછવામાં આવ્યું કે આપને કબ્રમાં છોડી દેવામાં આવ્યા કે આલમે બાલાની તરફ લઈ જવામાં આવ્યા ? ફર્માવ્યું, કાલિબ (શરીર) સહિત મને અર્શની નીચે લઈ ગયા અને કલામુલ્લાહના હાફિઝોના મકામ પર જગા એનાયત ફર્માવી. હવે હું ત્યાં જ રહું છું.

## ★ તિલાવતની અદબ તથા સાંભળવા પર ઈનામ ★

સુલ્તાન મઅઝુદીન મુહમ્મદ શાહ رحمۃ اللہ علیہના ઈન્તેકાલ પછી લોકોએ તેમને ખ્વાબમાં જોયા અને પૂછયું, તમારો શો હાલ છે ? ફર્માવ્યું, મને અલ્લાહ તઆલાએ બખ્શી દીધો. પૂછયું, કયા અમલના કારણે ? જવાબ આપ્યો, એક રાતે હું તખ્ત પર બેઠેલો હતો મારા પડોશમાંથી કુર્આને પાકની તિલાવતનો અવાજ આવ્યો, તો હું તરત જ ઉઠીને તખ્તથી નીચે ઉતરી પડયો અને અદબથી પગોવાળીને (કાઈદા જેમ) બેસી ગયો અને કાનને કુર્આન શરીફ તિલવાત પ્રતિ લગાડી દીધા. એ તિલાવતે પાકથી મારા દિલમાં રિક્કત (ધ્રુજારી) તથા રાહત પેદા થઈ. જ્યારે મેં દુનિયાથી સફર કર્યો તો આલમે બરઝખમાં મને કલામે પાકને સાંભળવાના કામમાં મશગૂલ કરી દેવામાં આવ્યો. અને એ નેક કામના લીધે મારી મગફિરત ફર્માવી દેવામાં આવી.

ફર્માવ્યું, કલામુલ્લાહ શરીફને પઢતી વખતે કેટલાય પ્રકારના લોકોને બખ્શી દેવામાં આવે છે. પ્રથમ : કુર્આને પાકના **પઢાવનારા** જેઓ કુર્આને પાકની તા'લીમ આપે છે. બીજા : કુર્આને પાકને **પઢનારા.** ત્રીજા : **સાંભળનારા.** ચોથા : પડોશીઓ કે જેઓ તિલાવતના અવાજને દિલોજાનથી સાંભળે છે.

*[(**નોંધ** : હે અવલિયા અલ્લાહને દિલો જાનથી ચાહવાનો દાવો કરનારાઓ ! હે "ગૌષ કા દામન, ખ્વાજા કા દામન, નહીં છોળેંગે !"ના નારાઓ મારનારાઓ ! ઉપરોક્ત લખાણ ફરીથી દિલની ગહરાઈથી વાંચો અને તમારી જાતને પ્રશ્ન કરો કે ૨૪ કલાક દિવસમાં કે ૧૨ મહિનાઓમાં તમે કુર્આનને કેટલા વખત ખોલો છો ? કેટલી તિલાવત કરો છો ? તિલાવત કરો છો પણ ખરા ?! અને તેના અર્થો ભાવાર્થોને કેટલા વખતે તમે સમજવાની કોશિશ કરી ? તમારા ઘરનું તમારા સમાજનું નિરીક્ષણ કરો. શું કુર્આને પાકની તિલાવત ઘરે ઘરે થાય છે ? જો થાય છે તો કેટલા લોકો કુર્આન શું કહે છે તેને સમજવા પ્રયત્ન કરે છે ? આપણા નવયુવાનો, યુવતીઓ, વડીલો શું કરી રહ્યા છો ? છે તિલાવતથી કોઈને મહોબ્બત ? આપણા બુઝુર્ગો તો કુર્આનની તિલાવત પઢતી વેળા રડતા, બેહોશ થઈ જતા અને બશારત સાંભળીને પણ રડતા કે અમારા અમલ કયાં આ બશારતને લાયક છે ? આ આજીજી તેમની હતી અને તમે કયા ઘમંડ કે ભરમમાં ગુનાહોની જિંદગી જીવી રહ્યા છો ?! **સૌની પાસે મોબાઈલ પાછળ કલાકો વીતાવવાનો ટાઈમ છે પણ વરસમાં એકવાર બલ્કે રમઝાનમાં પણ કુર્આનને જોવાની ફુરસદ નથી** ! અરે ફુરસદ તો છે પણ **દિલમાં કુર્આન જોવાની ચાહત જ નથી !** તો પછી આપણી હાલત જો દુનિયામાં જાનવરો જેમ હડધૂત થતી ન થાય તો બીજુ શું થાય ?! વિચારો ! દિલથી વિચારો અને તૌબા કરીને કુર્આનને પઢવા તથા સમજવા સમય કાઢો અને ગુનાહોથી તૌબા કરીને સાચા આશિકે અવલિયા બનો ! અલ્લાહ આપણને સૌને તેના પ્યારા હબીબ ﷺના સદકામાં અવલિયાએ કિરામના નકશે કદમ પર ચાલવાની તૌફીક બખ્શે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)]*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## સોગનું બયાન

જનાબ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે **જે ઓરત અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખતી હોય તેને માટે હલાલ નથી કે તે કોઈ મય્યત પર ત્રણ રાતોથી વધારે વખત સોગ પાળે પરંતુ શોહરની મય્યત પર ચાર મહિના દસ દિવસનો સોગ પાળે.** (સહીહૈન વગેરે) અને ફર્માવ્યું કે કોઈ ઓરત કોઈ મય્યત પર ત્રણ દિવસથી વધારે સોગ ન કરે પરંતુ શોહર પર ચાર મહિના દસ દિવસ સોગ કરે અને રંગીન કપડું ન પહેરે, પરંતુ તે કપડું બનાવતા પહેલાં એનું સુતર અલગ અલગ બાંધીને રંગવામાં આવે છે, સૂરમો ન લગાવે, ખુશ્બૂ ન લગાડે પરંતુ જ્યારે હૈઝથી પાક થઈ જાય તો થોડુ ઉદ (એક પ્રકારની કાળી લાકડી જેને સળગાવવાથી ઉમદા પ્રકારની ખુશ્બૂ આવે છે) નો ઉપયોગ કરી શકે છે અને મહેંદી ન લગાડે. *(અબૂ દાઊદ વગેરે)* **સોગનો અર્થ** એ છે કે શણગાર તજી દે અર્થાત દરેક પ્રકારનાં સોના ચાંદીના ઘરેણાં તેમજ દરેક પ્રકારના રંગીન રેશની કપડાં ન પહેરે તથા શરીર તેમજ કપડાં ઉપર ખુશ્બૂ ન લગાડે અને તેલ ન લગાડે ભલે તે સુગંધ વગરનું હોય (જેમ કે ઝૈતૂનનું તેલ). કાંસકી ન કરે, કાળો સૂરમો ન લગાડે, એ જ રીતે સફેદ ખુશ્બૂદાર સૂરમો લગાડવો, મહેંદી લગાડવી અને જાફરાન તથા કેસર અને ગેરૂથી રંગેલું તેમજ લીલા રંગનું કપડું પહેરવું મના છે. આ બધી વસ્તુઓ છોડવી **વાજિબ** છે. એ રીતે ગુલાબી રંગ, ચંપા કલરના રંગ (પીળાશ પડતો) તથા અન્ય રંગીન ચીજો જેનાથી સજાવટ (શણગાર) માલમ પડતી હોય તે તમામને છોડી દેવી.

*(જોહરા, હિંદિયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જે કપડાનો રંગ જૂનો થઈ ગયો હોય અને એનું પહેરવું શણગાર ન માલૂમ પડતું હોય તો એને પહેરી શકે છે. એ રીતે કાળા રંગનું કપડું પહેરવામાં કોઈ વાંધો નથી પણ તે રેશમી ન હોવું જોઈએ. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : કોઈ કારણસર એ ચીજોનો ઉપયોગ કરી શકે છે પરંતુ શણગાર (સજાવટ)ના ઈરાદાથી એનો ઉપયોગ ન કરેલો હોવો જોઈએ. જેમ કે માથાના દર્દને કારણે તેલ લગાડી શકે છે. આંખના દર્દ માટે સૂરમો ત્યારે જ લગાડી શકાય છે જ્યારે કે સફેદથી કામ ચાલતું હોય. રાત્રે લગાડવું કાફી (પૂરતું) હોય તો દિવસે ન લગાડે. આટલા પર કયાસ કરી લો. *(હિંદિયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : સોગ અકલમંદ બાલિગ અને મુસલમાન ઔરત પર છે. **મોત** અને **તલાકે બાઈન**ની ઈદ્દતમાં હોય (તેને માટે છે).

**મસ્અલા** : શોહરથી નામર્દીને કારણે કે શિશ્ન કપાય જવાને કારણે જુદાઈ થવા પામી તો એની ઈદ્દતમાં પણ સોગ વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલા** : કોઈ નજીકના રિશ્તેદારના મૃત્યુ પર ઔરત ત્રણ દિવસનો સોગ પાળી શકે છે, એનાથી વધારે જાઈઝ નથી. જો ઔરત શોહરવાળી હોય તો શોહર એનાથી (ત્રણ દિવસના સોગથી)

પણ રોકી શકે છે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : કોઈના મૃત્યુના ગમમાં કાળુ કપડુ પહેરવું જાઈઝ નથી. પરંતુ ઓરતના પોતાના શોહરના મૃત્યુના ગમને કારણે કાળુ કપડુ પહેરવું જાઈઝ છે અને જો કાળુ કપડુ ગમ જાહેર કરવા માટે ન હોય તો બિલ્કુલ જાઈઝ છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જે ઓરત ઈદ્દતમાં હોય તેની સમક્ષ જાહેરી રીતે નિકાહનો પયગામ આપવો **હરામ** છે. જો ફાસિદ નિકાહ યા **ઈત્ક** (આઝાદી)ની ઈદ્દતમાં હોય પરંતુ મોતની ઈદ્દતમાં હોય તો ઈશારતન કહી શકે છે. તલાકે રજઈ કે તલાકે બાઈન યા નિકાહની ફસ્ખ થયા હોય તેની ઈદ્દતમાં ઈશારતન પણ કહી શકાશે નહીં. **સંભોગ**ની આશંકા કે ફાસિદ નિકાહની ઈદ્દતમાં ઈશારતન કહી શકાય છે. ઈશારતન કહેવાનો પ્રકાર એ છે કે મૌખિક રીતે એમ કહે કે હું નિકાહ કરવા ઈચ્છુ છું પરંતુ એવું ન કહે કે તારાથી (નિકાહ કરવા ઈચ્છુ છું) નહીંતર શરાહતન (ખુલ્લો પયગામ) કહેવાશે. અથવા એમ કહે કે હું આવા પ્રકારની ઓરત સાથે નિકાહ કરવા ઈચ્છુ છું અને જે પ્રકારની વાતો એના (એ ઓરત)માં હોય તેનું વર્ણન કરે યા એમ કહે કે મને તારા જેવી ક્યાં મળશે ? *(દુર્રે મુખ્તાર, હિંદિયા)*

**મસ્અલા** : જે ઓરત તલાકે રજઈ યા તલાકે બાઈનની ઈદ્દતમાં હોય, યા મહેર માફ કરી તલાક લીધેલ હોય કે અન્ય કોઈ કારણસર અલગ થયાની ઈદ્દતમાં હોય તેણે ઘરથી બહાર નીકળવું જાઈઝ નથી જ્યારે કે તે અકલમંદ બાલિગ મુસલમાન હોય, નાબાલિગ છોકરી તલાકે રજઈની ઈદ્દતમાં ઈજાઝત વગર પણ બહાર જઈ શકે છે. હા ! જો ટૂંક સમયમાં બાલિગ (બાલિગ થવાની નજદીક) થવાની હોય તો ઈજાઝત વગર જઈ શકતી નથી. *(હિંદીયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ફાસિદ નિકાહની ઈદ્દતમાં ઘરથી બહાર નીકળી શકે છે પણ શોહર તેને રોકી શકે છે.

*(હિંદિયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જો ભાડાના મકાનમાં રહેતી હતી તો પણ મકાન બદલવાની ઈજાઝત નથી. ઈદ્દતના સમયના ભાડાની જવાબદારી શોહરના શિરે છે અને જો શોહર હાજર ન હોય અને ઓરત પોતે ભાડુ ચૂકવી શકતી હોય તો પણ એ જ મકાનમાં રહે.

*(રદ્દલ્ મુહ્તાર)*

**મસ્અલા** : મૌતની ઈદ્દતમાં જો બહાર જવાની જરૂર પડે એટલા માટે કે ઔરત પાસે ગુજરાન માટેનો સામાન નથી અને બહાર જઈ મહેનત મજૂરી કરી કામ ચલાવવાનું હોય તો તેને બહાર જવાની ઈજાઝત છે. દિવસે તથા રાતના થોડાક ભાગમાં બહાર જાય. રાતનો મોટો ભાગ પોતાના ઘરમાં જ પસાર કરે. જરૂરિયાતથી વધારે બહાર રોકાવાની ઈજાઝત નથી અને કામ ચલાવવા માટેનો ખર્ચ પૂરતો હોય તો બહાર નીકળવું બિલકુલ મના છે અને ખર્ચ પૂરતો હોય પરંતુ બહાર ન જશે તો નુકસાન થશે, જેમ કે ખેતીની કોઈ દેખભાળ કરનાર ન હોય અને બીજું કોઈ એવું નથી કે તેને એ કામ પર નિયુક્ત કરી શકાય તો એને માટે જઈ શકે છે. પરંતુ રાત્રી દરમિયાન એણે ઘરમાં જ રહેવું પડશે. એ રીતે અન્ય કોઈ ખરીદી કરી લાવનાર ન હોય તો તેને માટે પણ બહાર જઈ શકે છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : મૌત કે જુદાઈ વખતે જે મકાનમાં ઓરત રહેતી હતી તે મકાનમાં ઈદ્દત પૂરી કરે અને આગળ જે કહેવામાં આવ્યું છે કે ઘરની બહાર જઈ શકતી નથી તે ઘરનો મતલબ એ જ ઘર છે. એ ઘરને છોડીને બીજા ઘરમાં રહી શકતી નથી. અલબત્ત, જો કોઈ મજબૂરી હોય તો એને બદલી શકે છે.

**મસ્અલા** : જો ઓરત પિયરમાં ગઈ હતી યા તો કોઈ અન્ય કારણસર બીજી કોઈ જગ્યાએ ગઈ હતી તેવામાં જો શોહરે તલાક આપી યા શોહરનું મૃત્યુ થયું તો જરા પણ રોકાયા વગર તાત્કાલિક પાછુ ફરવું. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : તલાકે બાઈનની ઈદ્દતમાં જરૂરી છે કે શોહર અને ઓરત વચ્ચે પડદો હોય એટલે કે કોઈ વસ્તુની આડ કરી દેવામાં આવે જેની એક તરફ શોહર અને બીજી તરફ ઓરત રહે. ઓરતનું એની સામે (શોહર સામે) શરીર છુપાવવું પૂરતું નથી. એટલા માટે કે હવે તે ઓરત પરાઈ થઈ ચૂકી છે અને પરાઈ ઓરત સાથે એકાંતવાસ જાઈઝ નથી. બલ્કે અહીં ફિત્નો થવાનો ભય વધારે છે. જો મકાન ખૂબ સાંકડું હોય કે જેમ બન્ને અલગ અલગ રહી શકે એમ ન હોય તો એટલા દિવસો માટે શોહરે મકાન છોડી દેવું. એવું ન કરે કે ઓરતને બીજા મકાનમાં મોકલી આપે અને પોતે એ મકાનમાં રહે એટલા માટે ઓરતને જરૂરત વગર મકાન બદલવાની ઈજાજત નથી અને જો શોહર ફાસિક હોય તો એને એ મકાનમાંથી અલગ કરી દેવાનો હુકમ કરવામાં આવે અને જો એ મકાનમાંથી ન નીકળે તો એ મકાનમાં બીજી કોઈ વિશ્વાસુ ઓરતને રાખવામાં આવે જે ફિત્નાને રોકી શકે અને જો તલાકે રજઈની ઈદ્દતમાં હોય તો પડદાની કોઈ જરૂરત નથી, ભલે શોહર ફાસિક હોય તો પણ.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : ત્રણ તલાકની ઈદ્દત માટેનો પણ એ જ હુકમ છે જે તલાકે બાઈનની ઈદ્દત માટે છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : તલાકે રજઈની ઈદ્દત માટે પણ તે હુકમ છે જે તલાકે બાઈનની ઈદ્દત માટે છે પરંતુ તલાકે રજઈની ઈદ્દતમાં સોગ નથી. જો સફરમાં રજઈ તલાક દેવામાં આવી તો શોહર સાથે રહે અને બીજી કોઈ લાંબી સફર તરફ જવાનું હોય તો જઈ શકતી નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

પેજ 46 નું ચાલુ..

અલગ પ્રોગ્રામ, તે જ પ્રમાણે ધાર્મિક તા'લીમ ધરાવનારા અને આધુનિક શિક્ષણ ધરાવનારા લોકો માટે અલગ અલગ તરીક઼ો અને વિવિધ દલીલો છે. વિશ્વની જુદી જુદી ભાષાઓમાં ઘણા બધા મેગેઝિન નીકળે છે, તે જ પ્રમાણે દરેક દેશમાં એક કેન્દ્રિય ક઼ાદયાની સેન્ટર છે. હવે સવાલ એ છે કે આ લોકો માટે મોટી મોટી રકમો ક્યાંથી આવે છે. એ તો તમે જાણી જ લીધું કે દુનિયામાં ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ યહૂદી, ઈસાઈ તથા મુશ્રિકો સતત લાગેલા છે. ભારત અને ભારત બહાર ઈસ્લામ વિરોધી દળોની મોટી મોટી સંસ્થાઓ ચાલી રહી છે, જેમની પાસે અઢળક રૂપિયા છે. દા.ત. ઈઝરાઈલ, અમેરિકા અને ઈંગ્લેન્ડ વગેરે દેશો છે જ્યાં વૈશ્વિક સ્તરે મુસ્લિમો વિરુદ્ધ સાઝિશો રચવામાં આવી રહી છે અને અમલમાં લાવવામાં આવતી રહે છે. અલ્લાહ તબારક વ તઆલા આ બધા ઈસ્લામ દુશ્મનોને હક્ક઼ સમજવા, હક્ક઼ બોલવા અને હક્ક઼ પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

અંતમાં અમે મુસ્લિમ જગતને વિનંતિ કરીએ છીએ કે જહાલતના અંધારામાંથી નીકળી ઈલ્મ હાંસલ કરો અને શરઈ જવાબદારી પૂરી કરો આધુનિક શિક્ષણ પણ મહત્વનું છે, પરંતુ દરેક સ્ત્રી, પુરૂષ પર દીની તા'લીમ મેળવવી પણ જરૂરી છે. આ દુનિયા થોડા દિવસની છે, મૃત્યુ બાદ અસલ જિંદગીની શરૂઆત થાય છે, આપણે દિલ લગાડીને એની તૈયારી કરવી જોઈએ. અલ્લાહ તબારક વ તઆલા આપણને સૌને પોતાની હિફાઝતમાં રાખે. (આમીન)

*(માહનામા અશરફિયા–મુબારકપુર, મે–૨૦૧૯)*

# ફુતૂહુલ ગયબ

એટલે..... ગયબને જાહેર કરવું

## ગૌષપાક رضی اللہ عنہ ના વાઅઝોનો સંગ્રહ

**હપ્તો : ૦૩**

❑ શરહકર્તા ❑

શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ

❑ ઉર્દૂ અનુવાદક ❑

મૌલાના ઝહૂર અહમદ જીલાની-પાક.

❑ ગુજરાતી અનુવાદક ❑

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*"સુલ્તાનુલ્ અવલિયા ગૌષપાક સરકારે બગદાદ શયખ અબ્દુલક઼ાદિર જીલાની رضی اللہ عنہ ની નૂરાની વઅઝોનો સંગ્રહ અત્રે રજૂ થઈ રહેલ છે. આપની વાણીમાં એવી રૂહાની અસર હતી કે હજારો કાફિરો આપના વઅઝોમાં કુફ્રથી તૌબા કરી ઈમાન લઈ આવતા હતા અને અસંખ્ય ગુનેહગારો તૌબા કરી ઈસ્લામના શરીઅતના તાબેદાર બની જતા હતા. તો આપણે પણ એ નિય્યતથી એને વાંચીએ કે આપણને પણ ખૌફે ખુદા સાથે નેક જિંદગી નસીબ થાય અને આપણી દુનિયા તથા આખેરત બંનેવ સંવરી જાય."*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ મો'મિનના બંદાની કૈફિયત વિશે ★

**વઅઝ નં. ૩ :** હઝરત ફર્માવે છે કે બંદાને જ્યારે કોઈ મોટી મુસીબતમાં સપડાવીને અજમાવવામાં આવે છે તો તે તેનાથી છૂટકારા માટે પ્રથમ પોતાની હિંમત તથા શક્તિ વાપરે[૧] છે. જો એ રીતે છૂટકારો ન પામી શકે તો અન્ય લોકો દા.ત. સુલ્તાનો તથા શરીફ તથા ઈજ્જતવાળા દુનિયાદાર તથા સત્તાવાળા લોકોથી મદદ માગે છે. અને જો એ ઝરીયાથી પણ તે રંજ તથા બલાથી છૂટકારો ન મેળવી શકે, તો પછી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહ તરફ વળે છે, દુઆઓ માગે છે, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં રૂદન કાકલૂદી કરે છે અને તેના લુત્ફો કરમની સિફતો વર્ણવીને તારીફો કરે છે.[૨] આદમની ઔલાદનો એ જ તરીક઼ો છે કે જ્યાં સુધી પોતે મુક઼ાબલો કરી શકે છે ત્યાં સુધી બીજાઓના દરવાજા પર નથી જતો અને તેમની તરફ ધ્યાનિત નથી થતો, અને જ્યાં સુધી મખ્લૂક઼ની મદદ મળતી રહે ત્યાં સુધી ખાલિક઼ની બારગાહથી દૂર રહે છે.[૩]

અને જ્યારે તે અલ્લાહ તઆલાની તરફથી મદદ નથી[૪] પામતો તો તેની બારગાહમાં સવાલ તથા દુઆ તથા આજીજી અને ષના તથા તારીફ કરતાં કરતાં ઝુકી જાય છે. અને ક઼હરે ખુદાવંદીથી ભયભીત હોવાની સાથોસાથ ખુદાના ફઝ્લો કરમનો ઉમ્મીદવાર પણ રહે છે. પછી અલ્લાહ તઆલા તેને દુઆ કરવાથી આજિઝ કરી દે છે[૫] તેની દુઆને ક઼બૂલિયતનો શરફ નથી બખ્શતો, ત્યાં સુધી કે તે તમામ સબબોથી કટ થઈને રહી જાય છે. તો એ સમયે[૬] બંદાના બારામાં અલ્લાહ તઆલાનો હુકમ અને ક઼ઝા તથા ક઼દર લાગુ થાય છે અને તક઼દીર એના પર પોતાનું કામ કરે છે તો બંદો સર્વ હરકતો, તદબીરો તથા સંબંધોથી ફાની થઈ જાય છે[૭] અને બંદો કેવળ રૂહની સૂરતમાં બાક઼ી રહી જાય છે.[૮]

તે ખુદાના અહકામ સિવાય કાંઈ નથી જોતો[૯] બેક઼રારીની રીતે યક઼ીનવાળો તથા મુવહ્હિદ (એક ખુદામાં માનનાર) બની જાય છે.[૧૦] અને તે પાક઼ા યક઼ીન સાથે જાણી લે છે કે મૌજૂદાતમાં અલ્લાહના સિવાય કોઈ ખાલિક઼ તથા હક઼ીક઼ી તસર્રુફવાળો નથી. હરકત તથા સુકૂનનો ખાલિક઼, ભલાઈ તથા બુરાઈ, નફા તથા નુકસાનનો માલિક તે

જ છે. અને એ પણ જાણી લે છે કે અર્પણ કરવું કે ન કરવું, ખોલવું તથા બંધ કરવું, મૌત તથા જિંદગી, ઈજ્જત તથા ઝિલ્લત અને તવંગરી તથા મોહતાજી તેની કુદરતમાં છે અને તેના જ કાર્યથી સંબંધિત છે.

તો એ વખતે બંદો કઝા તથા કદરના આ મકામ પર પહોંચીને એવો બની જાય છે. જેમ કે દૂધ પીતુ બાળક[૧૨] દાયણના હાથમાં અથવા ગુસલ આપનારના હાથમાં મૈયત[૧૩] અને ખેલાડીની સામે ઘુમતો દડો હોય[૧૪] છે કે તે તેને એક હાલતથી બીજી હાલત પર, એક સ્થિતિથી બીજી સ્થિતિમાં અને એક કાર્યથી બીજા કાર્યની તરફ ફેરવતો જાય છે અને તે પોતાના તથા ગૈરના હક્કમાં કોઈ પ્રકારની હરકત પર કુદરત નથી હોતી.

એ જ પ્રમાણે બંદો પણ પોતાની જાતથી પોતાના મૌલાના અફઆલમાં (કાર્યોમાં) ગુમ થઈ જાય છે કે તે ખુદાની જાતના સિવાય કોઈને નથી જોતો.[૧૫] અને ગૈરે ખુદાથી ન સાંભળે છે ન સમજે છે. જો જુએ છે તો તેની કુદરતની નજરથી[૧૬] જો સાંભળે તથા જાણે છે તો તેના કલામ તથા ઈલ્મથી[૧૭] તેની નેઅમતથી સરફરાઝ, તેની નિકટતા (કુર્બ)થી નસીબવંત અને નજીક કરવાથી મુર્શરફ થઈ જાય છે.

દુનિયા તથા આખેરતમાં તેની ખુશખબરીથી ખુશ ખુશાલ થઈ જાય છે અને સુકૂન પામે છે તેના ઝિક્ર તથા વાયદાથી બલ્કે તેની જાતથી ઈત્મિનાન પામે છે અને તેની વાતથી હુંફ પામે છે. ગૈરથી ગભરાહટ અનુભવે છે અને નફરત કરે છે. તેના જ ઝિક્ર તરફ વળેલો તથા આકર્ષિત રહીને તેની જાત પર ભરોસો તથા તવક્કુલ[૧૮] કરે છે. તેના મઅરેફતના નૂર વડે હિદાયત પામે છે અને મઅરેફતના પહેરણને શરીર પર પહેરે છે.[૧૯] અલ્લાહ તઆલાના દુર્લભ તથા અજીબ ઈલ્મો પર વાકેફિયત હાંસલ કરે છે. કુદરતનાં રહસ્યોથી માહિતગાર થાય છે, તેનાથી સાંભળે છે અને યાદ રાખે છે અને આ ભરપુર નેઅમતો પર શુક્ર અદા કરે છે અને હમ્દો ષનામાં મશગૂલ રહે છે.[૨૦]"

૦૧. અને પોતાના તરફથી એ મુસીબતને દૂર કરવા તથા તેનાથી છૂટકારો પામવા માટે યુક્તિ પ્રયુક્તિઓ કરે છે.

૦૨. અલ્લાહ તઆલાના વખાણ કરવાં એ પણ ઈન્ડાયરેકટલી સવાલ તથા દુઆ તથા ઈમદાદ માટેનો એક તરીકો છે.

૦૩. એટલે કે આ કલામમાં માણસના હાલની શિકાયત તથા તેની જેહાલત તથા નાદાનીની તરફ નિર્દેશ છે. કેમ કે તેની પાસે ઈલ્મ તથા મઅરેફતની દોલત હોત તો શરૂથી જ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતની તરફ રુજૂઅ કરત.

૦૪. કે અલ્લાહ તઆલા તેના તરફ રજૂઅમાં મોડુ કરવાના કારણે સજા રૂપે ઈમદાદ રોકી લે છે અથવા કોઈ મસ્લેહતના હેઠળ માણસને સબબો તથા સંબંધોથી કટ કરી આપે છે, જેવું કે આગળ આવી રહ્યું છે.

૦૫. અથવા લાચાર પામે છે કેમ કે એઅ્જાઝનો અર્થ આજિઝ કરવું પણ છે. અને આજિઝ પામવું પણ છે.

૦૬. જ્યારે સબબો નજરથી ઉતરી જાય છે અલ્લાહ સિવાય દરેક ચીજથી કટ થઈ જાય છે.

૦૭. અથવા ફાની કરી દેવામાં આવે છે. યફની તથા યુફના, મઅરૂફ તથા મજહૂલ બંને રીતે દુરુસ્ત છે.

૦૮. એનાથી માનવ સહજ ગુણો લોભ લાલચ તથા ઈચ્છાઓ નીકળી જાય છે અને રૂહની ખાસિયતો આવી જાય છે. દા.ત. ખાવા, પીવા, ઊંઘ તથા અન્ય શારીરિક હરકતો નથી રહેતી અને તેનો લગાવ ઝિક્રે ખુદાની સાથે થઈ થાય છે અને મહસૂસાતથી હુંફ તથા સુકૂન વગેરે શારીરિક તથા માનવ સહજ ગુણો દૂર થઈ જાય છે. તેમના સ્થાને તેના વિરોધાભાસી ગુણો રૂહાનિયત તથા મલકિયત (ફરિશ્તાયમ ગુણો) સ્થાન જમાવે છે. બંદો રૂહો તથા ફરિશ્તાઓથી મુલાકાત કરે છે અને ફયઝોના શ્રોત અલ્લાહ તઆલાથી જોડાય જાય છે.

૦૯. એટલે કે જ્યારે અંતર (દિલ)ની સફાઈ અને દિલની નૂરાનિયત પેદા થઈ જાય અને કાર્યોની હકીકત જાહેર થઈ જાય તો બંદો અલ્લાહનાં કાર્યો સિવાય કાંઈ નથી જોતો.

૧૦. એટલે કે જો નજર તથા ચિંતનથી પણ ફાઈલે હકીકી તથા મોઅષ્ષિરે હકીકીની (રબ તઆલાની) પહેચાન થઈ શકે છે કે

તે વાજિબુલ વજૂદ તથા ક઼ાદિરે મુત્લક઼ જાત છે પણ આ સ્થળે નજર તથા ચિંતન, ઈખ્તિયાર વિના હિદાયત તથા વિજદાનના તરીક઼ાથી અલ્લાહ તઆલાની મઅરેફત હાંસલ કરી લે છે. બંદાની શક્તિની એમાં દખલ નથી, કેમ કે જે કાંઈ બંદા થકી બહાર પડી રહ્યું છે તે અલ્લાહની જ તરફથી છે : ثَبِّتِ الْجِدَارَ ثُمَّ انْقَشْ કે પહેલાં દીવાલ ઉભી કરો પછી નકશીકામ કરો. چیزِ کے و جود او بخود نیست ہستش نہاد از فرد نیست "જે ચીજનું આસ્તિત્વ જ આપણુ ન હોય તો તેના તરફથી અસ્તિત્વનો દાવો કરવો એ શાણપણ નથી. હા ! કોઈ કામનો કર્તા બનવાના એતબારથી બંદાને દખલ છે કે અલ્લાહ તઆલા પોતાના ઈરાદા તથા ઈખ્તિયારથી જે ફેઅલ ચાહે તેમાં પેદા કરી શકે છે." دست ترا دست ہمہ آستیں

૧૧. ચાહે બંદાના કાર્યો હોય કે બીજી ચીજ, સૌનો સર્જનહાર (ખાલિક઼) અને હક઼ીક઼ી તસર્રુફ કરનાર તે જ છે. જો કે આલમે મજાઝની રિઆયત કરીને જાહેરી રીતે સબબોની તરફ નિસ્બત કરી દેવામાં આવે છે.

૧૨. કે એ બાળકની તદબીર તથા ઈખ્તિયાર અને નજર તથા ચિંતનની પોતાના મામલાઓમાં કોઈ દખલ નથી હોતી.

૧૩. કે ગુસલ આપનાર મૈયતને જે પાસાએ સૂવાડે તે સૂઈ રહે છે. આ મર્તબો દૂધ પીતા બાળકના મર્તબાથી વધીને છે. કેમ કે બાળકને જો તકલીફ પહોંચે અથવા ભૂખ કે તરસ લાગે તો તે ચીસો પાડે છે, પોતાની મા સાથે લપેટાય જાય છે, જો કે તેને કોઈ ઈખ્તિયાર હાંસલ નથી, તેમ છતાં તે હલન ચલન તો કરી શકે છે. જ્યારે કે મુડદુ હરકત નથી કરી શકતું અને ન તો તેને ઈલ્મ કે સમજ હોય છે.

૧૪. આમાં પહેલાં બે દષ્ટાંતો કરતાં અતિશયોક્તિ છે, કેમ કે દડો પેદાઈશના એતબારથી નિર્જીવ છે અને તેનામાં ઈલ્મ તથા ઈખ્તિયારની ક્ષમતા જ નથી, બલ્કે તેના વહેમ કે ગુમાનને સ્થાન જ નથી.

૧૫. **તૌહીદે શહૂદી તથા તૌહીદે વજૂદી** : તૌહીદે અફઆલી એ જ છે. સલફ તથા અહલે તમ્કીન (મર્તબાવાળા) મશાઈખના કલામમાં આ તૌહીદના સિવાય કોઈ અન્ય બાજુ નિર્દેશ નથી મળતો. જેના પર તૌહીદ ગલ્બો કરે તો તેની શહૂદની નજરમાં હક઼્ક઼ (રબ) સિવાયનું મૌજૂદ નથી રહેતું. اَللّٰهُ وَلَا سِوَاهُ ના અર્થથી આ હક઼ીક઼ત સાબિત થઈ જાય છે. આ અર્થ શહૂદી તૌહીદમાં છે ન કે વજૂદી તૌહીદમાં, જેવું અમુક મશાઈખના કલામમાં આવેલ છે : رفت او زمیاں ہمچنیں خدا ماند خدا - اَلْفَقْرُ اِذَا تَمَّ هُوَ اللهُ ایں نیست "બંદો દરમિયાનથી ઉઠી ગયો, બસ ખુદા જ ખુદા રહી ગયો." આ ક઼ૌલ કે "ફક઼્ર જ્યારે સંપૂર્ણ થઈ જાય છે તો એ ખુદા છે" નો આ જ અર્થ છે.

૧૬. શંકા તથા અસમંજસનો શબ્દ اِن લાવીને એ વાતની તરફ નિર્દેશ કરી આપ્યો કે શક્ય છે કે બંદો મુત્લક઼ મજઝૂબ તથા હોશ વિનાનો થઈ જાય અને જોવા, સાંભળવા તથા સમજવાથી પર થઈ જાય.

૧૭. મુતકલ્લિમના અર્થમાં. આ કલામ તેનું પેદા કરેલ છે. આ માલૂમ (જાણકારી) તેનું સર્જન કરેલ છે. અને પોતાની શ્રવણ (સાંભળવાની) શક્તિ તથા બસર (જોવાની શક્તિ)ને તેના તરફથી જાણે છે. આ સિફતોની ફનાનો મક઼ામ નફલોના ક઼ુર્બનો મર્તબો છે અને મુહક્કિક઼ોની દષ્ટિએ اَنَا الْحَقُّ તે જ શહૂદથી નાશી અને તે જ મક઼ામ પર બિરાજેલ છે.

૧૮. અને પોતાના મામલા તેને સુપ્રત કરી દે છે.

૧૯. એટલે કે જ્યારે મઅરેફતનું નૂર ચમકે છે તો બંદાની સર્વ આદતો તથા ઈબાદતો અલ્લાહ તઆલાની મરજી તથા હુકમ મુજબ હોય છે. જેમ કે હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે હું એ સમય સુધી ખાતો પીતો નથી જ્યાં સુધી મને એવું ન કહેવામાં આવે, અબ્દુલ ક઼ાદિર ! મારા હક્ક઼ના કારણે જે તારા પર છે ખાવ તથા પીઓ. અને લિબાસ પહેરવાના બારામાં હુકમ થાય છે કે હે અબ્દુલ ક઼ાદિર ! મારા હક્ક઼ના કારણે જે કાંઈ તારા પર છે એક દીનાર ગજવાળુ કપડુ પહેરો. અને હું ત્યાં સુધી વાત નથી કરતો ત્યાં સુધી કે મને હુકમ થાય છે, હે અબ્દુલ ક઼ાદિર ! મારા હક્ક઼ના કારણે જે તમારા પર છે વાત કરો, તમારી વાત સાંભળવામાં આવશે.

૨૦. આ એ વાતની તરફ નિર્દેશ છે કે બંદગીના કાર્યની હદ શુક્ર તથા દુઆ છે કે જે અધિક નેઅમત, ક઼ાયમની રાહત તથા સારી આખેરતનો સબબ છે.

*(ક્રમશઃ)*

## તઝકેરતુલ અવલિયા
# હઝરત બિશ્ર હાફીના رحمۃ اللہ علیہ
## હાલાત તથા ખૂબીઓ
### હપ્તો ૩૧

આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર હઝરત અલી જુર્જાની કોઈ ઝરણાની પાસે ઉભેલા હતા અને હું પણ તેમની સામે પહોંચી ગયો તો આપ મને જોઈને એવું કહેતાં ભાગી નીકળ્યા કે મને માણસની શક્લ નજર આવી ગઈ જેના કારણે હું ગુનાહમાં સપડાઈ ગયો. પરંતું હું પણ દોડતો દોડતો તેમની પાસે પહોંચ્યો અને અર્ઝ કરી કે મને કોઈ નસીહત કરો. તો આપે કહ્યું કે **ફકીરીને ગુપ્ત રાખીને સબ્રને અપનાવો** અને **નફસની ખ્વાહિશોને કાઢીને ફેંકી દો** અને **પોતાના મકાનને કબ્રથી પણ અધિક ખાલી રાખો કે જેથી ત્યજી દેવાનો રંજ ન થાય.**

એક કાફલો હજની નિય્યતથી રવાના થવા લાગ્યો તો કાફલાવાળાઓએ આપને પણ પોતાની સાથે ચાલવાની વિનંતિ કરી પણ આપે ત્રણ શર્તો પેશ કરી દીધી. પ્રથમ એ કે કોઈ શખ્સ પોતાની સાથે તોશો (માર્ગનુ ભાથુ) ન લે. બીજુ કોઈની પાસે કદી માગણી ન કરે. ત્રીજુ જો કોઈ કાંઈ પેશ પણ કરે તો પણ કબૂલ ન કરે. આ સાંભળીને કાફલાવાળાઓએ અર્ઝ કરી કે પ્રથમ બે શર્તો તો અમને મંઝૂર છે પણ ત્રીજી શર્ત સ્વીકાર પાત્ર નથી. આપે ફર્માવ્યું કે તવક્કુલ હાજીઓના સફરનો તોશો છે. અને જો તમે એ ઈરાદો કરી લેતા કે કોઈનાથી કાંઈ ન લઈશું તો ખુદા પર તવક્કુલ પણ થઈ જાત અને વિલાયતનો દરજો પણ પ્રાપ્ત થઈ જાત.

આપ ફર્માવે છે કે એક દિવસે હું મારા મકાન પર પહોંચ્યો તો જોયું કે એક સાહબ મારી રાહ જોઈ રહ્યા છે અને મારા એ સવાલ પર કે ઈજાઝત વિના તમે મકાનમાં કેમ દાખલ થયા ? ફર્માવ્યું કે હું ખિઝર છું. જેથી મેં અર્ઝ કરી કે તો પછી મારા માટે દુઆ ફર્માવી દો. તો આપે કહ્યું કે, અલ્લાહ મારા માટે ઈબાદતને આસાન કરી દે અને તારી ઈબાદતને તારાથી પણ છુપી રાખે.

કોઈએ આપને અર્ઝ કરી કે મારી પાસે એક હજાર દિરહમ છે અને હું હજની ઈચ્છા ધરાવું છું. આપે ફર્માવ્યું કે એ રકમ કોઈ કરજદારના કરજમાં આપી દો, અથવા યતીમો કે મુફલિસ બાળ બચ્ચાંવાળામાં વહેંચી દો તો તમને હજ કરતાં પણ વધુ સવાબ મળશે. પરંતું તેણે કહ્યું કે મને હજની ખૂબ જ ખ્વાહિશ છે. ફર્માવ્યું કે કદાચ તેં નાજાઈઝ તરીકાથી એ રકમ હાંસલ કરી છે એટલા માટે તું વધારે સવાબનો ખ્વાહિશમંદ નથી.

એક દિવસે આપે કબ્રસ્તાનમાં મુડદાંઓને લડતાં જોઈને અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે આ રાઝ મને પણ માલૂમ થઈ જાય. અને જ્યારે મેં એ મુડદાંઓને પૂછયું તો તેમણે કહ્યું કે **એક અઠવાડિયા પહેલાં કોઈ શખ્સે સૂરએ ઈખ્લાસ પઢીને એનો સવાબ અમને બખ્શી આપ્યો હતો, અને આજે પૂરા એક અઠવાડિયાથી અમો તેની વહેંચણીમાં વ્યસ્ત છીએ પણ હજી સુધી તે ખત્મ નથી થયું.**

આપ ફર્માવ્યા કરતા હતા કે હું એકવાર ખ્વાબમાં હુઝૂર ﷺની ઝિયારતથી મુશર્રફ થયો તો હુઝૂર ﷺએ પૂછયું કે હે બિશ્ર ! શું તને ઈલ્મ છે કે તારા દૌરના બુઝુર્ગો કરતાં તારો દરજો શા માટે બુલંદ કરવામાં આવ્યો છે ? મેં અર્ઝ કરી કે મને તો ખબર નથી. ફર્માવ્યું કે તેં સુન્નતના પાબંદ રહીને બુઝુર્ગોની તાઝીમ કરી અને મુસલમાનોને રાહે હક્ક દેખાડતો રહ્યો અને મારા સહાબા તથા અહલે બયતને તેં હમેશાં મેહબૂબ રાખ્યા. એટલા માટે અલ્લાહ તઆલાએ તને આ મર્તબો અતા કર્યો. પછી ફરીવાર જ્યારે હુઝૂર ﷺની ઝિયારતથી મુશર્રફ થયો તો અર્ઝ કરી કે મને કોઈ નસીહત ફર્માવી દો, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે અમીરો સવાબ પામવા માટે ફકીરોની જે ખિદમત કરે છે તે તો પસંદીદા છે, પરંતું એનાથી અધિક અફઝલ એ છે કે ફકીરો કદી અમીરો સામે તલબ માટેનો હાથ ન લંબાવે, બલ્કે ખુદા તઆલા પર સંપૂર્ણ ભરોસો રાખે.

**ઈર્શાદો** : આપ મોટાભાગે એવું ફર્માવ્યા કરતા કે

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

પાણી જ્યાં સુધી વહેતુ રહે છે ત્યાં સુધી સાફ રહે છે અને જ્યારે રોકાય જાય છે તો ડહોળુ અને કીચડ જેવું થઈ જાય છે. ફર્માવ્યું કે જે દુનિયવી ઈજ્જત ચાહે છે તેણે ત્રણ ચીજોથી અલિપ્ત રહેવું જોઈએ. એક મખ્લૂકથી હાજત પ્રદર્શિત કરવી. બીજુ બીજાઓમાં અયબ કાઢવી. ત્રીજુ કોઈના મહેમાનની સાથે જવું. ફર્માવ્યું કે **દુનિયવી નામનાનો આખેરતની લિજ્જતથી વંચિત રહે છે.** ફર્માવ્યું કે કનાઅ (કનાઅતવાળો જે મળે તે થોડામાં રાજી રહેનાર) રહેવાથી કેવળ દુનિયામાં જ ઈજ્જત મળી જતી તો પણ કનાઅત બેહતર હતી. પછી ફર્માવ્યું કે એ ખયાલ કરવો કે લોકો મને બેહતર સમજે એ કેવળ હુબ્બે દુનિયાનો મઝહર (દુનિયાની મહોબ્બતનું ઉગમસ્થાન) છે અને જ્યાં સુધી બંદો નફસની સામે ફૌલાદી દીવાલ સ્થાપિત નથી કરી લેતો ત્યાં સુધી ઈબાદતમાં લિજ્જત તથા મીઠાશ હાંસલ નથી કરી શકતો. ફર્માવ્યું કે આ ત્રણ કામો ઘણા જ મુશ્કેલ છે : પ્રથમ **મુફલિસીમાં સખાવત.** બીજુ **ખૌફમાં સદાકત (સત્ય)** ત્રીજુ **એકાંતમાં તકવો.** ફર્માવ્યું કે **તકવો નામ છે શંકા કુશંકાઓથી પાક થવાનું અને દિલની દરેક સમયે પકડ કરતા રહેવાનું.** ફર્માવ્યું કે અલ્લાહે બંદાને સબ્ર તથા મઅરેફતથી અધિક મહાન ચીજ અન્ય કાંઈ નથી અતા કરી. અને મઅરેફતવાળા જ ખુદાના ખાસ બંદાઓ છે અને જે બંદો અલ્લાહની સાથે દિલને સાફ રાખે છે તેને સૂફી કહે છે. અને મઅરેફતવાળા તે છે કે જેમને ખુદા સિવાય ન કોઈ જાણે છે ન ઈજ્જત કરે છે. અને જે શખ્સ આઝાદીની મીઠાશની સાથે મળવા ચાહે તેણે પોતાના ખયાલોને પાકીઝા બનાવવા જોઈએ. અને જે સાચા દિલ સાથે ઈબાદત કરે છે તે લોકોથી ગભરાયેલાં રહે છે. ફર્માવ્યું કે ન તો મને કદી દુનિયાવાળાઓમાં બેસવાનું ગવારા થયું અને ન કદી તેમને મારી સોહબત સારી લાગી.

કોઈએ અર્ઝ કરી કે હું મતવક્કિલ ઈલલ્લાહ છું. ફર્માવ્યું કે જો તું મુતવક્કિલ છે તો ખુદાના હુકમો પર પણ યકીનન રાજી હશે. ઈન્તેકાલના સમયે જ્યારે આપ સખત બેચૈન થયા તો લોકોએ પૂછયું કે શું દુનિયા ત્યજવાનો ગમ છે ? ફર્માવ્યું, નહીં ! બલ્કે બારગાહે ખુદાવંદીમાં જવાનો ડર છે. કોઈ વ્યક્તિએ આપના મૃત્યુ વખતે જ્યારે આપનાથી પોતાની મુફલિસીનું રૂદન રડયું. તો આપે આપનું પહેરણ ઉતારીને તેને આપી દીધું અને ખુદ બીજાનું લઈને પહેરી લીધું.

**ઈન્તેકાલ બાદના હાલાત :** ઈન્તેકાલ પછી કોઈએ ખ્વાબમાં આપને પૂછયું કે શું હાલ છે ? ફર્માવ્યું કે અલ્લાહ તઆલા મારાથી એટલા માટે નારાજ થયો કે તું દુનિયામાં મારાથી આટલો બધો ડરેલો કેમ રહેતો હતો ? અને શું તને મારી કરીમી પર યકીન ન હતું ?! પછી તે જ શખ્સે આગલા દિવસે ખ્વાબમાં જોઈને હાલ પૂછયો તો ફર્માવ્યું કે અલ્લાહે મારી મગફેરત ફર્માવી દીધી અને અલ્લાહ તઆલાએ એ પણ ફર્માવ્યું કે ખૂબ જ સારી રીતે ખા અને પી, એટલા માટે કે તેં દુનિયામાં અમારી યાદના કારણે ન કંઈ ખાધુ ન પીધુ. પછી કોઈ અન્ય શખ્સે ખ્વાબમાં જોઈને જ્યારે હાલ પૂછયો તો ફર્માવ્યું કે મારી બખ્શિશ પણ થઈ ગઈ અને અલ્લાહ તઆલાએ મારા માટે અડધી જન્નત જાઈઝ ઠરાવી દીધી અને એ પણ ઈર્શાદ ફર્માવ્યો કે જો તું આગ પર પણ સજદારેઝી કરતો રહેતો તો પણ એ ચીજનો શુક્રિયા અદા ન કરી શકતો હતો કે અમે લોકોના દિલોમાં તને જગા આપી દીધી. વળી એક અન્ય શખ્સે ખ્વાબમાં જોઈને હાલ પૂછયો તો ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મારી મગફેરત કરીને એવું ફર્માવ્યું કે જ્યારે અમે તને દુનિયાથી ઉઠાવ્યો તો તારાથી અફઝલ કોઈ ન હતો.

**આપનો મકામ :** કોઈ સ્ત્રીએ ઈમામ અહમદ ઈબ્ને હંબલને એ મસ્અલો પૂછયો કે હું **મારી છત પર સૂતર કાંતી રહી હતી એવામાં રસ્તામાં શાહી રોશની પસાર થઈ અને પ્રકાશમાં થોડુક સરખુ સૂતર કાંતી લીધુ. હવે ફર્માવો કે એ સૂતર જાઈઝ છે કે નાજાઈઝ ?** આ સાંભળીને ઈમામ સાહબે ફર્માવ્યું કે તમે કોણ છો ? અને આ પ્રકારનો મસ્અલો કેમ પૂછો છો ? તે સ્ત્રીએ જવાબ આપ્યો કે હું બિશ્ર હાફીની બહેન છું. ઈમામ સાહબે ફર્માવ્યું કે તમારા માટે એ સૂતર જાઈઝ નથી, કેમ કે તમે તકવાવાળાઓના ખાનદાનથી છો, અને તમારે તમારા ભાઈના નકશે કદમ પર ચાલવું જોઈએ ? જેઓ શંકાસ્પદ ખાણા તરફ જો હાથ લંબાવતા તો હાથ પણ તેમનું અનુસરણ કરતો ન હતો.

# હઝરત સૈયદ કબીર અહમદ રિફાઈનો મકામ તથા મર્તબો

સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

*તેરા ખાવરે દરખ્શાં રહે તા અબદ ફિરોઝાં*
*તેરી સુબ્હ નૂર અફશાં કભી શામ તક ન પહૂંચે*

એ હકીકત ધોળા દિવસની જેમ રોશન છે કે દુનિયા કદાપિ નેક, સાલેહ, મુત્તકી, ઈબાદતગુઝાર, શબ ઝિંદાદાર બંદાઓથી ખાલી ન થઈ અને ઈન્શા અલ્લાહ ! ખાલી ન રહેશે. આ ખૂબીઓવાળા અલ્લાહના મુકર્રબ બંદાઓ, ખુદાના આમ બંદાઓને ખુદા વહદહૂ લાશરીકની બારગાહના મોઅદ્દબ તથા મુકર્રબ બનાવવાની સતત કોશિશ કરતા રહે છે. આ ક્રમ અંબિયાએ કિરામથી શરૂ થાય છે અને પછી આ કાયમી નબવી ફયઝાનને ઉલમાએ રાસિખીન, અવલિયાએ કામિલીન, સૂફિયાએ આમિલીન પોતાની યથાશક્તિ આમ કરતા રહે છે. કેમ કે એ હઝરાત અંબિયાએ કિરામના સાચા વારસ અને જાનશીન હોય છે અને એ વરાસત તે જ કમાલવાળાઓના હિસ્સામાં આવે છે જેમને ખલ્લાકે આલમ (અલ્લાહ પાક)એ જાહેરી તથા બાતિની ઈલ્મો વડે પુષ્કળ તથા અઢળક માત્રા ફયઝો તથા કરામતો અતા કરીને મઅરેફત તથા હકીકતના અલંકારો વડે સજજ કર્યા છે. એ જ જલીલુલકદર સમયની અજોડ હસ્તીઓમાંથી એક હસ્તીનું નામ ઈમામે અજલ, કુત્બે અકમલ, ઉસ્તાઝુલ ઉલમા, ઈમામુલ અવલિયા, આરિફ બિલ્લાહ, સુલ્તાનુલ આરિફીન હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ છે. તવારિખ તથા સિયરથી સંબંધિત લોકો સારી રીતે જાણે છે કે શયખ સૈયદ અહમદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہની ગણના અવલિયાએ કામિલીન, સરખીલે અસ્ફિયા, અગવાષો અકતાબ થાય છે.

**આપની વિલાદત :** ૧૫ રજબુલ મુરજ્જબ હિ.સ. ૫૧૨ જુમેરાતે મુસ્તરશદ બિલ્લાહ અબ્બાસીની ખિલાફતના જમાનામાં ઉમ્મે ઓબૈદા સ્થળના હસન નામના એક કસ્બામાં થયો. આ સ્થળ બતાએહમાં વાસ્તા તથા બસરાની વચ્ચે આવેલ છે.

આપે દીનો સુન્નિયતની તે ખિદમતો અંજામ આપી છે જેને ભૂલી જવું આપની મહાન ખિદમતોને ભૂલાવી દેવું છે. વિવિધ ઈલ્મો તથા વિદ્યાઓમાં આપની કિતાબો મૌજૂદ છે. આપને વિવિધ ઈલ્મોમાં નિપૂણતા હાંસલ હતી પણ જે વિદ્યા કલાના થકી આપને ખ્યાતિ મળી તે તસવ્વુફ છે. આ ફનમાં આપની વ્યસ્તતા એટલી વધી કે આપે આ ફનમાં એક વિશિષ્ટ તથા અનોખુ સ્થાન હાંસલ કરી લીધુ. આપના ફઝાઈલ તથા કમાલો અગણિત છે, એ જ કારણે સિયર તથા તવારીખની અસંખ્ય કિતાબોમાં આપનો ઉલ્લેખ ઉચ્ચ સિફતો (ગુણો), ઉમદા ખૂબીઓ, ઉચ્ચ મહાસિન તથા મહામિદની સાથે કરવામાં આવેલ છે. નીચેના લખાણમાં અમુક અહલે ઈલ્મનાં કથનો તથા ફર્માનો નકલ કરવામાં આવી રહ્યાં છે.

**ઈમામે અજલ સૈયદી અબુલ હસન અલી ઈબ્ને યૂસુફ નૂરુલ મિલ્લતે વદ્દીન લખમી શતનૂફી رحمۃ اللہ علیہ બેહજતુલ અસ્રારમાં લખે છે :** હઝરત સૈયદી અહમદ રિફાઈ رضی اللہ عنہ મશાઈખ તથા અકાબિર, આરિફીન તથા અઆઝિમ, મુહક્કિકીન તથા અફસરાને મુકરિબીનના સરદારોમાંથી છે. જેમના મકામો બુલંદ છે. ઊંચી અઝમતવાળા અને મહાન કરામતોવાળા અને રોશન હાલતવાળા અને આપનાં કાર્યો ખારિકે આદત

(કરામતવાળા) અને અન્ફાસ સાચા અજીબ, ફતહ તથા ચમક દેવાવાળા કશ્ફ તથા અતિશય નૂરાની દિલવાળા અને બુઝુર્ગતર મર્તબાવાળા. *(બેહતજુલ અસ્રાર વ મઅદનુલ અન્વાર, પેજ : ૨૩૫–મિસ્ર)*

**હઝરત શયખ અલી કાદરી** رحمۃ اللہ علیہ **ફર્માવે છે** : સૈયદ અહમદ رحمۃ اللہ علیہએ તરીકે ઈલ્લલ્લાહના માટે એવો રસ્તો અપનાવ્યો છે કે સાલિકીન (સુલૂકની રાહે ચાલનારા) એના પર ચાલવા ચાહે તો આજિઝ આવી જાય. એ રસ્તાનો ખુલાસો કરવા ચાહે તો તેમની ઝબાનો સાથ ન આપે. તેમણે પોતાના નફ્સને તવાઝોઅ તથા ઈન્કેસારી (આજીજી તથા નમ્રતા)નો પયકર બનાવ્યો તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેમને મોઅઝ્ઝઝ્ તથા મુકર્રમ (ઈજ્જતવાળા) કરી આપ્યા, તેમણે પોતાના નફ્સને પાછળ કર્યો તો પરવરદિગારે આલમે તેમને મુકદ્દમ (અગ્રેસર) કરી આપ્યા. તેમણે પોતાના હું પદને કચડી નાખ્યું તો રબ તઆલાએ તેમને એવા મુનવ્વર કરી આપ્યા કે અન્ય લોકો નૂર પામી રહ્યા છે. અલ્લાહ તબારક વ તઆલાએ આપને એવો પહાડ બનાવ્યા કે લોકો તેમનું શરણ લઈ રહ્યા છે. આપ અલ્લાહ جل جلاله અને તેના રસૂલ صلی اللہ علیہ وسلمની નજીક ઘણા જ મોભા તથા મર્તબાવાળા છે. હું જાહેરી રીતે એમનો શયખ છું, નહીં તો હકીકત એ છે કે તે મારા શયખ છે. *(અલ્ મજાલિસુર્રિફાઈયહ, પેજ : ૨૩)*

**ઈમામ શહાબુદ્દીન અબુલ ફલાહ અબ્દુલ હય્ય ઈબ્ને અહ્મદ ઈબ્ને મુહમ્મદ અસ્કરી હંબલી દમિશ્કી ફર્માવે છે** : આપ તવાઝોઅ (આજીજી નમ્રતા) અપનાવનારા, ગંદકીઓથી પવિત્ર સીનાવાળા હતા. દુનિયાથી બેનિયાઝ (બેપરવા) હતા. આપે કદી પણ સંગ્રહખોરી ન કરી. *(શઝરાતુઝ્ ઝહબ, ૬/૪૨૯, દારુલ કુતુબુલ ઈલ્મિયહ, બૈરૂત)*

**હઝરત શયખ અલી કારી** رحمۃ اللہ علیہ **ફર્માવે છે** : સર્વ લોકો પોતાના પીરો (મશાઈખ) પર ફખ્ર કરે છે પણ હું સૈયદ અહમદ રિફાઈ પર ફખ્ર કરું છુ, અને તેમની જાત યકીનન ! ફખ્રને લાયક છે. અલ્લાહે આપનાથી સુન્નતને મજબૂતી બખ્શી, તરીકતને જીવંત કરી અને હકીકતના મિનારાને ઊંચો કર્યો. *(ઈર્શાદુલ મુસ્લિમીન લિ તરીકતિ શયખુલ મુત્તકીન, પેજ : ૮)*

તેમજ ફર્માવ્યું : જો હુકમની પાબંદી માથે ન હોત તો હું સૈયદ અહમદથી બયઅત થાત. એમાં શંકા નથી કે હું તેમને જાહેરમાં જોવામાં શયખ છું પણ હકીકતમાં તે મારા શયખ છે.

**કુત્બે રબ્બાની હુઝૂર શયખ અબ્દુલ કાદિર જીલાની** رضی اللہ عنہ**એ ફર્માવ્યું** : અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો એક બંદો (સૈયદ કબીર રિફાઈ رحمۃ اللہ علیہ) છે જે અબ્દિયતના મકામ પર બિરાજેલ છે. જે પોતાના મુરીદોનું નામ બદ્બખ્તોમાંથી હટાવીને નેકબખ્તોની યાદીમાં નોંધ કરી આપે છે.

*(અલ મઆરિફુલ મુહમ્મદિયહ, પેજ–૪૯)*

**ઈમામ રાફઈ કાઝી અબૂ શુજાઅ શાફઈ** رحمۃ اللہ علیہ **ફર્માવે છે** : સૈયદ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہ ઉચ્ચ પાયાની (કક્ષાની) શખ્સિયત, જબલે રાસિખ (અટલ પહાડ) મુહદ્દિષ, ફકીહ, મુફસ્સિર, સાહિબે રિવાયતે આલિયા વ ઈજાઝાતે રફીઅહ, ઉમદા કારીએ કુર્આન, સારા હાફિઝે કુર્આન, હુજ્જતે કામિલા, દીન પર મજબૂતીથી જામેલા, પોતાના સમકાલિનોમાં કિતાબ તથા સુન્નતના સૌથી મહાન આલિમ તથા આમિલ, બહરે શરીઅત, સૈફુલ્લાહ તથા પોતાના જદ્દે કરીમ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના અખ્લાકના સાચા વારસ હતા.

*(અલ્ મઆરિફુલ મુહમ્મદિયહ્, પેજ : ૪૪)*

**મુઅર્રિફ ઈબ્ને અષીર જઝરી લખે છે** : સૈયદ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہ મર્દે સાલેહ અને અવામ તથા ખાસ લોકો વચ્ચે અનહદ મકબૂલ હતા. આપના વિદ્યાર્થીઓની સંખ્યા ગણત્રીથી બહાર છે.

**ફક઼ીર સલાહુદ્દીન સફદી ફર્માવે છે :** આપ رحمۃ اللہ علیہ ઈમામ તથા પેશવા, આબિદ તથા ઝાહિદ અને અલ્લાહવાળાઓના શયખ હતા.

**મુહદ્દિષ અબ્દુસ્સમીઅ હાશમી વાસેતી ફર્માવે છે :** સૈયદ અહમદ રિફાઈ رحمۃ اللہ علیہ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની નિશાનીઓમાંથી એક નિશાની અને રસૂલુલ્લાહ ﷺના મો'જિઝાઓમાંથી એક મો'જિઝો હતા. આપ رحمۃ اللہ علیہના ઈસ્લાહ તથા તઝકિયહ (સુધારણા તથા દિલની સફાઈ)ની કાર્યપદ્ધતિ કિતાબ તથા સુન્નતથી માખૂઝ છે. આપ رحمۃ اللہ علیہ અમલના ધણી હતા ન કે વાતોના. જો તમે તેમને જોઈ લીધા તો જાણે સર્વ અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ને જોઈ લીધા. અને અલ્લાહની જાતથી એ કાંઈ અશક્ય નથી કે એક એકલા શખ્સમાં પૂરી દુનિયાને સમેટી આપે.

*(અલ મઅરૂફુલ મુહમ્મદિયહ, ૪૯)*

**શયખ મંઝૂર બતાહી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું:** મેં મારા સર્વ સાથીઓ તથા ખુદ પોતાની સાથે આપની સરખામણી કરી તો આપ رحمۃ اللہ علیہને સૌથી ઉચ્ચતમ્ પામ્યા.

**ઈબ્ને ખલ્ક઼ાન ફર્માવે છે :** આપ رحمۃ اللہ علیہ મર્દે સાલેહ અને શાઈફ મઝહબના ફક઼ીહ હતા.

**ઈબ્ને અમ્માદ હંબલી કહે છે :** આપ رحمۃ اللہ علیہ શયખ, ઝાહિદ તથા ઈમામ હતા.

**ઈબ્ને ક઼ાઝી શહબા :** એ આપ رحمۃ اللہ علیہનો ઉલ્લેખ તબક઼ાતે શાફઈય્યહ્‌માં કર્યો અને શાફઈ ફક઼ીહોમાં આપની ગણના કરી.

**ઈમામ તાજુદ્દીન સુબ્ક઼ી ફર્માવે છે :** આપ મહાન ઝાહિદ તથા ઉચ્ચ કક્ષાના અવલિયાએ આરિફીનમાંથી હતા. ઉચ્ચ કક્ષાના સૈયદ અને ઉઘાડી કરામતો ધરાવનારા હતા.

*(તબક઼ાતે શાફઈય્યહ, ૪/૪૦)*

**શયખ અબ્દુલ વહ્હાબ શઅરાનીનો ક઼ૌલ છે :** આપ ગૌષે અકબર, સમયના મશહૂર કુતુબ અને અસ્હાબે તરીક઼ત તથા આરિફીનના ઈમામોમાંથી એક છે જેમની ઈમામત તથા અક઼ીદત ઉમ્મત નજીક સાબિત થઈ ચૂકેલી છે.

*(લવાકિ઼હુલ અન્વાર, ભાગ : ૧)*

**હુઝૂર ગૌષે આ'ઝમ શયખ અબ્દુલક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہએ ઈર્શાદ ફર્માવ્યો :** તેમનો અખ્લાક઼ માથાથી પગ સુધી કુર્આન તથા સુન્નતની તદન મુતાબિક઼ છે, અને તેમનું દિલ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની સાથે મશગૂલ છે. તેમણે સર્વ કાંઈ છોડીને સર્વ કાંઈ મેળવી લીધું છે. (એટલે કે રઝાએ ઈલાહીના ખાતર કાઈનાતને છોડી તો રબને પામી લીધો, અને જ્યારે રબ મળી ગયો તો સર્વ કાંઈ મળી ગયું.)

*(સીરતે સુલ્તાનુલ્ અવલિયા, પેજ : ૨૦૦)*

**વલીયે કબીર હઝરત સૈયદના ઈબ્રાહીમ હવાઝની رحمۃ اللہ علیہ ફર્માવે છે :** હું સૈયદ અહમદ કબીર رحمۃ اللہ علیہની શું તારીફ કરી શકું છું કે તેમના શરીરનો દરેક વાળ એક આંખ બની ચૂક્યો છે જેના થકી તે જમણે ડાબો, પૂર્વ તથા પશ્ચિમ દરેક બાજુએ જુએ છે. *(સીરતે સુલ્તાનુલ્ અવલિયા, પેજ : ૨૦૦)*

**આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :** આપની ગણના અક઼તાબે અરબામાં થાય છે. એટલે કે તે ચારેવમાં આ'લા તથા મુમતાઝ ગણવામાં આવે છે : **(૧)** હુઝૂર પુરનૂર સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ **(૨)** સૈયદ અહમદ રિફાઈ **(૩)** હઝરત સૈયદ અહમદ કબીર બદવી **(૪)** હઝરત સૈયદ ઈબ્રાહીમ દસૂક઼ી رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

*(ફતાવા રઝવિય્યહ, ૨૧/૫૫૦, જદીદ, માહનામા અશરફિયહ્‌, જૂન–૨૦૧૯, મુબારકપુર)*

**બારગાહે રિસાલતમાં મક઼બૂલિયત :** આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ ફતાવા રઝવિય્યહ્, ૨૨/૩૭૪માં ફર્માવે છે : હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رضی اللہ عنہને રસૂલે અકરમ, શાહે બની આદમ ﷺની બારગાહમાં પણ ખાસ મક઼ામ હાંસલ હતો. જેમ કે આપ رضی اللہ عنہ હજ્જથી ફારિગ થઈને જ્યારે હુઝૂર નબી પાક, સાહિબે લૌલાક ﷺના રોઝા મુબારક પર મુવાજહે શરીફની સામે હાજર થયા તો બે શેઅર પઢયા જેનો અર્થ છે :–

"હું દૂરીની હાલતમાં મારી રૂહને બારગાહે અક઼દસમાં મોકલ્યા કરતો હતો જે મારી નાઈબ બનીને આ અર્ઝે મુક઼દ્દસને ચૂમ્યા કરતી હતી. હવે જાહેરી શરીરનો વારો છે જે સેવામાં હાજર છે, જેથી આપનો દસ્તે પાક આગળ વધારો જેથી મારા હોઠો દસ્તબોસીથી શરફયાબ થઈ શકે."

જેથી રોઝએ અન્વરથી જમણો હાથ મુબારક જાહેર થયો અને આપ رحمۃ اللہ علیہએ અક઼ીદતના આવેશમાં તેને ચૂમી લીધાં. આ મન્ઝરને ત્યાં મૌજૂદ લોકોએ પણ જોયો. *(ફતાવા રઝવિય્યહ, ૨૨/૩૭૪)*

આ જ શરફ દસ્તબોસીનો ગૌષપાક رضی اللہ عنہને પણ મળેલો છે અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને પણ આ શરફ મળ્યાનું કિતાબોમાં છે. જ્યારે કે દીદારની તમન્નામાં આ'લા હઝરતે મદીના પાકમાં આ નઅત પેશ કરી : *"વો સૂએ લાલાઝાર ફિરતે હૈં...."* અને મક઼્તઅનો શેઅર કહ્યો : *"કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા'–તુઝસે કુત્તે હઝાર ફિરતે હૈં !"* ત્યાર બાદ નવાઝિશ થઈ હતી.

**ગૌષ આ'ઝમ તથા કબીર અહમદ રિફાઈ** رحمۃ اللہ علیہما : "બેહજતુલ અસ્રાર"માં છે કે કુત્બે રબ્બાની, શહબાઝે મકાની, મુહયુદ્દીન હઝરત સૈયદ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہએ જે વખતે **"મારો આ ક઼દમ દરેક વલી ગરદન પર છે"** ફર્માવ્યું તો હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رضی اللہ عنہએ પોતાની ગરદન ઝુકાવીને અર્ઝ કર્યું : **"મારી ગરદન પર પણ આપનો ક઼દમ છે."** હાજરજનોએ અર્ઝ કરી, હુઝૂર ! આપ શું કહી રહ્યા છો ?! તો આપે ઈર્શાદ ફર્માવ્યો, અત્યારે બગદાદમાં હઝરત શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہએ એલાન કર્યું કે,'મારો આ ક઼દમ દરેક વલીની ગરદન પર છે.' અને મેં ગરદન ઝુકાવીને હુકમનું પાલન કર્યું છે."

*(બેહજતુલ અસ્રાર, પેજ : ૩૩, બૈરૂત)*

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફતાવા રઝવિય્યહ્, ૨૮/૩૮૮ પર હઝરત ખિઝર علیہ السلامનો બનાવ વર્ણવ્યો છે. ફર્માવે છે : એક દિવસ હું (ખિઝર علیہ السلام) હઝરત સરકારે ગૌષિયત رضی اللہ عنہના સમક્ષ હાજર હતો. મારા દિલમાં ખયાલ આવ્યો કે શયખ અહમદ રિફાઈ رضی اللہ عنہની ઝિયારત કરું. હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہએ ફર્માવ્યું, શું શયખ અહમદને જોવા ચાહો છો ?! મેં અર્ઝ કરી, હા ! હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ થોડીવાર સર મુબારક ઝુકાવ્યું પછી મને કહ્યું, હે ખિઝર ! લો આ છે શયખ અહમદ ! હવે જ્યારે જોયું તો પોતાને હઝરત સૈયદ અહમદ રિફાઈના ક઼દમોમાં પામ્યો. જોયું કે રૂઆબદાર શખ્સ છે તો મેં ઉભા થઈને સલામ કરી. તેના પર હઝરત રિફાઈએ મને ફર્માવ્યું, હે ખિઝર ! તે જે શયખ અબ્દુલક઼ાદિરને જુએ જે સર્વ અવલિયાના સરદાર છે તે મને જોવાની તમન્ના શા માટે કરે ?! હું તો તેમની રઈય્યત (તેમના હેઠળ નાઓ)માંથી છું ! આવું કહીને મારી નજરથી ઓઝલ થઈ ગયા. પછી હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہના વિસાલ મુબારક બાદ બગદાદ શરીફથી હઝરત સૈયદી અહમદ રિફાઈની ઝિયારત માટે ઉમ્મે અબીદા ગયો. તેમને જોયા તો તે જ શયખ હતા જેમને મેં તે

દિવસે શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની પાસે જોયા હતા. તે વખતના જોયેલાને લીધે કોઈ અધિક ઓળખની જરૂર ન પડી. હઝરત રિફાઈએ ફર્માવ્યું, હે ખિઝર ! શું પહેલી (ઝિયારત) તમારા માટે પૂરતી ન હતી ?! સાંરાશ આપ આવા ઉચ્ચ કોટીના મહાન બુઝુર્ગ થઈ ગયા.

## આપની અમુક કરામતો

આપની કરામતો ઘણી જ છે અહીં એકાદ બે કરામતો રજૂ કરીએ છીએ.

**પથ્થર રોટલી બની ગયા :** હઝરત સૈયદના ઈમામ અહમદ કબીર રિફાઈ رضی اللہ عنہના ભાણીયા હઝરત સૈયદના અબુલફર્જ અબ્દુર્રહમાન રિફાઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે : એકવાર હું એવી જગાએ છુપાઈને બેઠો હતો કે જ્યાંથી ઈમામ રિફાઈ رضی اللہ عنہને જોઈને તેમની વાતો સાંભળી શકતો હતો. એવામાં વાતાવરણમાંથી એક માણસ જમીન પર ઉતર્યો અને આપની સામે આવીને બેસી ગયો. આપ رضی اللہ عنہએ કહ્યું, પૂર્વથી આવનાર ખુશ આમદિદ ! તેણે અર્ઝ કરી, વીસ દિવસથી મેં ન કાંઈ ખાધુ છે ન પીધુ છે. ઈચ્છા છે કે આપ મને મારી પસંદનું ખાવા ખવડાવો. આપે કહ્યું, તમારી શું ઈચ્છા છે ? તેણે નજર ઉઠાવી તો પાંચ જળચર પક્ષીઓ હવામાં ઉડી રહ્યાં હતાં. તેણે કહ્યું, મને એમાંથી એક શેકેલુ પક્ષી, ઘઉંની રોટીઓ અને ઠંડા પાણીનો એક જગ જોઈએ. આપ رضی اللہ عنہએ પક્ષીઓને જોઈને ફર્માવ્યું, અત્યારે જ આ માણસની ઈચ્છા પૂરી કરી દો ! હજી વાત પૂરી પણ ન થઈ હતી એટલામાં તેમનામાંથી એક શેકેલુ પક્ષી આપની સેવામાં હાજર થયું. પછી આપ رضی اللہ عنہએ આપની બાજુમાં પડેલ, બે પથ્થરોને ઉઠાવીને જેવા તેની સામે રાખ્યા તો આશ્ચર્યજનક રીતે તે બંનેવ પથ્થર બે ઉમદા રોટીઓ બની ગયા. પછી હવા હાથ ઊંચે કર્યો તો લાલ રંગનો પાણીથી ભરેલો જગ જાહેર થઈ ગયો. ત્યાર બાદ તે દુરવેશ માણસે ખાવા ખાધુ અને જે રીતે આવ્યો હતો તે જ પ્રમાણે હવામાં ઉડતો ઉડતો પરત થઈ ગયો. તેના ગયા બાદ આપે તે પક્ષીનાં સર્વ હાડકાંને ડાબા હાથમાં લીધાં અને તેના પર પોતાનો જમણો હાથ ફેરવીને કહ્યું, હે વિખેરાયેલ હાડકાંઓ ! હે તૂટેલા સાંધાઓ ! અલ્લાહના હુકમથી 'બિમિલ્લાહિર્રમાનિર્રહીમ'ની બરકતથી ઉડી જાવ ! જેથી જોત જોતાંમાં તે હાડકાં જીવતા પક્ષીમાં ફેરવાઈ ગયાં અને તે પક્ષી હવામાં ઉડીને નજરોથી ઓઝલ થઈ ગયું. *(જામેઅ કરામતે અવલિયા, ૧/૪૯૪)*

**દુનિયામાં જન્નતી મહેલની ઝમાનત :** એકવાર હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ رضی اللہ عنہ પોતાના ખાસ મુરીદ હઝરત જમાલુદ્દીન رحمۃ اللہ علیہની ખ્વાહિશ પર તેમના માટે એક બાગની ખરીદી માટે ગયા. તો બાગના માલિક શયખ ઈસ્માઈલે કહ્યું, જો આ બાગના બદલામાં મને મારી મોં માગી ચીજ ન મળી તો હું કદાપિ વેચીશ નહીં. આપ رضی اللہ عنہએ ફર્માવ્યું, હે ઈસ્માઈલ ! મને બતાવો તેની શું કિંમત ચાહો છો ? તેણે કહ્યું, યા સૈયદી ! હું જન્નતી મહેલના બદલામાં જ આ બાગ તમને આપી શકુ છું. આપે ફર્માવ્યું, હુ ભલા કોણ એવો છું કે મારાથી જન્નતી બાગ માગો છો ?! મારાથી દુનિયાની જે ચીજ ચાહો માગી લો ! તેણે કહ્યું મને દુનિયાની કોઈ ચીજ નથી જોઈતી ! આપ رضی اللہ عنہએ પોતાનુ માથુ ઝુકાવ્યું. ચહેરાની રંગત બદલાયને પીળી પડી ગઈ. થોડીવાર પછી માથુ ઉઠાવ્યું તો પીળાશ લાલાશમાં ફેરવાઈ ગઈ. પછી ફર્માવ્યું, ઈસ્માઈલ ! જે તમે માગ્યુ હતું મેં એના બદલામાં આ બાગ ખરીદી લીધો છે ! તેણે અર્ઝ કર્યું, યા સૈયદી ! આ વાત મને લખીને અતા કરી આપો. આપ رضی اللہ عنہએ એક કાગળ પર "બિસ્મિલ્લાહ" શરીફ લખ્યા બાદ આ લખાણ લખી આપ્યું, "આ તે

મહેલ છે જેને ઈસ્માઈલ ઈબ્ને અબ્દુલ મુન્ઈમએ ફકીર હકીર બંદા અહમદ ઈબ્ને અબુલ હસન રિફાઈથી ખરીદયો છે. જેના જામિન હઝરત અલી کرم اللہ وجہہ الکریم છે. તેની ચો તરફની હદો એ છે કે એક તરફ જન્નતે અદન છે તો બીજી તરફ જન્નતે મા'વા છે. ત્રીજી તરફ જન્નતે ખુલ્દ અને ચોથી તરફ જન્નતે ફિરદોસ છે. ત્યાંની સર્વ હૂરો ગિલ્માન, કાલીન, સાઝો સામાન, નહેરો અને સર્વ ઝાડો એ સોદામાં સામેલ છે. આ મહેલ ઈસ્માઈલના બાગના બદલામાં છે. અલ્લાહ عزوجل આ વાતનો શાહિદ તથા કફીલ છે.''

પછી આપે તે કાગળ ઘડી કરીને શયખ ઈસ્માઈલના હવાલે કરી આપ્યો. તે લખાણ લઈને પોતાનાં બાળકો પાસે આવ્યા અને ફર્માવ્યું, હું આ બાગ સૈયદી અહમદને વેચી ચૂક્યો છું. બાળકોએ કહ્યું, આપે કેમ વેચી દીધો જ્યારે કે આપણને એની જરૂરત હતી ? તો તેમણે જન્નતી મહેલ મળવાનો બનાવ સંભળાવ્યો. બાળકોએ કહ્યું, અમે ત્યારે જ રાજી થઈશું જ્યારે એમાં અમારી ભાગીદારી થાય. ફર્માવ્યું, તે આપણા સૌનો બાગ છે. ત્યાર બાદ તે બાગ હઝરત સૈયદુના જમાલુદીન رحمۃ اللہ علیہના હવાલે કરી દેવામાં આવ્યો. અમુક અરસા બાદ શયખ ઈસ્માઈલનો ઈન્તેકાલ થઈ ગયો. કેમ કે તેમણે જિંદગીમાં જ એ વસિયત કરી હતી કે આ લખાણ મારા કફનમાં રાખી દેજો. આગલા દિવસે કબર પર લખેલુ જોવા મળ્યું : قَدْ وَجَدْنَا مَا وَعَدَنَا رَبُّنَا حَقًّا ''અમને તો મળી ગયો સાચો વાયદો અમારાથી અમારા રબે કર્યો હતો.''

**જહન્નમથી આઝાદીનો પરવાનો :** એકવાર હઝરત સૈયદના રિફાઈ رضی اللہ عنہના બે મુરીદો ઈબાદત તથા રિયાઝતના માટે જંગલમાં મૌજૂદ હતા. તેમનામાંથી એકે તમન્ના કરી કે કાશ ! અમારા પર જહન્નમથી આઝાદીનો પરવાનો નાઝિલ થઈ જાય. એટલામાં આસ્માનથી એક સફેદ કાગળ પડયો. તેમણે તેને ઉઠાવીને જોયું તો જાહેરી રીતે કાંઈ લખાણ લખેલું ન હતું. તેઓ બંનેવ તે કાગળને પીરો મુર્શિદ પાસે લઈ ગયા પણ બનાવની વિગત ન બતાવી. આપ رضی اللہ عنہએ તે કાગળને જોયો તો સજદામાં પડી ગયા પછી માથુ ઉઠાવીને ફર્માવ્યું, અલ્લાહ عزوجلનો શુક્ર છે કે તેણે મારા મુરીદોને જહન્નમથી આઝાદીનો પરવાનો દુનિયામાં જ મને બતાવી આપ્યો. આપ رضی اللہ عنہને અરજ કરવામાં આવી, હુઝૂર ! આ તો કોરો કાગળ છે ! ફર્માવ્યું, દસ્તે કુદરત સિયાહી વગેરેનો મોહતાજ નથી, આ કાગળ નૂરથી લખેલો છે.

**તાવીઝ પહેલેથી લખેલું જ છે ! :** જ્યારે કોઈ આપ رضی اللہ عنہ પાસે તાવીઝ લખાવવા આવતું અને આપની પાસે સિયાહી ન હોતી તો આપ رضی اللہ عنہ ઝાડનું પાંદડુ લેતા અને સિયાહી વિના આંગળી વડે લખી દેતા. એકવાર એક શખ્સને સિયાહી વિના તાવીઝ લખીને આપ્યું. તેણે પાંદડુ લીધુ અને લાંબા અરસા બાદ આપની સેવામાં તે જ પાંદડુ લઈને હાજર થયો અને પરીક્ષા રૂપે આપની ખિદમતમાં તાવીઝ લખવા માટે પેશ કર્યું. જ્યારે આપ رضی اللہ عنہએ પાંદડુ જોયું તો તેને ધમકાવવાને બદલે ખૂબ જ નરમી સાથે ઈર્શાદ ફર્માવ્યો, આ પહેલેથી જ લખેલું છે ! અને પછી પાંદડુ તેને પરત કરી આપ્યું.

રબ્બે કરીમ તેમના ફયઝાનથી આપણને પણ માલામાલ ફર્માવે. અલ્લાહના મહબૂબ બંદાઓનો સાયો આપણા સૌ પર કાઈમ દાઈમ રાખે અને આ બુઝુર્ગોના નકશે કદમ પર ચાલવાની આપણને તૌફીક આપે. (આમીન) *(જામેઅ કરામતે અવલિયા, બહવાલા ફયઝાને સૈયદ અહમદ કબીર રિફાઈ)*

# નહરે ઝુબેદા

આપે દરેક હાજીની જીભથી ઝુબેદા નહેરનું નામ સાંભળ્યુ હશે. મક્કાવાસીઓ માટે આ એક અદ્‌ભૂત નેઅમત છે. અરફાતથી મુઝદલ્ફા જતાં રસ્તામાં પહાડની સાથે સાથે એક નહર વહે છે તેનું નામ નહરે ઝુબેદા છે. હારૂન રશીદ ઈસ્લામી ઈતિહાસમાં એક પ્રખ્યાત બાદશાહ થઈ ગયા છે. જેમણે ૧૭૦ હિજરીથી ૧૯૩ હિજરી સુધી હુકૂમત કરી. તેમની હુકૂમત પહેલાં મક્કા શરીફમાં પાણીની ખૂબ અછત હતી. એકવાર તો એવી હાલત થઈ ગઈ હતી કે પાણીનો એક મશક દસ દસ દિરહમમાં મળવા લાગ્યો. હારૂન રશીદનાં પત્ની ઝુબેદા ખૂબ જ નેક સ્ત્રી હતાં. તેમણે નિર્ણય કર્યો કે હાજીઓ અને મક્કાના રહેવાસીઓ માટે આ મુસીબતને દૂર કરવા માટે તેનાથી જે કાંઈ પણ થશે તે કરીને રહેશે.

આખરે તેણીએ નિષ્ણાતોની એક જમાઅત (ટુકડી)ને મોકલી કે જઈને મક્કાની આસપાસ ઝરણાઓની શોધખોળ કરે. આ શોધખોળના પરિણામમાં નિષ્ણાતોએ રિપોર્ટ આપ્યો કે તેમણે બે જગ્યાઓ પર પાણીને નીકળતાં જોયું છે. એક ઝરણુ મક્કા શરીફથી ૪૦ કિલોમિટરની દૂરી પર તાઈફના રસ્તામાં તેની ઘાટીઓમાં હતું જેનું નામ "હુનૈન" છે અને ત્યાં નબી કરીમ ﷺ અને બનૂ ષકીફના વચ્ચે ગઝવએ હુનૈન નામી પ્રખ્યાત લડાઈ થઈ હતી. બીજુ ઝરણુ કરાની પહાડીઓના દામનમાં વાદીએ નોઅમાનની અંદર હતું. આ બંનેવ ઝરણાઓ ભલે મક્કા મુઅઝ્ઝમાથી બહુ દૂરી પર ન હતા પરંતુ પહાડોએ તેમને મક્કાની વાદીઓથી બિલકુલ અલગ થલગ કરી રાખ્યાં હતાં અને દેખીતી રીતે તેનુ પાણી મક્કા સુધી પહોંચાડવું અશક્ય લાગતુ હતું. ઝુબેદાએ જે નિષ્ણાતોને એ કામ પર લગાડયા હતા એ પણ કાંઈક વધારે આશામાં ન હતા, પરંતુ તે હિમ્મતવાળી ઔરતે એ ફેંસલો કરી લીધો કે તે ઝરણાંના પાણીને અરફાત સુધી લઈ જવાનો અને ત્યાં મક્કા મુઅઝ્ઝમા સુધી પહોંચાડવાનો બંદોબસ્ત કરવામાં આવશે.

જેથી તેણે એંજિનિયરો અને કારીગરોની એક ટુકડીને નહેર ખોદવા માટેનો હુકમ આપી દીધો. ત્રણ વર્ષ સુધી લોકો પહાડોને કાપતા અને નહેર બનાવતા રહ્યા. લખ્યું છે કે ઝુબેદાએ આ નેક કામ પર ૭૦ લાખ અશરફીઓ ખર્ચ કરી અને જ્યારે કામદારોએ કામ પૂર્ણ કરી એ અંગેનો હિસાબ મલિકા સામે રાખ્યો તો તે સમયે તે દજલાના કિનારે મહેલમાં બેઠલાં હતાં. નેક દિલ મલિકાએ હિસાબના કાગળોને લઈને દજલા નદીમાં નાખી દીધા. અને કહેવા લાગ્યાં, અમે આ હિસાબને હિસાબના દિવસ માટે છોડી દીધો છે. જો કોઈની પાસે અમારું કાંઈક રહી ગયું હોય તો અમે માફ કર્યુ અને જો કોઈકનું અમારા પર કાંઈક નીકળ તું હોય તો તે આવે અને લઈ જાય. પછી તેણે તમામ કારીગરોને શાબાશી અને ઈનામો આપ્યાં અને ખૂબ ખુશી મનાવી.

બંનેવ ઝરણાઓથી જે નહેરો કાઢવામાં આવી તેનું પાણી અરફાતમાં આવી મળી જાય છે. પહાડોની અંદર રસ્તાઓમાં ઠેક ઠેકાણે હોજ બનાવવામાં આવ્યા છે, જેથી વરસાદનું પાણી ભેગુ થઈને તે નહેરોમાં મળતુ રહે.

અરફાતના મેદાનમાં આ નહેર જબલે અરફાતની સાથે સાથે વહે છે. અને મેદાનમાં પૂર્વી, ઉત્તરીય અને પશ્ચિમી દિશાઓનો ચક્કર કાપીને માઝનતૈનના રસ્તાથી પસાર થઈને મુઝદલ્ફા અને મિના પહોંચે છે. ઝુબેદાના જમાનામાં નહરે જબલ મિનાની પાછળ એક જગ્યાએ આવી ખતમ થઈ ગઈ હતી, જેને "ચાહે ઝુબેદા" કહેવામાં આવે છે. ચાહે ઝુબેદા સુધી આ નેહરની કુલ લંબાઈ ૩૩ હજાર મિટર છે. નહેર પર ઠેક ઠેકાણે પાણીની વહેંચણી માટે હોજ અને કૂવા બનેલા છે. તુર્કીની હુકૂમતના જમાનામાં ચાહે ઝુબેદા પર એક એન્જીન લગાડવામાં આવ્યું અને લોખંડના પાઈપની મદદથી મિનાની વાદીઓમાં પાણી ઠેક ઠેકાણે પહોંચવા લાગ્યું હતું. *(મંથલી નૂરુલ હબીબ, જૂન–૨૦૨૦, પાક.)*

❒ **અઝ : હાફેઝ મુહમ્મદસજ્જાદ પટેલ** *(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

# ૨૬મા ફિક્હી સેમીનાર તથા તેના ફૈસલાઓ

અઝ : મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી
(સદર મુફ્તી વ પ્રિન્સિપાલ જામિઆ અશરફિયા-મુબારકપુર)
અનુવાદક : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

## અધિકતમ્ અક્ષાંશ સ્થિતિ દેશોમાં રોઝા તથા સહેરીનો હુકમ

### બીજી બેઠક

**(૧૨ સફર મુઝફ્ફર હિ.સ. ૧૪૪૧ / ઈ.સ. ૧૨ ઓક્ટોબર ૨૦૧૯, શનિવાર, મગરિબ બાદ)**

**સવાલ નં. ૧ :** અધિકતમ્ અક્ષાંશ સ્થિતિ દેશોમાં રોઝાની શરૂઆત કયા સમયે થાય છે ?

**જવાબ નં. ૧ :** અધિકતમ્ અક્ષાંશ સ્થિતિ દેશો હોય કે લઘુત્તમ અક્ષાંશ સ્થિતિ સર્વ માટે શરીઅતે રોઝાનો માત્ર એક જ સમય નક્કી કર્યો છે અને તે છે સુબ્હે સાદિક઼નું પ્રકટ થવું.

સુબ્હ સાદિક઼ પ્રકટ થવાની સાથે જ રોઝાની શરૂઆત થઈ જાય છે અને ત્યારથી જ ફજરની નમાઝનો સમય પણ શરૂ થઈ જાય છે. આ જ પ્રમાણે કુર્આન તથા હદીષથી સાબિત છે અને આ જ સહાબા, તાબઈન, તબ્એ તાબઈન તેમજ ચારેવ ઈમામોનો મઝહબ છે.

**સવાલ નં. ૨ :** જ્યારે સૂર્યાસ્ત દિશામાં શફક઼ે અબ્યઝ અને ક્યારેક શફક઼ે અહમર પણ ગાયબ થતી નથી ને સૂર્યોદય દિશામાં અજવાળુ ફેલાય જાય છે. આવા સમયોમાં ફજરના પ્રકટ થવાની શરૂઆત ક્યારથી થશે ?

**જવાબ નં. ૨ :** સૂર્યાસ્તથી લઈને સૂર્યોદય વચ્ચેનો જે સમય છે તેને બે ભાગમાં વહેંચી દેવામાં આવે. પહેલા અડધામાં ખાવા પીવા તથા મગરિબની નમાઝ વગેરે અદા કરવાની ઈજાઝત રહેશે. અને બીજા અડધામાં રોઝા તેમજ નમાઝે ફજરનો પ્રારંભ થશે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**સવાલ નં. ૩ :** જે લોકો રાત્રીના સાતમા ભાગમાં અથવા સૌથી નજીક દેશના આધારે અથવા સૌથી નજીકના દિવસોના આધારે અથવા ૧૨ દરજ્જા સૂરજના ક્ષિતિજથી નીચે આવ્યા સુધી અથવા સૂર્યોદય (તુલૂએ આફતાબ)થી લઈને એક કલાક વીસ મિનીટ અથવા ચાલીસ મિનીટ પહેલા સુધી આવા દેશોમાં સહેરી કરતા હોય છે, જયાં ખાવા પીવા માટે રાતનો કાફી સમય મળે છે. તેમના રોઝાઓ વિશે શું હુકમ છે ?

**જવાબ નં. ૩ :** આવા દેશોમાં જ્યારે ફજરની શરૂઆતનો હુકમ થઈ જાય છે તે સમયે અથવા ત્યાર બાદ ખાવા પીવાથી રોઝો ફાસિદ થઈ જશે જેની કઝા કરવી જરૂરી રહેશે. ફજર પ્રકટ થતા પહેલાં પહેલાં ખાવા પીવાથી ફારિગ થઈ જાય ત્યારે જ રોઝો સહી તથા દુરુસ્ત થઈ શકે છે.

અનિશ્ચિત તથા અંદાઝ પર આધારિત સમયો તથા વાતો આવી જગ્યાએ સંપૂર્ણપણે બાતિલ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**સવાલ નં. ૪ :** જે દિવસો તથા સ્થળોએ સૂરજ ડૂબતાંની સાથે જ ફજર પ્રકટ થઈ જાય અથવા સૂરજ ક્ષિતિજની નીચે જતો જ ન હોય ત્યાંના માટે

રમઝાનના રોઝાઓ વિશે શું હુકમ છે ?

**જવાબ નં. ૪ :** આવા દિવસોમાં તથા સ્થળોએ રોઝાના સાકિત (માફ) થવાનો હુકમ નથી થઈ શક્તો. કેમ કે રોઝાના ફર્ઝ હોવાનો જાહેરી સબબ (કારણ) રમઝાન મહીનાનું ઉપસ્થિત હોવું સાબિત છે. તેમજ સૌમે વિસાલ (વિના સહેરી તથા ઈફતારીના એક સામટા રોઝા) પણ ફર્ઝ નથી કરી શકતા, જેનાથી હલાકત તથા બરબાદીનું કારણ બની શકે છે. અને અંદાજિત તથા ખયાલી વાતોનો પણ હુકમ નથી આપી શકતા, બલ્કે રોઝો ફર્ઝ રહેશે અને અદાયગી (રોઝાને અદા) ન કરી શકવાના કારણે બીજા દિવસોમાં તેની કઝા જરૂરી રહેશે. કુર્આને પાકમાં છે : فَعِدَّۃٌ مِّنۡ اَیَّامٍ اُخَرَ "બીજા દિવસોમાં રોઝા રાખે."

*(સૂ. બકરહ, ૨/૧૮૫)*

ઈમામ અહમદ રઝા قُدِّسَ سِرُّہُ الْعَزِیْز એ ફર્માવ્યું, રોઝાનો હુકમ આપવો એ જ ફિકહના મુનાસિબ તથા યોગ્ય છે. આપ લખે છે :–

أقول: القضاء هو الفقه أذ أباحة الأكل للصائم بعد طلوع الفجر قصداً غير معهود فى الشرع ثم فيه جمع شيء مع المنافى

"હું કહું છું આ દિવસોમાં રોઝાઓની કઝાનો હુકમ આપવો જ ફિકહની શાન (ફિકહના આધારે યોગ્ય) છે. એટલા માટે કે ફજર પ્રકટ થયા બાદ રોઝો રાખવાની સાથે જાણી જોઈને ખાવા પીવાનું જાઈઝ હોવું શરીઅતમાં ક્યાંય પણ જાઈઝ નથી. બીજુ એ કે રોઝાની સાથે સાથે ખાવા, પીવા બંનેવનો હુકમ આપવો એક વસ્તુને તેના વિરોધી સાથે એક કરવું (જમા કરવું) છે. જે સ્પષ્ટ રીતે તથા અક્કલના આધારે પણ બાતિલ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## હજજના મસાઈલ

**(ત્રીજી બેઠક : ૧૩ સફર મુઝફ્ફર હિ.સ. ૧૪૪૧/ ઈ.સ. ૧૩ ઓક્ટોબર ૨૦૧૯, રવિવાર, સવારે)**

**સવાલ નં. ૧ :** ધૂળ, ધુમાડો તથા વાતાવરણીય હાનિકારક પ્રદૂષણથી બચવા માટે શું એહરામની હાલતમાં મોઢા પર માસ્ક પહેરવાની શરીઅતમાં ઈજાઝત છે ? ખાસ કરીને જ્યારે કે તે વ્યક્તિ એલર્જીનો દર્દી હોય ?

**જવાબ નં. ૨ :** સ્વસ્થ તથા તંદુરસ્ત હોય તેમજ માઝૂર (મજબૂર) ન હોય તેવી વ્યક્તિ માટે એહરામની હાલતમાં માસ્ક પહેરવાની ઈજાઝત નથી. માઝૂર (એલર્જી વગેરેના દર્દી) માટે તેની ઈજાઝત છે એટલે કે તે માસ્ક પહેરવાથી ગુનેહગાર નહીં થાય, પરંતુ કફ્ફારો તો પણ લાઝિમ થશે.

માઝૂરના માટેના કફ્ફારાની વિગત આ પ્રમાણે છે : માસ્કથી જો કમસે કમ ચહેરાનો ચોથો ભાગ છુપાય જાય તો માઝૂર વ્યક્તિ તેને એક દિવસ અથવા એક રાત એટલે કે ચારેવ પહોર સુધી અથવા તેથી વધુ પહેરી રાખ્યો તો દમ આપે અથવા દમના બદલામાં ૬ મિસ્કીનોને ત્રણ સાઅ ઘઉં અથવા તેની રકમ આપે. દરેક મિસ્કીનને અડધો સાઅ (૨ કિલો ૪૭ ગ્રામ) અથવા ત્રણ રોઝા રાખે.

**દમ માટે હરમમાં જ હોવું** નક્કી છે. **સદકો તથા રોઝા, હરમ, ગૈર હરમમાં પણ થઈ શકે** છે. એહરામના પૂરા સમયમાં એક ઉઝરના લીધે વારંવાર માસ્ક પહેરવાની સ્થિતિમાં એક જ કફ્ફારો લાગુ પડશે. પરંતુ જો માસ્ક ઉતારતી વખતે એ નિશ્ચિત ઈરાદો હોય કે હવે નહીં પહેરે તો પણ પહેરી લીધો તો જેટલી વાર આમ કરશે તો એટલા કફ્ફારા લાઝિમ થશે.

ફતાવા હિંદિયામાં એ જ પ્રમાણે છે.

(ખુલાસો) : એહરામની હાલતમાં એહરામ વિરુદ્ધ કોઈપણ કાર્ય જો જાણી જોઈને કરે તો દમ

લાઝિમ રહેશે. જેમ કે સીવેલાં કપડાં પહેરવાં, માથુ મૂંડવુ, ખુશ્બૂ લગાડવી વગેરે. અને જો તે કામ કોઈ બીમારી કે અન્ય કોઈ કારણ અથવા જરૂરતના આધારે કર્યું તો તેના માટે કફ્ફારાના ત્રણ પ્રકારોમાંથી કોઈ પણ પ્રકારનો કફ્ફારો લાઝિમ રહેશે. ત્રણ પ્રકારના કફ્ફારા : (૧) દમ એટલે કે મોટા જાનવરની કુર્બાન. (૨) સદકો (૩) રોઝા. જો દમ આપવા ચાહતો હોય તો તે હરમમાં જ આપે, ગૈર હરમમાં જાઈઝ નથી. અને સદકા અથવા રોઝા વડે કફ્ફારો આપવા ચાહતા હોય તો હરામ, ગૈર હરમ જ્યાં ચાહે આપી શકે છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## એહરામની હાલતમાં ખુશ્બુવાળી ચીજોના ઉપયોગનો હુકમ

**(ચોથી બેઠક : ૧૩ સફર મુઝફ્ફર હિ.સ. ૧૪૪૧ / ઈ.સ. ૧૩ ઓક્ટોબર ૨૦૧૯, રવિવાર, મગરીબ બાદ)**

**સવાલ નં. ૧** : શું શરીઅતમાં એ ઈજાઝત છે કે એહરામની હાલતમાં સફાઈ તથા પાકીના હેતુથી ખુશ્બુદાર સાબુ, શેમ્પુ, પાવડરનો ઉપયોગ કરી શકાય?

**જવાબ નં. ૨** : એહરામની હાલતમાં ઉપરોક્ત ખુશ્બુદાર વસ્તુઓનો ઉપયોગ જાઈઝ નથી.

આ વસ્તુઓને એ રીતે તૈયાર કરવામાં આવે છે કે તેના તત્વો (મટીરીયલ)ને પહેલાં પકાવવામાં આવે છે. ત્યાર બાદ જ્યારે તેમનું તાપમાન ઘટીને ૪૦ ડિગ્રી સુધી આવી જાય છે, ત્યારે તેમાં ખુશ્બુ રાખવામાં આવે છે. અને આ રીતે કરવાથી ખુશ્બુ નાબૂદ નથી થતી. ઉપરોક્ત વસ્તુઓ તે વસ્તુઓના હુકમમાં છે જેમના મૂળ તત્વો વધારે હોય અને તેમાં થોડીક માત્રામાં ખુશ્બુ ભેળવી આપવામાં આવે. એહરામની હાલતમાં આવી વસ્તુઓના વપરાશ પર સદકો છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**સવાલ નં. ૨** : ખુશ્બુદાર ટૂથ પેસ્ટનો શું હુકમ છે ?

**જવાબ નં. ૨** : ખુશ્બુદાર વસ્તુઓને શરીર પર લગાડવાનો અને મોઢામાંથી પસાર કરવામાં ફરક છે. જેમ કે જાહેરી શરીર પર ઉપયોગ કરવામાં આવતી ખુશ્બુદાર વસ્તુઓમાં ખુશ્બુ ગાલિબ (વધારે માત્રામાં) હોય કે મગ્લૂબ (ઓછી માત્રામાં) હોય દરેક સ્થિતિમાં કફ્ફારો વાજિબ થશે. જો ખુશ્બુ વધારે હોય તો દમ વાજિબ થશે અને ઓછી માત્રામાં હોય તો સદકો વાજિબ થશે.

તેના વિરુદ્ધ ખાવા પીવાની વસ્તુઓમાં ખુશ્બુની માત્રાને આધારભૂત ગણાય છે. જો ખુશ્બુ ગાલિબ (વધારે માત્રામાં) હોય તો કફ્ફારો વાજિબ થશે અને મગ્લૂબ (ઓછી માત્રામાં) હોય તો કોઈ કફ્ફારો નથી. જેથી ટૂથ પેસ્ટ તેમજ અન્ય ખુશ્બુદાર મંજનનો તે જ હુકમ છે જે પાનની સાથે ખુશ્બુદાર તંબાકુના ઉપયોગનો હુકમ છે.

ફતાવા હિંદિયા તેમજ બદાઈઉસ્સનાઈઅ્માં એ જ પ્રમાણે છે જેમ કે ફતાવા રઝવિય્યહ્માં છે, તંબાકુના કિવામમાં (જો) ખુશ્બુ નાખીને પકાવવામાં આવી તો તે તેનુ ખાવુ બિલ્કુલ જાઈઝ છે. ભલે ને તેમાંથી ખુશ્બુ આવતી હોય. હા ! ખુશ્બુના જ મક્સદ (હેતુ)થી તેનો ઉપયોગ કરાહતથી ખાલી નથી (મકરૂહ છે) અને જો મક્સદ ખુશ્બુ ન હોય બલ્કે આદત મુજબ અન્ય કોઈ તંબાકુનો ફાયદો હોય તો કોઈ વાંધો નથી.

અને જો પકાવ્યા વિના ખુશ્બુ વગેરે તેમાં સામેલ હોય અને ખુશ્બુ પણ આવી રહી હોય તો પણ કોઈ કફ્ફારો નથી. હા ! કરાહત (મકરૂહ) જરૂર રહેશે. *(ફતાવા રઝવિય્યહ, ૪/૬૮૯, રઝા એકેડમી)*

એ જ પ્રમાણે લુબાબ શરહે લુબાબમાં પણ છે.

**સવાલ નં. ૩** : એહરામની હાલતમાં ટીશ્યૂ પેપરના ઈસ્તેમાલ કરવાનો શું હુકમ છે ?

**જવાબ નં. ૩ :** ટીશ્યૂ પેપર ભીનુ અને સૂકુ બે પ્રકારનું હોય છે. સૂકા ટીશ્યુ પેપરમાં ખુશ્બુ નથી હોતી અને આદત મુજબ તેનાથી ચહેરો તથા મોઢુ પણ છુપાવવામાં નથી આવતું. જેથી એહરામની હાલતમાં તેનો ઉપયોગ જાઈઝ તથા મુબાહ છે.

અને જો ટીશ્યુ પેપર ભીનું હોય તો હરગિઝ તેનો ઉપયોગ ન કરવામાં આવે. કેમ કે એક તો તેમાં આલ્કોહોલ અથવા એવી કોઈ વસ્તુની મિલાવટ હોય છે કે જેના કારણે કાગળ ભીનો તો થઈ જાય છે પણ સૂકવીને બેકાર નથી થતો. બીજુ તેમાં ખુશ્બુની મિલાવટ પણ હોય. આખા મોઢા પર તેના ઈસ્તેમાલથી દમ વાજિબ થવાનો હુકમ થશે. અને મોઢાના અમુક ભાગ પર તેના ઉપયોગથી સદકાનો હુકમ લાગુ પડશે. એ જ પ્રમાણે ફતાવા હિંદિયામાં છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

*(ફતાવા હિંદીયા, ૧/૨૬૬)*

## એહરામની હાલતમાં અલગ અલગ જગ્યાએ લાગેલી ખુશ્બુઓથી બચવાનો અથવા ન બચવાનો હુકમ

**(ચોથી બેઠક : ૧૩ સફર મુઝફ્ફર હિ.સ. ૧૪૪૧ / ઈ.સ. ૧૩ ઓક્ટોબર ૨૦૧૯, રવિવાર, ઈશા બાદ)**

**સવાલ નં. ૧ :** એહરામ બાંધ્યા પછી ફલાઈટ, એરપોર્ટ, બસ, તેમજ મસ્જિદે હરામમાં લગાડવામાં આવેલ ખુશ્બુઓથી બચવા માટે શું કરવામાં આવે ? જો આ (ઉપરોક્ત) જગ્યાઓની ખુશ્બુથી મોહરિમના કપડાં અથવા શરીરના કોઈ ભાગમાં જાણી જોઈને અથવા ભૂલથી ખુશ્બુ લાગી જાય તો તેના માટે શું હુકમ છે ?

**જવાબ નં. ૧ :** જો માત્ર ખુશ્બુદાર વાતાવરણના કારણે મોહરિમનું શરીર અથવા કપડા ખુશ્બુદાર થઈ જાય અને તેનો મક઼સદ બદન અથવા કપડાને ખુશ્બુદાર કરવાનો ન હોય તો તેમાં કોઈ વાંધો નથી. અને જો ઈરાદો મક઼સદ ખુશ્બુદાર કરવાનો હોય તો મકરૂહ થશે.

અને જો સ્વંય ખુશ્બુનો જ ભાગ લાગી જાય તો હુકમની વિગત તે જ રહેશે જે ખુશ્બુ લાગવામાં હોય છે.

જેમ કે ફતાવા હિંદિયામાં તેમજ ફત્હુલ ક઼દીરમાં છે : (ખુલાસો) જો કોઈ વ્યક્તિ ઘરમાં દાખલ થઈ અને ખુશ્બુદાર વસ્તુ તેના ઉપર પડી અને તેનાથી કપડાં ઉપર ખુશ્બુ આવી ગઈ તો તેમાં કોઈ વાંધો નથી કેમ કે તેનો મક઼સદ ખુશ્બુ લગાડવો નથી. જ્યારે કે જો જાતે કપડા ઉપર ખુશ્બુદાર પથ્થર વગેરે લગાડે અને ખુશ્બુ રહી જાય તો કપડામાં તે જો વધારે માત્રામાં હોય તો તેના ઉપર દમ છે અને ઓછી હોય તો સદકો છે. એ જ પ્રમાણે જો અત્તર વેચનાર પાસે બેસ્યો તો પણ કોઈ વાંધો નથી. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

*–(માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, જાન્યુ. ૨૦૨૦)*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **યુ.કે. :** (લેસ્ટર) ખાતે ઈલ્યાસભાઈ દાઊદમૂસા બાજીભાઈ (દયાદરાવાળા)નો તા. ૦૭–૦૪–૨૦૨૦, મુા. ચાંદ ૧૨ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૧, મંગળવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે.
- **બોલ્ટન :** (યુ.કે. ઈંગ્લેન્ડ) ખાતે સિરાજ મુહમ્મદ દરબારનાં એહલિયા આતિકા સિરાજ દરબાર (દયાદરાવાળા)નો તા. ૧૩/૦૬/૨૦૨૦, મુા. ચાંદ ૨૦ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૪૧, શનિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે.
- **કરજણ :** (જિ. વડોદરા)થી હાફેઝ મહબૂબ જણાવે છે કે અમારા ગામના પેશ ઈમામ મૌલાના સૈયદ ઈમરાન બાપુનાં અહલિયા મોહતરમાનો ઈન્તેકાલ તા. ૩૦–૫–૨૦૨૦ના રોજ થયો છે. મર્હૂમા ખૂબ જ સારા સ્વભાવવાળા, ખાનદાની નેક ઔરત હતાં. ★ રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકે સૌની મગફિરત ફર્માવે. (આમીન)

# હિજામાની સુન્નત

## અનેક બીમારીઓનો ઈલાજ

માનવ સ્વાસ્થ્યનો આધાર સ્વચ્છ રક્ત ઉપર છે, જો રક્ત ખરાબ હોય તો મનુષ્ય વિવિધ પ્રકારના રોગોમાં સપડાય જાય છે. 'હિજામા' વિશ્વમાં ઝડપથી પ્રખ્યાત થનાર ઈલાજનો તરીક઼ો છે, જેને આધુનિક સાયન્સમાં **Cupping Therapy**ના નામથી ઓળખવામાં આવે છે જે એક નાના ઓપરેશનની જેમ હોય છે, જેમાં શરીરની વિવિધ જગ્યાઓ પર વેક્યુમ પ્રેશર (**Vacuum Pressure**) દ્વારા ખરાબ પ્રદાર્થને બારીક બારીક ચીરા લગાડી રક્તના રૂપમાં કાઢવામાં આવે છે જે મૃત કોશ (**Cells**)ને નવજીવન અપર્ણ કરે છે, જેના કારણે માનવ શરીર ઘણી બધી બીમારીઓથી શિફા પામે છે, અને શરીર તથા આત્મામાં તાજગી આવી જાય છે.

પૂરાણા જમાનામાં શિંગડા વડે વેક્યુમ પ્રેશર લગાડવામાં આવતુ હતુ એટલા માટે જ તેને "સિંગી લગાડવું" કહે છે. તેનું એક નામ "પછના લગાડવું" પણ છે. આ ઈલાજ શરીર માટે ખૂબ જ લાભદાયક છે, તેના દ્વારા શરીર ઘણા બધા રોગોથી મુક્તિ પામે છે અને શરીરને સંપૂર્ણ આરામ અને સુકૂન મળે છે.

હિ઼જામાના અસંખ્ય ફાયદા છે, આ ઈલાજ સદીઓથી ચાલતો આવી રહ્યો છે, તેની લોકપ્રિયતાનું એક કારણ એ છે કે તે સુન્નત છે અને સંપૂર્ણ ઈલાજ છે, જેઓને ક્યાંયથી પણ શિફા નથી મળતી તેઓ હિ઼જામાની ચમત્કારિક અસરથી શિફાયાબ થઈ રહ્યા છે.

અહીંયા એ બતાવવું જરૂરી છે કે હિજામા ઈસ્લામની શોધ નથી, આ ઈલાજનું વર્ણન **Ebers Papyrus** નામી કિતાબમાં છે જે ૧૫૫૦ વરસ ઈસ્વી સન પૂર્વેની પ્રસિધ્ધ તિબ્બી કિતાબ છે. આ કિતાબ અનુસાર ચીનમાં હિજામા ત્રણ હજાર વરસ ઈસ્વી સન પૂર્વેથી પ્રચલિત છે. આ ચીનનો ક઼ૌમી ઈલાજ છે, પરંતુ રસૂલે અકરમ ﷺએ તેને અપનાવ્યો અને પસંદ ફર્માવ્યો. એ વાત પણ સ્પષ્ટ કરવી જરૂરી છે કે આ ઈલાજ કોઈ રીતે બીમાર માટે તકલીફ આપનાર નથી અને હિ઼જામાની કોઈ આડઅસર પણ નથી. કેમ કે હિ઼જામા કરવામાં કપ લગાડતા પહેલાં કપ લગાડવાની જગ્યા પર હલ્કા હલ્કા ચીરા પાડવામાં આવે છે જેથી ત્યાંથી લોહીના ટીપાં સરળતાથી બહાર આવી શકે એટલા માટે સામાન્ય રીતે લોકો સમજે છે કે આ એક તકલીફ આપનાર કામ હશે, જ્યારે કે હક઼ીક઼તમાં આવુ બિલ્કુલ નથી. હિ઼જામા સામાન્યતઃ પીઠ પર કરવામાં આવે છે, એ સિવાય જ્યાં તકલીફ હોય ત્યાં પણ કરી શકાય છે, હિ઼જામા કરવામાં દસથી પંદર મિનીટનો સમય લાગે છે, બીમારને ત્યારે આશ્ચર્ય થાય છે જ્યારે તેને ખબર પડે છે કે હિ઼જામા સંપૂર્ણ થઈ ચૂક્યો છે અને તેને કોઈ તકલીફ પણ ન થઈ.

હિ઼જામા વિશે અધિકતમ્ લોકોમાં ગલતફહમી અથવા જાણકારી ન હોવાના કારણે જ્યાં તેની સહૂલત પ્રાપ્ય છે ત્યાં પણ લોકો તેનાથી કતરાય છે, જ્યારે કે તેમાં શિફા છે અને એ ઈલાજનો ઉત્તમ તરીક઼ો છે. તેની ફઝીલત હદીષમાં આવી છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, "ઉત્તમ ઈલાજ જે તમે કરો છો હિ઼જામા લગાડવું છે."

*(સહીહ બુખારી, ૫૬૯૬)*

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلام મેઅ્‌રાજની રાત્રે

❒ ➻ **રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* ❒

ફરિશ્તાઓની જે જમાઅત પાસેથી પણ ગુજર્યા તેમણે આપનાથી એ જ અર્ઝ કર્યું કે, પોતાની ઉમ્મતને હિ઼જામાનો હુકમ આપો.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે, નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : "મેઅ્‌રાજની રાત્રે હું ફરિશ્તાઓની જે પણ જમાઅત પાસેથી પસાર થયો તેમણે એ જ કહ્યું, "હે મુહમ્મદ ! ﷺ આપ હિ઼જામાને અનિવાર્ય કરી લો." *(સહીહ ઈબ્ને માજહ, ૨૮૧૮)*

સતત સંશોધન બાદ અમેરિકા સહિત સમગ્ર પશ્ચિમી જગતે પણ હિ઼જામાના ફાયદા સ્વીકારી લીધા છે. પશ્ચિમી નિષ્ણાંતોની સતત શોધના કારણે હવે હિ઼જામામાં ઘણી બધી નવી ટેકનિકો સામે આવી છે. માનવ શરીરમાં લગભગ ૧૪૫ એવી જગ્યાઓને ચૂંટીને એક નક્શો બનાવવામાં આવ્યો છે જ્યાં હિ઼જામા લગાડી શકાય છે.

હિ઼જામા લગાડવા માટે સૌ પ્રથમ બીમારીને સુનિશ્ચિત કરવી જરૂરી છે, પછી જ્યારે એ માલૂમ થઈ જાય છે કે બીમારી લોહીની ખરાબીના કારણે છે તો તેનો સૌથી ઉત્તમ ઈલાજ હિજામા છે. સામાન્યતઃ હિ઼જામા એ જગ્યાઓ પર કરવામાં આવે છે જ્યાં બીમારી હોય, જેમ કે કોઈને જઠરની બીમારી છે તો જઠરના ઉપર હિ઼જામા કરવામાં આવે છે અને કોઈને હૃદય ઉપર કરવામાં આવે છે. કોઈને માથામાં તકલીફ હોય તો માથાનો હિ઼જામા કરવામાં આવે છે. અન્ય ઘણી બીમારીઓમાં ગરદન નજીક ખભા દરમિયાન પણ કરવામાં આવે છે.

## હિ઼જામા કેટલીકવાર કરાવવો જોઈએ ?

જો એકવાર હિ઼જામા કરાવવાથી બીમારી ઠીક ન થાય તો બે સપ્તાહ અથવા એક મહિનાના અંતરથી ત્રણથી સાતવાર કરાવવો જોઈએ અથવા જે રીતે ડોકટર સલાહ આપે.

## હિ઼જામા કઈ કઈ બીમારીઓમાં કરાવી શક્ય છે ?

અલ્લાહ તબારક વ તઆલાએ હિ઼જામામાં ઘણી શિફ઼ા રાખી છે અને લગભગ બધી જ બીમારીઓમાં હિ઼જામા કરાવી શકાય છે. વિશેષ રીતે અમુક બીમારીઓમાં તેની ચમત્કારિક અસરો સામે આવી છે, જેમ કે બ્લડ પ્રેશર, સ્નાયુઓની તકલીફ, હરસ, નજરની કમજોરી, ડિપ્રેશન, આધાસીસીનો દુઃખાવો, ચક્કર આવવા, કિડનીની તકલીફ, ખભાની તકલીફ, પગનો દુઃખાવો, કમર દર્દ, ઈર્કુન્નિસા (**Sciatica** કમરથી એડી સુધીના સ્નાયુઓમાં થતો દર્દ), દિમાગી રોગો, કોઢ, એલર્જી અને બીજી ઘણી બધી બીમારીઓ. શરીરમાં ક્યાંય પણ દુઃખાવો હોય ત્યાં પણ હિ઼જામા કરાવી શકાય છે.

નીમ હકીમોની જેમ હિજામાના માટે પણ જગા જગાએ ક્લિનિક ખુલી ગયા છે, હિ઼જામા લગાડવા માટે અનુભવી થેરાપિસ્ટનું હોવું જરૂરી છે કારણ કે બિનઅનુભવી વ્યક્તિ સહીહ હિ઼જામા નથી લગાડી શક્તો.

**હિ઼જામાના ફાયદા** : તેનાથી બુદ્ધિ વધે છે, સ્મરણ શક્તિ તેજ થાય છે, લોહીનું ઓછુ હોવું બીમારીઓને જન્મ આપે છે અને હિ઼જામા લોહીને સાફ કરે છે જેનાથી નાની નસો પર સારી અસર રક્તના પરિભ્રમણને ઉત્તમ બનાવે છે, કરોડરજ્જુના આંત્રિક ભાગને સક્રિય બનાવે છે, તેના દ્વારા ખૂનની કમી પૂરી થાય છે અને શરીરમાં રહેલું ખરાબ લોહી બહાર નીકળી જાય છે. તેનાથી રક્તનું ભ્રમણ સારુ થવાથી એ જગ્યાઓમાં પણ લોહી પહોંચે છે જ્યાં સુધી પહેલાં લોહી પહોંચતું ન હતું. એ સ્નાયુઓની તકલીફમાં ફાયદો પહોંચાડે છે. **Angina**, દમ અને ફેફસાની બીમારીઓમાં લાભકારક છે. આધાસીસી,

માથાનો દુઃખાવો, દાંતોનો દુઃખાવો અને ફોલ્લાઓનો ઉત્તમ ઉપાય છે. ખરાબ ચરબીને ઘટાડી લાભદાયી ચરબીને વધારે છે. ચર્મ રોગોમાં ફાયદાકારક છે, હાઈ બ્લડ પ્રેશરમાં અરામ આપે છે, ઈર્કુન્નિસા, સાંધાના દુઃખાવાથી છૂટકારો અપાવે છે, એ સિવાય આંખોની બીમારી, આળસ, સુસ્તી, અધિક નિંદ્રા, ખીલ, **Blackhead**, ભગંદર, ખુજલી, એલર્જી અને પરૂવાળા ઘા માટે પણ હિ઼જામા લાભદાયક છે. તદ્ઉપરાંત શરીરના કોઈ ભાગમાં દુઃખાવો હોય તો તે ભાગમાં હિજામા કરાવવાથી લાભ થશે, તંદુરસ્ત લોકો પણ હિ઼જામા કરાવી શકે છે, કારણ કે એ ન કેવળ સુન્નત છે બલ્કે બીમારીઓને હુમ્લો કરવાથી પણ રોકે છે.

## હિ઼જામા માટે સાવચેતીના સૂચનો

હિ઼જામા કરાવ્યા પછી એક કલાક સુધી કાંઈ પણ ખાવા પીવાથી બચવું જોઈએ. ઘણા વધારે દુબળા અને કમજોર લોકો, ગર્ભપાત કરાવનાર સ્ત્રીઓએ બચવું જોઈએ, જિગરની બીમારીઓમાં સપડાયેલા લોકો ગુર્દાની સફાઈ કરાવનાર રોગી અને એવી બીમારીઓ જેમાં લોહી નથી રોકાતુ તેવી બીમારીઓના રોગી હિ઼જામા ન કરાવે. આધેડ ઉમરના લોકો જે કમજોર હોય તેઓ ત્યાં સુધી હિજામા ન કરાવે જ્યાં સુધી અત્યંત જરૂરી ન હોય. પાણીની કમીવાળા બાળકોને પણ ન કરાવવામાં આવે, સ્નાન કર્યા પછી તુરંત અને ઉલ્ટી થયા બાદ તુરંત પણ ન કરાવવામાં આવે. પગ અને ઘુંટણમાં સોજો હોય તો હિજામા એ જગ્યાએથી દૂર સાવચેતીની સાથે કરાવવામાં આવે. એક જ સમયમાં બેથી અધિક હિ઼જામા ન કરાવવો જોઈએ. લોહીની કમીવાળા દર્દીએ પોતાના ડૉક્ટરના મશ્વરાથી હિ઼જામા કરાવે. ગર્ભવતી મહિલાઓએ શરૂઆતના ત્રણ મહિનામાં ન કરાવવો જોઈએ. ડાયાબિટિશના દર્દીએ હિ઼જામા કરાવતા પહેલાં પોતાનું શુગર ચેક કરાવી લેવું, શુગર લગભગ ૧૦૦ મિલિગ્રામ હોવું જોઈએ.

ઉપર વર્ણન કરેલ સાવચેતીઓ પ્રમાણે બીમાર હિ઼જામા કરાવી શકે છે, આ ઘણો જ જલ્દી અસર કરનાર ઈલાજ છે.

*(માહનામા અશ્રફિયા–મુબારકપુર, જૂન–૨૦૧૯)*

**હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !**

**એક હિસ્સાના રૂા. ૨૬૦૦/–**

**:: સંપર્ક કરો ::**

**ઈસ્લામિક વલ્ફેર મિશન દયાદરા**

મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::**
**ક઼ારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા**
**મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬**

**:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::**

| | |
|---|---|
| તારીક઼ભાઈ શેખ–ભરૂચ | મો. ૯૪૦૮૭૩૬૯૬૫ |
| મુઈનભાઈ શેખ–ભરૂચ | મો. ૯૮૭૯૭૫૩૨૧૬ |
| હાફેઝ અબ્દુર્રહીમ સાહબ | મો. ૯૪૨૬૮૪૦૨૭૭ |
| બશીરભાઈ લાંગ્યા–દયાદરા | મો. ૯૪૨૭૮૩૭૫૯૦ |
| શફીભાઈ ખંભાતવાલા | મો. ૯૯૦૪૫૯૬૬૮૨ |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો :** "મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો." *–તંત્રી*

# કાદયાનિયત વર્તમાનકાળનો સૌથી મહાન ફિત્નો

કુર્આન શરીફ અને હદીષે રસૂલની રોશનીમાં એ વાત સાફ અને સચોટ છે કે બધા નબીઓમાં છેલ્લા નબી આપણા આકા ﷺ છે. ખત્મે નબુવ્વતનો મુન્કિર કુર્આન અને હદીષનો મુન્કિર, કાફિર, ઈસ્લામી અને માનવતાના જગતમાં હમેશાં અસ્વીકાર્ય રહ્યો છે, આજે પણ છે અને ક઼યામત સુધી રહેશે. ગૈબ જાણનારા પૈગંબર મુસ્તફા જાને રહ્‌મત ﷺએ પોતાના સમયમાં ક઼ાયદેસર ખબર આપેલી કે **મારા સમયથી લઈ ક઼યામત સુધી ત્રીસ દજ્જાલો નબુવ્વતના દાવેદાર થશે**, અને અમુક હદીષોમાં સત્તાવીસ જૂઠા નબુવ્વતના દાવેદરોનું બયાન છે, જેમાં અમુક બદ્‌માશ સ્ત્રીઓનું પણ વર્ણન છે, જેમાંથી અમુક સ્ત્રીઓ પેદા થઈ ચૂકી છે. સહાબાએ કિરામથી લઈને અવલિયાએ કિરામ સુધી સૌનો એક જ અક઼ીદો હતો અને આજે પણ સુન્ની જગતનો એ જ અક઼ીદો છે કે હુઝૂર ﷺ 'ખાતમુન્નબિય્યીન' એટલે કે 'છેલ્લા નબી અને છેલ્લા રસૂલ' છે.

## ★ અંગ્રેજોનો ભક્ત ગુલામ અહમદ ક઼ાદયાની ★

ક઼ાદિયાનના સ્થળે જન્મ લેનાર સૌથી ખરાબ વ્યક્તિ ગુલામ અહમદ ક઼ાદયાની માનસિક રીતે પણ અસંતુલિત હતો. ઘણી બધી બીમારીઓનો મેળાવડો હતો. માનવતાના ઈતિહાસ, તિબ્બે નબવી અને વર્તમાન સમયના રોગ વિશેષજ્ઞોનો સામૂહિક ફેંસલો છે કે આ પ્રકારની વ્યક્તિઓ કાંઈ પણ દાવો કરી શકે છે. બીજુ મહત્વનું કારણ એ છે કે ઈસ્લામ દુશ્મન અંગ્રેજોએ પણ તેને પ્રોત્સાહન આપ્યું કે અમારા લાલ આગળ વધ ! અમે તારી સાથી છીએ. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નામ પર ભારત પર કબ્જો જમાવનારા અંગ્રેજો વિરુદ્ધ આખો દેશ ઊભો હતો, તેમના વિરુદ્ધ જેહાદનો ફત્વો આપવામાં આવ્યો. પરંતુ, આ જાલિમ (ક઼ાદિયાની) અને બીજા એના જેવા બદ્‌અક઼ીદા લોકોએ તેમના વિરુદ્ધ જેહાદ તો દૂરની વાત છે એવું વિચારવા પર પણ પાબંદી લગાડી, અને કાયદેસર દાવો કરતા રહ્યા કે અંગ્રેજ ગવર્નમેન્ટ મુસલમાનો માટે ઘણી મહત્વની છે, આ રાજમાં શાંતિ છે, બલ્કે આ બદ્‌નસીબે તો બ્રિટીશ ગવર્નમેન્ટને اولی الأمر منکم હેઠળ લાવી મોટા સન્માનની હક્ક઼દાર હોવાનો દાવો કર્યો. આ અને આ પ્રકારના બીજા લખાણો તમે એની કિતાબોમાં જોઈ શકો છો. ખાસ બાબત એ છે કે આજે વિવિધ સ્તરે અને ખાસ કરીને ભારતમાં આ લોકો ઘણી ઝડપથી મુસ્લિમ વિસ્તારોમાં પોતાનો પ્રભાવ પેદા કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

## ★ હુઝૂર ﷺ પછી નબીનું થવું શક્ય બતાવે તે કાફિર ! ★

અલ્લાહ તબારક વ તઆલા કુર્આન શરીફમાં ફર્માવે છે :

مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ وَ لٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ ؕ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَیْءٍ عَلِيْمًا ۠

"મુહમ્મદ (ﷺ) તમારા પુરૂષોમાંથી કોઈના બાપ નથી, હા ! અલ્લાહના રસૂલ છે અને 'સૌ નબીઓમાં છેલ્લા' અને અલ્લાહ તઆલાને દરેક વસ્તુનો ઈલ્મ છે." *(સૂ. અહઝાબ, ૪૦)*

કુર્આન શરીફની આ આયતે કરીમાનો દરેક સમયના ઉલમા અને મશાઈખે એ જ અર્થ સમજ્યો

➻ રજૂકર્તા : મૌલાના હાફિઝ અબ્દુર્રહમાન પટેલ (પારખેતી)*(રિસર્ચ સ્કોલર : જામેઆ અશરફિયા–મુબારકપુર)*

અને સમજાવ્યો છે કે નબીએ આખેરુઝ્ઝમા ﷺ તમારામાંથી કોઈ પુરૂષના પિતા નથી, ખરેખર ''رِجَالٌ''તો શબ્દ બાલિગ મર્દ માટે વપરાય છે. નિઃશંક ! હુઝૂર ﷺના દિકરા થયા. હઝરત કાસિમ, અબ્દુલ્લાહ જેમનો લકબ તૈયબ તથા તાહિર છે અને હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ પરંતુ આપના આ મુબારક દિકરાઓ બાલિગ થતા પહેલાં જ ઈન્તેકાલ કરી ગયા. ''રિજાલ'' એટલે કે બાલિગ મર્દની અવસ્થાએ ન પહોંચી શક્યા. હવે એ વાત તો તમે સારી રીતે જાણો છો કે કુર્આન શરીફ અલ્લાહ તબારક વ તઆલાનું કલામ છે અને સૌથી વધુ બલીગ (દમદાર) છે. આયતોમાં એકબીજાની વચ્ચે સંબંધ હોય છે. જ્યારે કે આ આયત સૂરએ અહઝાબની આયત છે, એવું કઈ રીતે બની શકે છે કે એમાં કોઈ પરસ્પર જોડાણ ન હોય, અને તેની કડી વચ્ચે સંબંધ ન હોય, એટલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ તેના બંનેવ ભાગમાં સ્પષ્ટ કરી દીધું કે તે અલ્લાહ તઆલાના રસૂલ ﷺ અને તમામ નબીઓમાં છેલ્લા છે. હવે આપના બાદ કયામત સુધી કોઈ નબી નથી આવી શકતો, ન તાબેદાર, ન હેઠળનો નબી, ન ઉમ્મતી નબી અને ન કોઈ શરીઅત માનનાર નબી, એટલે કે હવે કોઈ (પણ પ્રકારનો) નબી નથી થઈ શક્તો. ફિકહે હનફીના શૈખ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ તો ત્યાં સુધી ફર્માવી દીધું કે, ''હવે પછી નબી આવવાનું શક્ય હોવા પર દલીલ માગનારાને પણ હું કાફિર સમજુ છું.''

આ જ આયતની તફસીર હેઠળ ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : ''એટલે કે છેલ્લા નબી કે નબુવ્વત આપના પર ખત્મ થઈ ગઈ, આપની નબુવ્વત બાદ કોઈને નબુવ્વત નથી મળી શકતી, ત્યાં સુધી કે જ્યારે હઝરત ઈસા علیہ السلام નાઝિલ થશે તો ભલે નબુવ્વત પહેલાં પામી ચૂક્યા હશે, પરંતુ નાઝિલ થયા બાદ અમલ શરીઅતે મુહમ્મદિયહ પર કરશે અને આ જ શરીઅત પ્રમાણે હુકમ બયાન કરશે અને આપ ﷺના જ કિબ્લા એટલે કા'બા શરીફ તરફ નમાઝ પઢશે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું નબી હોવું કતઈ છે. કુર્આન શરીફની આયત એના પર દલીલ છે, અને સિહાહની (સહીહ હદીષોની છ કિતાબોની) ઘણી બધી હદીષો તો તવાતુરની હદે પહોંચેલી છે. આ બધી (દલીલોથી) સાબિત છે કે **હુઝૂર ﷺ સૌથી છેલ્લા નબી છે. આપના બાદ કોઈ નબી થનારો નથી, જે હુઝૂર ﷺની નબુવ્વત બાદ બીજા કોઈને નબુવ્વત મળવું શક્ય સમજે તે ખત્મે નબુવ્વતનો મુન્કિર તથા કાફિર અને ઈસ્લામથી ખારિજ છે.**

કુર્આન અને તફસીરની રોશનીમાં સચોટ દલીલોથી સાબિત થઈ ગયું કે આપણા આકા علیہ الصلوٰۃ والسلام છેલ્લા નબી છે. એનો મુન્કિર કુર્આનનો મુન્કિર અને ઈસ્લામથી ખારિજ છે. આપ ﷺના સમયમાં અથવા આપના પછી જે નીચ વ્યક્તિ નબુવ્વતનો દાવો કરે છે તે બદ્દમાશ અને જૂઠો છે. આવા ખરાબ વ્યક્તિનો ઈસ્લામથી કોઈ સંબંધ નથી, જેવું કે પાકિસ્તાન ગવર્નમેન્ટે કાદયાનીને ગેરમુસ્લિમ હોવાનો કાયદો પાસ કર્યો છે. આ વિષયમાં પાકિસ્તનના ઉલમાએ અહલે સુન્નતનો પાયાનો રોલ છે. નીચે અમે આકા ﷺના છેલ્લા નબી હોવા પર અમુક હદીષો રજૂ કરીએ છીએ.

## ★ હુઝૂર ﷺના અંતિમ નબી હોવું હદીષોની રોશનીમાં ★

''રિસાલત અને નબુવ્વતનો ક્રમ ખત્મ થઈ ગયો, મારા બાદ ન કોઈ નબી છે ન કોઈ રસૂલ.''

*(તિર્મિઝી, હદીષ નંબર : ૨૨૭૨)*

તિર્મિઝી શરીફ સિહાહ સિત્તહમાં (હદીષની છ કિતાબોમાં)ની અનોખી કિતાબ છે. એટલે કે હદીષના

નિષ્ણાતોએ તેના અમુક અન્ય પાસાંઓ પર રોશની નાખી છે. આ રસૂલુલ્લાહ ﷺના સચોટ ફર્માન બાદ પણ કોઈ ખબીષ પોતે નબી હોવોનો દાવો કરે છે તો તે બદ્‌મઝહબ, કાફિર, બદ્‌માશ અને જૂઠો તો હોઈ શકે છે પણ મુસલમાન નથી હોઈ શક્તો.

તિર્મિઝીની બીજી રિવાયતમાં છે :–

"મારી ઉમ્મતમાં જલ્દી જ ત્રીસ જૂઠા થશે, જેમનામાંથી દરેક કહેશે તે નબી છે. **જ્યારે કે હું 'ખાતમુન્ નબિય્યીન' છું, મારા પછી કોઈ નબી નથી."** *(તિર્મિઝી, ૨/૪૫, મજલિસે બરકાત)*

બીજી એક હદીષ શરીફમાં છે :–

"હઝરત હુઝૈફા બિન યમાન رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહ તઆલાના નબી ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં સત્તાવીસ મોટા જૂઠા અને બદ્‌માશ થશે, તેમનામાં ચાર સ્ત્રીઓ હશે, જ્યારે કે હું બધા નબીઓમાં છેલ્લો આવનારો છું, મારા બાદ કોઈ નબી નથી." *(મુસ્નદે અહમદ, પેજ : ૧૭૫૩, બૈતુલ અફ્‌કાર)*

કુર્આને કરીમની ઘણી આયતો અને ઘણી બધી હદીષોની રોશનીમાં નસ્સે કતઈ (કુર્આન હદીષની દલીલો)થી સાબિત થઈ ચૂક્યું છે કે આપણા આકા હુઝૂર علیہ الصلوٰۃ والسلام છેલ્લા નબી છે, આપના પધાર્યા બાદ નબુવ્વતનો મહેલ પૂર્ણ થઈ ગયો, પોતે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે : "તે છેલ્લી ઈંટ હું છું અને હું ખાતમુન્ નબિય્યીન છું." આ હદીષ હસન સહીહ ગરીબ છે." *(જામેઅ તિર્મિઝી, ભાગ : ૨, પેજ : ૨૦૧)*

આ અકીદો રસૂલુલ્લાહ ﷺના સમયથી લઈને આજ સુધી તમામ બુઝુર્ગાને દીનનો રહ્યો છે. સહાબાએ કિરામ, તાબઈન, મુજતહિદ ઈમામો, દરેક સમયના સાચા ઉલમા અને અવલિયાએ કામિલીનનો રહ્યો છે. અને અલ્લાહના ફઝ્‌લથી આજે પણ આખા જગતના સવાદે આ'ઝમ અને અહલે સુન્નત વ જમાઅતનો છે.

આકા કરીમ علیہ الصلوٰۃ والسلام વધુ ફર્માવે છે : મારું અને બીજા અંબિયાએ કિરામનું ઉદાહરણ એવું છે જેવી રીતે કોઈ વ્યક્તિએ એક મકાન સંપૂર્ણ અને સુંદર બનાવ્યું પરંતુ એક ઈંટની જગ્યા ખાલી હતી, તો જે તે ઘર જઈને જોતો તે કહેતો, આ મકાન કેટલું સુંદર છે ! પણ એક ઈંટની જગ્યા ખાલી છે, તો તે એક ઈંટની જગ્યાએ હું આવ્યો, મારા પર નબીઓનો ક્રમ સમાપ્ત કરી દેવામાં આવ્યો. (બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, તફસીરે ઈબ્ને અબી હાતિમ અને ઈબ્ને મર્દવૈહમાં હઝરત જાબિરથી રિવાયત છે.)

*(અલ્ મુબીન ખત્મુન્નબિય્યીન, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ, પેજ : ૧૩)*

## ★ હુઝૂર ﷺને આખરી નબી માનવું જરૂરિયાતે દીનમાંથી છે ★

આ જ કારણે પૂરી ઉમ્મતે મુહમ્મદિયાએ ખત્મે નબુવ્વતના મસ્અલાને જરૂરિયાતે દીન ઠરાવી દીધો છે. અને એ માન્યું કે **ખાતમુન્ નબિય્યીનનો અર્થ 'છેલ્લા નબી' છે અને આમાં કોઈપણ તાવીલ, તખ્સીસ તથા તકલીદની શક્યતા નથી. જે આમાં કોઈ પ્રકારની તાવીલ તથા તકલીદ માને અથવા આનો ઈન્કાર કરે તે ઈસ્લામથી ખારિજ છે, મુસલમાન નથી.**

ઈમામ કાઝી અયાઝ رضی اللہ عنہ શિફા શરીફમાં ફર્માવે છે :–

"એ જ રીતે તે વ્યક્તિ પણ કાફિર છે જે અમારા નબી علیہ الصلوٰۃ والسلامના સમયમાં અથવા આપના સમય પછી કોઈના નબી હોવાનો દાવો કરે (પછી અમુક કુફ્રિયા અકીદા રાખનારાઓનું વર્ણન કર્યા બાદ લખે છે) આ બધા કાફિર અને નબીના મુન્કિર છે, કેમ કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ખબર આપી છે કે આપ ખાતમુન્ નબિય્યીન છે અને આપને તમામ લોકો માટે

રસૂલ બનાવવામાં આવ્યા છે, અને આખી ઉમ્મતનો એ વાત પર ઈજમાઅ છે કે, "ખાતમુન્ નબિય્યીન"નો શબ્દ તેના જાહેરી અર્થ પર જ છે, અને જે કાંઈ તેનાથી સમજાય છે (એટલે કે છેલ્લા નબી હોવું) તે જ મુરાદ છે, જેમાં ન કોઈ તાવીલ ન કોઈ અપવાદ, તો કુર્આન તથા સુન્નત અને ઈજમાઅ્ની રોશનીમાં ઉપરોક્ત લોકોના કાફિર હોવામાં તદન શંકા નથી.

એ જ રીતે હુજ્જતુલ્ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ 'કિતાબુલ્ ઈક્તેસાદ'માં ફર્માવે છે :

"એમાં શંકા નથી કે સર્વ ઉમ્મતે 'ખાતમુન્ નબિય્યીન'નો આ જ અર્થ સમજ્યો છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પછી ક્યારેય કોઈ પણ નબી નહીં થાય, ન કોઈ રસૂલ, ન તો એમાં કોઈ તાવીલ તથા અપવાદ શક્યતા નથી. જો કોઈ એમાં તાવીલ કે તખ્સીસ કરે તો એની વાત બકવાસ અને વગર પાયાની છે. તેને કાફિર કહેવામાં કોઈ મનાઈ નથી, કેમ કે તેણે કુર્આને કરીમની તે વાતનો ઈન્કાર કર્યો જેના પર આખી ઉમ્મતનો ઈજમાઅ છે કે આમાં ન કોઈ તાવીલ છે, ન કોઈ અપવાદ." *(કિતાબુલ્ ઈક્તેસાદ, પેજ : ૧૧૪)*

ફતાવા આલમગીરી એક આલિમની કિતાબ નથી બલ્કે મુગલ બાદશાહ ઓરંગઝૈબ આલમગીર رحمۃ اللہ علیہ એ તેને સેંકડો નિષ્ણાત અને લાયકાત ધરાવનારા ઉલમા અને ફક઼ીહોની એક તન્ઝીમ દ્વારા ફિક઼્હે હનફીની વિશ્વસનીય અને ભરોસાપાત્ર કિતાબોના હવાલાથી તૈયાર કરાવી છે. આ કિતાબ તમામ હનફી ઉલમાની નજરમાં લોકપ્રિય અને ભરોસાપાત્ર છે. તેમાં સ્પષ્ટતાથી લખ્યું છે :

**"જે વ્યક્તિ એ ન માને કે મુહમ્મદ ﷺ તમામ નબીઓમાં સૌથી છેલ્લા છે તે મુસલમાન નથી."** *(આલમગીરી, ભાગ : ૨, પેજ : ૨૬૩)*

મહાન મુજદ્દિદ ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વીએ رضی اللہ عنہ ક઼ાદયાનિયતના રદમાં (પોતાની) પત્રિકા 'જઝાઉલ્લાહુ અદુવ્વહુ બિઈબાઈદી ખત્મન્ નબુવ્વહ"માં ૧૨૦ હદીષો જમા કરી છે.

## ★ ક઼યામત સુધીમાં ૩૦ નબુવ્વતના જૂઠા દાવેદારો થશે ★

આક઼ા કરીમ ﷺએ ત્રીસ નબુવ્વતના જૂઠા દાવેદારોના અથવા બીજી હદીષમાં સત્તાવીસ જૂઠા પુરૂષો અને ચાર સ્ત્રીઓનું બયાન ફર્માવ્યું છે. યાદ રાખશો કે સજાહ બિન્તે હારિસે પણ નારી નબુવ્વતનો દાવો કર્યો હતો અને મુસૈલમા કઝ્ઝાબ સાથે નિકાહ કર્યો, પણ જ્યારે મુસૈલમા કઝ્ઝાબને ક઼તલ કરી નાખવામાં આવ્યો તો તે સ્ત્રીના માથેથી નબુવ્વતના દાવાનો નશો ઉતરી ગયો અને તેણે સહાબીએ રસૂલ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہના કાળમાં ઈસ્લામ ક઼બૂલ કર્યો.

હદીષ પ્રમાણે ક઼યામત સુધી જુદા જુદા સમયે નબુવ્વતનો દાવો કરનારા જૂઠાઓ જાહેર થશે, એટલા માટે દરેક કાળમાં આવા જૂઠા પેદા થયા અને ખત્મે નબુવ્વતના ચાહકોએ તે જૂઠાઓની ગરદન ઉડાવી જહન્નમમાં પહોંચાડયા :–

**૦૧.** અસ્વદ અન્સી (હિ.સ. ૧૧) એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો ફિરોઝ દૈલમીએ મહેલમાં ઘુસી તેની ગરદન તોડીને મારી નાખ્યો.

**૦૨.** મુસૈલમા કઝ્ઝબા (હિ.સ. ૧૨)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો હઝરત વહશી رضی اللہ عنہએ યમામાની જંગમાં નેઝો મારી હલાક઼ કર્યો.

**૦૩.** મુખ્તાર સક઼ફી (હિ.સ. ૨૭)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો હઝરત મુસ્અબ્ બિન ઝુબૈર સાથે લડાઈમાં માર્યો ગયો.

**૦૪.** હારિષ કઝ્ઝાબ દમિશ્કી (હિ.સ. ૬૯)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો ખલીફા અબ્દુલ મલિક બિન મરવાનના આદેશ પર ક઼તલ થયો.

**૦૫.** મુગીરા અજલી (હિ.સ. ૧૧૯)એ નબી હોવાનો જૂઠો દાવો કર્યો તો ખલીફા હિશામ બિન અબ્દુલ માલિકના સમયમાં ઈરાકના ગવર્નર ખાલિદ બિન અબ્દુલ્લાહ કસરીએ તેને જીવતો સળગાવી દીધો.

**૦૬.** બયાન બિન સમઆન તમીમી (હિ.સ. ૧૧૯)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો ઈરાકના ગવર્નર ખાલિદ બિન અબ્દુલ્લાહ કસરીએ એને જીવતો સળગાવી દીધો.

**૦૭.** બહાફરીદ નેશાપૂરીએ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો અબ્દુલ્લાહ બિન શોઅ્બા رضی اللہ عنہએ તેની ધરપકડ કરીને અબૂ મુસ્લિમ ખુરાસાનીના દરબારમાં હાજર કર્યો, જ્યાં તલ્વારથી ગરદન ઉડાડી દેવામાં આવી.

**૦૮.** ઈસ્હાક અખ્રસ્ મગ્રિબીએ નબી હોવાનો જૂઠો દાવો કર્યો તો ખલીફા અબૂ જાફર મન્સૂરની સેનાથી પરાજિત થઈ માર્યો ગયો.

**૦૯.** ઉસ્તાદ સીરી ખુરાસાનીએ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો ખલીફા અબૂ જાફર મન્સૂરના આદેશ પર ખાઝિમ બિન ખુઝૈમાએ તેના લશ્કરને પરાજય આપ્યો અને તેને કેદ કરી ગરદન ઉડાડી દીધી.

**૧૦.** અબી બિન મુહમ્મદ ખારજી (હિ.સ. ૨૦૭)એ નબી હોવાનો જૂઠો દાવો કર્યો તો ખલીફા મોઅ્તમદ્ના કાળમાં મુવફ્ફિકે તેની સેનાને હરાવી તેનુ માથુ કાપી પ્રર્દશન કર્યું.

**૧૧.** બાબક બિન અબ્દુલ્લાહ (હિ.સ. ૨૨૨)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો. ખલીફા મોઅ્તસિમના આદેશ પર તેનું એક એક અંગ કાપીને છૂટુ પાડી મારી નાખવામાં આવ્યો.

**૧૨.** અલી બિન ફઝ્લ યમની (હિ.સ. ૩૦૩)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો બગદાદના લોકોએ તેને ઝેર આપી મારી નાખ્યો.

**૧૩.** અબ્દુલ અઝીઝ બાસંદી (હિ.સ. ૩૨૨)એ નબી હોવાનો જૂઠો દાવો કર્યો તો ઈસ્લામી લશ્કરે ઘેરો નાખી પરાજય આપ્યો અને માથુ કાપીને ખલીફા પાસે મોકલાવી આપ્યું.

**૧૪.** હામીમ મજલિસી (હિ.સ. ૩૨૯)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો મઅ્મૂદા કબીલા સાથે એક લડાઈમાં અહ્વાઝના સ્થળે માર્યો ગયો.

**૧૫.** અબૂ મન્સૂર અસ્બી બરગ્વાતી (હિ.સ. ૩૬૯)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો બિલ્કીન બિન ઝુહ્રી સાથે લડાઈમાં હાર્યા બાદ માર્યો ગયો.

**૧૬.** અસ્ગર તુગ્લબી (હિ.સ. ૪૩૯)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો હાકિમ નસ્રુદૌલા બિન મરવાને એક ટુકડી મોકલી ધરપકડ કરાવી જેલમાં નાખી દીધો અને ત્યાં જ મૃત્યુ પામ્યો.

**૧૭.** અહમદ બિન કુસ્સી (હિ.સ. ૫૬૦)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો હાકિમ અબ્દુલ મો'મિને ધરપકડ કરી જેલ ભેગો કર્યો અને ત્યાં જ મૃત્યુ પામ્યો.

**૧૮.** અબ્દુલ હક્ક઼ મુર્સી (હિ.સ. ૬૬૮)એ નબુવ્વતનો જૂઠો દાવો કર્યો તો તેણે એક દિવસ ઈલાજ માટે ચીરો મરાવ્યો, અલ્લાહના ગઝબથી લોહી વહેતુ રહ્યું, ત્યાં સુધી કે મૃત્યુ પામ્યો.

**૧૯.** અબ્દુલ અઝીઝ તરાબ્લસી (હિ.સ. ૭૧૭)એ નબી હોવાનો જૂઠો દાવો કર્યો તો તરાબ્લસના ગવર્નરના આદેશ પર લશ્કરે ધરપકડ કરી ક઼તલ કરી દીધો.

પાછલા ચારસો વર્ષોમાં ઈસ્લામી બાદશાહોનો પરસ્પર વિખ્વાદ અને દીનથી દૂરીના કારણે ઈસ્લામી દેશોમાં અંગ્રેજોનું જોર વધી ગયું. એટલા માટે બાયઝીદ રોશન (હિ.સ. ૯૯૦), બહાઉલ્લાહ નૂરી (હિ.સ. ૧૩૦૮) અને ગુલામ અહમદ ક઼ાદયાની (હિ.સ. ૧૩૨૬) વગેરે જૂઠાઓ (નબી હોવાના જૂઠા દાવેદારો) સજાએ મોતથી બચી ગયા, તેમ છતાં અલ્લાહના અઝાબથી તેમનાં નામો નિશાન ખત્મ થઈ ગયાં.

### ★ દેવબંદીઓએ પ્લેટફોર્મ ઉભુ કર્યું ને ક઼ાદયાનીએ દાવો કરી નાખ્યો ! ★

અહીં અમે દેવબંદી વર્ગની કિતાબ ''તહઝીરુન્નાસ''નું સ્મરણ પણ જરૂરી સમજીએ છીએ. મૌલાના ક઼ાસિમ નાનત્વીએ 'ખાતમુન્ નબિય્યીન''નો પોતે ઘડેલો અર્થ બયાન કરી નવા નબીના આગમનની શક્યતા ઊભી કરી, પરંતુ તે પ્રોગ્રામ બનાવતા જ રહી ગયા અને હજારો ડગલાં આગળ જઈ ગુલામ અહમદ ક઼ાદયાનીએ હજારો નબીઓના આગમનનું એલાન કરી દીધું ! અને ત્યાર બાદ પોતે શરીઅતયુક્ત નબી હોવાનું બોગસ એલાન કરી નાખ્યું.

અમારે અત્રે કહેવું એ છે કે આજે ભારત, પાકિસ્તાન અને બીજા દેશોમાં ક઼ાસિમ નાનોત્વીના માનનારા જે 'ખત્મે નબુવ્વત' કોન્ફ્રન્સો અને સેમીનાર'' યોજી રહ્યા છે, તેમને આ હક્ક઼ ક્યાંથી મળ્યો ?! એક તરફ ખત્મે નબુવ્વતના મુન્કિર ક઼ાસિમ નાનોત્વીના ભક્ત હોવું અને બીજી બાજુ ખત્મે નબુવ્વતના માટે કામગીરી બતાવવી, ક્યાંનો ન્યાય છે ?! (આવી બુદ્ધિ પર રડવુ આવે છે !)

દેવબંદી મોલ્વી ક઼ાસિમ નાનોત્વીએ તહઝીરુન્નાસ પેજ–૨૮ પર લખ્યું કે, **''બલ્કે બિલ્ફર્ઝ બાદ ઝમાનએ નબવી ભી કોઈ નબી પેદા હો તો ફિર ભી ખાતમિય્યતે મુહમ્મદીમાં કુછ ફર્ક઼ ન આયેગા.''** ''બિલ ફર્ઝ'' (જો કદાચ, ધારો કે)નું લેબલ લગાડીને નવા નબીના આગમનની શક્યતા ઊભી કરી, પણ ખબીષ ગુલામ અહમદ ક઼ાદયાનીએ ક઼ાયદેસર હજારો નબીઓના આગમનનું એલાન કરી દીધું ! તે લખે છે :–

''તેમણે એમ સમજી લીધું કે ખુદાના ખજાના ખત્મ થઈ ગયા, તેમનું આમ સમજવું ખુદાનું સ્થાન ન સમજવાના કારણે છે, નહિતર એક નબી શું હું તો કહું છું (હુઝૂર ﷺ બાદ) હજારો નબી થશે.'' *(અન્વારે ખિલાફત, પેજ : ૬૨)*

મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાનીએ સૌથી છેલ્લે શરીઅતયુક્ત નબી હોવાનો દાવો કર્યો. મરદૂદ ક઼ાદયાનીનો દાવો છે કે તેના મો'જિઝા તેના દાવાના પુરાવા છે. રમઝાન હિ.સ. ૧૩૧૨ / ઈ.સ. ૧૮૯૪માં સૂર્યગ્રહણ થયું હતું, ક઼ાદયાનીએ દાવો કર્યો કે આ ગ્રહણ તેનો મો'જિઝો છે, આનાથી તેના દાવાનું સમર્થન થાય છે. સાથે એ પણ લખ્યું છે કે હુઝૂરના માટે ચંદ્રગ્રહણ થયું હતું અને મારા માટે ચાંદ અને સૂરજ બંનેવનું ગ્રહણ લાગ્યું.

હવે અમે અમુક વાતો મહાન જૂઠા ગુલામ અહમદ ક઼ાદયાની વિશે રજૂ કરીએ છીએ. આ બદ્નસીબ ક઼ાદ્યાન, જિલ્લા : ગોરદાસપૂર પંજાબમાં ૧૮૩૯ અથવા ૧૮૪૦ ઈસવીમાં પેદા થયો, અને ૧૯૦૮માં શરમજનક મૃત્યુ પામ્યો. આ જૂઠા બદ્માશની ખરાબ વાતો તો ઘણી બધી છે, અહીં નીચે અમે અમુક ખાસ વાતો નોંધીએ છીએ.

એ તો તમે સારી રીતે જાણો છો કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના રસ્તે જે અંગ્રેજોએ ભારત પર કબ્જો જમાવ્યો તેમણે ભારતનું શાસન મુસલમાનો પાસેથી મેળવ્યું. મહાન ઉસ્તાદ, મુજાહિદે આઝાદી હઝરત અલ્લામા

ફઝલે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہએ કાયદેસર દિલ્હીની જામા મસ્જિદમાં જેહાદનો ફત્વો આપ્યો, આખા ભારતના મુસ્લિમો અંગ્રેજો વિરુદ્ધ જેહાદ કરી રહ્યા હતા, પણ અફસોસ ! કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, સૈયદ અહમદ રાયબરેલ્વી અને ગદ્દારે ઈસ્લામ ગુલામ અહમદ કાદયાની અંગ્રેજોને પોતાના મદદગાર લખી રહ્યા હતા ! જેહાદનો સતત વિરોધ લેખિત અને મૌખિક રીતે કરી રહ્યા હતા.

જૂઠો ગુલામ અહમદ કાદયાની લખે છે :–

"અંગ્રેજોની નાશુક્રી હરામ છે, જ્યાં સુધી તે લોકો ધર્મમાં પાયાની તબ્દીલી ન કરે, કોઈ મો'મિન સ્ત્રી પુરૂષ માટે કોઈ સારા કામમાં એવા બાદશાહની નાફર્માની યોગ્ય નથી જે પોતાની પ્રજાની રક્ષા કરે અને તેના માલ તથા જાનને બચાવતો હોય, ઉપકાર કરનાર હોય, તકલીફ દૂર કરતો હોય અને સારો સ્વભાવ વર્તતો હોય." *(અત્તબ્લીગ, ૪૨)*

**કાદયાનિયત પૂરેપૂરી અંગ્રેજોની ઊભી કરેલી ચળવળ છે. તેની બધી નીતિઓ અમેરિકા, બ્રિટન અને ઈઝરાઈલની નક્કી કરેલી છે.** હાલમાં ઈઝરાઈલ સતત પેલેસ્ટાઈનમાં મુસ્લિમોને કત્લ કરી રહ્યું છે, તેમના બાળકો અને તેમની સ્ત્રીઓ પર સતત પ્રહાર કરી રહ્યું છે, કિબ્લએ અવ્વલ બૈતુલ મુકદ્દસને મન ભરીને નુકસાન પહોંચાડી રહ્યું છે, પણ બીજી બાજુ કાદયાનીઓ માટે વિશાળ કેન્દ્રિય સેન્ટર બનાવી રહ્યું છે ! એક મુસ્લિમ દુશ્મન કૌમની કાદયાનિયત પરસ્તીનું શું કારણ છે ? કાંઈક તો છે જેના પર પર્દો નખાઈ રહ્યો છે ! સાચુ કહ્યું છે કોઈક બુદ્ધિમાને કે, **"કુફ્ર એક જ કૌમ છે."**

ગુલામ અહમદ કાદયાનીએ શરૂઆતમાં અમુક ઈસ્લાહી કામો કર્યા, મુનાઝરા કર્યા, મુજદ્દિદ અને મુહદ્દિષ હોવાનો દાવો કર્યો, પછી મેહદી, મસીહના જેવા, અવતાર, મસીહનો દાવો, તાબેદાર નબી, નાનો નબી, ઉમ્મતી નબીની સીડીઓ ક્રમે ક્રમે ચઢયો, અને છેલ્લે શરીઅતયુક્ત નબી હોવાનું એલાન કરી દીધું. હકીકતમાં આ ખરાબીઓનાં જુદા જુદા કારણો હતાં, આ જાલિમ હમેશાંનો બીમાર હતો, સતત દોરા પડવા, હિસ્ટ્રીયા, સો સો વખત પેશાબ, રગોનો ખેંચાવો, ચક્કર આવવા, પાગનપન, સતત ટેન્શન, બદ્હઝમી, નપુંસક્તા, લોહીની ઉલ્ટી, ગુર્દાનો દુઃખાવો, સખત બીમારીથી નસ રોકાય જવી, પાછળ ના ભાગેથી લોહી આવવું અને સખત દુઃખાવો, ઝાડા થવા, યાદશક્તિની કમજોરી, ગરમીના દાણા અને સખત તાવ, જબાનમાં તોતડાપણુ, આંખોથી ઓછુ દેખાવું, ખુજલી, ખતરનાક ખાંસી, અંગૂઠા અને ઘુંટણમાં દુઃખાવો, અને જેમાં મૃત્યુ પામ્યો તે જીવલેણ ચેપી બીમારી વગેરે અસંખ્ય રોગોનું પરિણામ હતું કે તે કાયમ વિરોધાભાસી બયાન આપતો, તેના બયાનો તેના જ લખાણ વિરુદ્ધ હોતાં, તેના લખાણોમાં અસંખ્ય વિરોધાભાસ છે.

## ★ મુસલમાનો સાવધાન ! આખેરતની ફિકર કરો ! ★

અત્યારે જણાવવાનું એ છે કે કાદયાનિયત આધુનિક ઈલેક્ટ્રોનિક માધ્યમો વાપરી રહી છે, હવે તેમણે કાદયાનિયત ફેલાવવા માટે યુવતીઓનો વપરાશ પણ શરૂ કરી દીધો છે. એ તો તમે સારી રીતે જાણો છો કે એક યુવાન જ્યારે પ્રેમમાં પડી જાય છે ત્યારે તેને પ્રેમિકાની દરેક વાત સારી લાગે છે, વ્યભિચાર અને બદ્કારી તો પ્રથમ દિવસથી કાદયાનિયતમાં કોઈ ખાસ ગુનોહ નથી. હવે તેમણે લગભગ એકસો ચાલીસ દેશો સુધી પોતાની વાત પહોંચાડવાનું શરૂ કરી દીધું છે. લગભગ પંદર કાદયાની ચેનલો ચાલે છે તેમાં પણ કામ વહેંચાયેલું છે, યુવાનો માટે અલગ પ્રોગ્રામ, સ્ત્રી પુરૂષોનો

વધુ પેજ 20 પર..

# કોરોનાની કરૂણતામાં આપઘાતોની વણઝાર

કાર્યાલય

વિશ્વના ઈતિહાસમાં પૃથ્વીના પટ પરની સમગ્ર માનવ જાતને દેશે દેશમાં વિવિધ તકલીફો, મુંઝવણો તથા સમસ્યાઓનો શિકાર બનાવનાર તથા અનેક જાનોને હણી લેનાર એવી બલા કે જેણે જગતભરમાં ટ્રેનો, બસો, પ્લેનો, બજારો, ઓફીસો, ધાર્મિક સ્થળો વગેરે બંધ કરાવીને લોકોને ઘરોમાં પૂરી દીધાં હોય એ જોઈ નથી. લગભગ ત્રણ મહિનાથી મદ્રસા, દારુલ ઉલૂમો, સ્કૂલો બંધ છે અને ક્યારે ખુલશે નક્કી નથી ! તો બાળકોના દીની દુન્યવી ભવિષ્યનું શું ?! આ પરિસ્થિતિ પહેલાં નથી જોવામાં આવી. વિશ્વભરમાં ખાસ કરીને હિંદમાં તા. ૨૩–૩–૨૦૨૦થી અચાનક લોકડાઉન જાહેર થયા બાદ પર પ્રાંતિયો પોતાના વતન ન જઈ શક્યા ન યોગ્ય વ્યવસ્થા ખાવા પીવા રહેવાની મેળવી શક્યા જેથી ભૂખમારા જેવી સ્થિતિ ઉભી થઈ ગઈ બલ્કે કેટલાય ભૂખે પણ મરી ગયાના સમાચારો મળ્યા છે. તેમજ રોજ કમાઈને રોજ ખાનારાઓની કફોડી હાલત થઈ એ તો જેઓએ વેઠયું હશે તે જ સમજી શકે. કેટલાય પર પ્રાંતિયો ભૂખમરાથી બચવા વતન જવા બેબાકળા બની ગયા અને સેંકડો માઈલ ચાલી નીકળ્યા અને માર્ગમાં જ કેટલાય અકસ્માતમાં કે ભૂખે તરસે મરી ગયા. કાશ ! કે તેમને પાછળથી જવાનો મોકો આપ્યો તેના કરતાં લોકડાઉન પહેલાં વતન પહોંચી જવાનો મોકો આપ્યો હોત. જો કે રબ તઆલાએ માનવ દિલમાં જે રહમ તથા દયાનો ભાવ તથા કોઈકના દુઃખે દુઃખી થઈ મુશ્કેલીમાં સપડાયેલાઓની સહાયે પહોંચવાની ભાવના માનવોમાં રાખેલી છે તેના નઝારા ઠેરઠેર જોવા મળ્યા. મોટાભાગે સેવાભાવી લોકોએ જાતે પોતે કે સંસ્થાઓ થકી ભરપુર મદદ ખાવા, પીવા, કપડાં વગેરે ચીજો પહોંચાડી જગતમાં હજી માનવતાના જીવંત હોવાનાં અનેક દષ્ટાંતો પૂરાં પાડયાં. આ સહાય કરનારા તથા તેમાં ભાગ લેનારા સૌને અલ્લાહ બદલો આપે.

## લોકડાઉનની ભયાનક આડ અસરો !

આ અચાનક આવેલી કોરોનાની બીમારીની આપત્તિના કારણે જે સંપૂર્ણ લોકડાઉન થયું તેમાં અનેક બિઝનેશમેનો, ધંધાવાળાઓની સ્થિતિ કફોડી થઈ ગઈ અને ખૂબ જ મોટા નુકસાનમાં કેટલાય લોકો પડી ગયા, દેવાદાર બની ગયા તો એનાં પરિણામો એ આવ્યાં કે કેટલાય એવા લોકોએ પોતે એકલાએ અથવા સહકુટુંબ આપઘાતો કર્યા. આર્થિક સંકડામણ અનુભવતા અનેક લોકો ડિપ્રેશનમાં જતા રહ્યા છેવટે આપઘાત કરી બેઠા. હજીય આ બાબતના સમાચારો રોજ વાંચવા સાંભળવા મળી રહ્યા છે. પણ યાદ રાખશો કે આપઘાત એ તમે વેઠી રહેલા દુઃખ કે પીડાથી છૂટકારાનો માર્ગ હરગિઝ નથી. ગમે તેવી ભારે તકલીફના સમયે પણ આત્મહત્યા ન કરવી બલ્કે અલ્લાહ પર ભરોસો રાખી સબ્રથી માર્ગ કાઢવા કોશિશો કરતા રહેવું. બધો સમય સરખો નથી રહેતો, સબબો પેદા કરનાર અલ્લાહ જ છે તેનાથી ઉમ્મીદ રાખી કોશિશો કરવામાં આવે તો જરૂર સમય પલટાય શકે છે. પોતાનું દુઃખ યોગ્ય વ્યક્તિઓમાં શેર કરીને વિચારણા કરવાથી પણ માર્ગો નીકળી શકે છે. જિંદગીથી કંટાળીને આત્મહત્યાથી તમે એવું ન વિચારશો કે આગળ છૂટકારો કે શાંતિ મળશે, હરગિઝ નહીં. બલ્કે તમે ઈમાનવાળા છો તો સમજી લો કે **આપઘાત એટલે તમોએ ટેમ્પરરી દુઃખથી ત્રાસીને હમેશાં માટેના એથીય અધિક અકલ્પ્ય દુઃખ તરફ દોટ મૂકી કહેવાશે.**

## આત્મહત્યા કરનારનો મૃત્યુ બાદ અતિ ભયાનક અંજામ

મુસલમાન માટે ત્રણ આલમ છે : **એક** આલમે દુનિયા, **બીજુ** આલમે બરઝખ (મૃત્યુ બાદથી કયામત સુધી) અને **ત્રીજુ** આલમે આખેરત (એટલે કયામતમાં જે ફેંસલો થાય જન્નત કે જહન્નમ તેમાં જવાનું અને ત્યાં લાંબો કાળ કે હમેશાં માટે રહેવાનુ) હવે વિચારો કે દુનિયામાં તો દુઃખે સુખે જીવીનેય દહાડા નીકળી જશે, છેવટે ૬૦–૭૦ વરસે મરવાનું તો છે જ ! પણ મૃત્યુ બાદ કયામત સુધી કબ્રની જિંદગી અને કયામતના હિસાબ કિતાબ બાદ આખેરત હમેશાંની જિંદગી છે તો **તમે કબ્રની લાંબી તથા આખેરતની હમેશાંની જિંદગી માટે શું તૈયારી કરી છે કે મરવા તૈયાર થઈ ગયા ? મૃત્યુ બાદ તો ઔર તકલીફો બેઈમાનો,** ગુનેહગારો માટે તૈયાર જ છે ! તેની ચિંતા કરી કે મરવા તૈયાર થઈ ગયા ?! સાંભળો ! આત્મહત્યા કરનારને કેવો દર્દનાક અઝાબ મૃત્યુ બાદ થશે તેને શાંતિથી ધ્યાનમાં લો અને સબ્ર કરતાં શીખો. કદાપિ આપઘાતનો વિચાર પણ ન લાવશો !

રસૂલુલ્લાહ ﷺએ આત્મહત્યાના બારામાં ફર્માવ્યું, "જેણે પહાડ પરથી પડીને આત્મહત્યા કરી તે સતત જહન્નમમાં પડતો રહેશે. જેણે ઝહેર ખાયને આત્મહત્યા કરી તે ઝહેર તેના હાથમાં હશે અને જહન્નમની આગમાં હમેશાં તેને ખાતો રહેશે. અને જેણે છરી વડે પોતાને કત્લ કર્યો (કયામતના દિવસે) તે છરી તેના હાથમાં હશે અને તે દોઝખની આગમાં હમેશાં છરી પોતાના પેટમાં મારતો રહેશે. *(બુખારી, કિતાબુત્તિબ્બ)* બીજી હદીષમાં છે : જેણે પોતાનુ ગળુ ઘોંટયું (ફાંસી ખાધી) તે જહન્નમની આગમાં પોતાનું ગળુ ઘોંટતો રહેશે અને જેણે પોતાને ભાલો માર્યો તે જહન્નમની આગમાં પોતાને ભાલો મારતો રહેશે.

*(બુખારી, કિતાબુજ્જનાઈઝ)*

અહીં 'હમેશાં' જે રીતે આપઘાત કરશે તે સજા જહન્નમમાં ભોગવતો રહેશે અને એક પલ ચૈન નહીં રહે. આ 'હમેશાં'નો અર્થ ઉલમાએ એ દર્શાવ્યો કે ઈસ્લામમાં આપઘાત હરામ છે અને જે એને હરામ નહીં પણ જાઈઝ સમજીને કરશે તે હમેશાં એ સજા ભોગવશે કેમ કે એ કુફ્ર છે. અથવા એ અર્થ છે કે ખૂબ જ લાંબા સમય સુધી તેને એ સજા મળતી રહેશે જો તેણે હરામ સમજીને પણ એ કૃત્ય કર્યું હશે. અરે ભાઈ ! દુનિયામાં ફકત એકવાર આપઘાત કરે તેનો જીવ કેટલી તકલીફો સાથે જતો હોય છે તો જહન્નમમાં લાંબો ગાળો પણ આ અઝાબ વેઠવાનો થાય તો એ કેટલુ ભયાનક છે તે વિચારો !

જો તમે ઈમાનવાળા છો તો ખુદ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام, સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીનની જિંદગીઓનો અભ્યાસ કરો કે તેમણે પણ કેવા ભૂખ તથા ફાકાના તેમજ અનેક આનાથી કેટલીય મહાન મુસીબતોના દિવસો કાઢયા પણ કોઈએ આત્મહત્યાનો માર્ગ નથી લીધો. તેમણે સબ્રથી જ કામ લીધું કેમ કે તેમનુ પુખ્તા ઈમાન હતું કે اِنَّ اللّٰہَ مَعَ الصّٰبِرِیْنَ "સબ્ર કરનારાઓ સાથે અલ્લાહ છે." (સૂરએ બકરહ, ૨/૧૫૩) તો આપણે પણ એના પર ચાલવા કોશિશ કરવી જોઈએ.

માટે જો તમારામાં સમજ બાકી છે તો **ઠંડા દિલથી વિચારો કે જિંદગી અમૂલ્ય ચીજ છે એ આપણને આખેરતની તૈયારી માટે મળી છે, માટે કદાપિ આત્મહત્યા કરવાની કલ્પના પણ ન કરશો** અને કોઈ તમારો ભાઈ કે બહેન એવી વાત કરે તો તેને સમજાવી તૌબા કરાવશો. અલ્લાહ કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને સાચી સમજ આપે અને સૌની મુસીબતોને આસાન ફર્માવે. (આમીન)

## દારૂલ યતામા અન્વારૂલ મુસ્તફા (યતીમખાના)માં નવા યતીમ બાળકોના પ્રવેશનો પ્રારંભ

**જુનાગઢ** : દારૂલ યતામા અન્વારૂલ મુસ્તફાના પ્રમુખ જનાબ હાજી મો. હનીફભાઈ જેઠવાની યાદી મુજબ જુનાગઢની ધરતી ઉપર અમીરે એહલે સુન્નત, ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, પીરે તરીકત, હઝરત અલ્લામા પીર નૂર મોહમ્મદ બાપુ મારફાની સાહેબ رحمۃ اللہ علیہએ તાજદારે અહલે સુન્નત, શેહઝાદએ આ'લા હઝરત, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની "યાદગાર" દારૂલ યતામા અન્વારૂલ મુસ્તફા (યતીમખાના)ની સ્થાપના તા. ૧૩–૫–૧૯૯૦ના રોજ કરેલ. આ સંસ્થા પીરે તરીકત ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહેબ નૂરીની સરપરસ્તીમાં ચાલી રહી છે. આ સંસ્થા યતીમખાનામાં જુનાગઢ તેમજ આસપાસના ગામડાના યતીમ બાળકો દીની તથા દુન્યવી તાલીમ લઈ રહ્યા છે. આ સંસ્થામાં યતીમ બાળ કોને રહેવા, ખાવા–પીવા, દવા સ્કૂલ, ટયૂશનની ઉત્તમ સગવડ આ સંસ્થા તરફથી ફ્રી આપવામાં આવે છે. આ સંસ્થામાં યતીમ બાળકોના ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે કોમ્પ્યુટર કોર્સ, એમ્બ્રોઈડરી કોર્સ, સીલાઈ કોર્સ, મીકેનીક વગેરે હુન્નરો પણ શીખવવામાં આવે છે. આ સંસ્થા (યતીમખાના)માં મુસ્લિમ સમાજના યતીમ તથા ગરીબ બાળકો પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેવા બાળકોના વાલીએ બાળકના પિતાનું મરણ સર્ટીફીકેટ, કુંપનની ઝેરોક્ષ સાથે લાવી સંસ્થાની ઓફીસ દારૂલ યતામાં અન્વારૂલ મુસ્તફા, ઈમામ અહમદ રઝા રોડ, બુકર ફલીયા, જુનાગઢ–૩૬૨૦૦૧નો સંપર્ક કરવા જણાવાયું છે. (ફોન : ૦૨૮૫–૨૬૨૭૨૬૬)

## આજે જ આ કિતાબ મંગાવો ! તમારા ઈમાનને બચાવો !

**કિતાબ : શીઆ ફિર્કાનો ઈતિહાસ અને અકીદાઓ**

**લેખક** : મૌલાના અબ્દુસ્સત્તાર હમદાણી–પોરબંદર

***હદીયો : રૂા. ૧૫૦***

**પ્રકાશક** : મરકઝે એહલે સુન્નત બરકાતે રઝા, ઈમામ અહમદ રઝા રોડ, પોરબંદર મો. 98793 03557

વર્તમાનકાળમાં ઈસ્લામના મહાન દુશ્મન બે ફિર્કા એક વહાબી બીજો શીઆ. વહાબી ફિર્કો તૌહીદની આડમાં નબીઓ વલીઓની તૌહીન કરી બદઅકીદગી ફેલાવીને "અહલે સુન્નત વ જમાઅત" જે એક જ નજાત પામનાર જમાઅત છે તેને તોડી રહેલ છે તો **બીજો બદતરીન ફિર્કો શીઆ કે જેણે "મહબ્બતે અહલે બયત"ની આડમાં અનેક લોકોને પોતાની ગુમરાહીની જાળમાં ફસાવેલ છે. આજકાલ અહલે સુન્નતને વહાબી ફિર્કાથી પણ અધિક ખતરો આ બાતિલ ફિર્કા શીઆથી છે** કેમ કે અમુક ખાનકાહવાળા પણ એમની જાળમાં અટવાયેલા જોવા છે. તો મારા ભાળા ભોળા સુન્ની ભાઈઓ ! આ ગુમરાહ કરનાર શીઆ ફિર્કાને ઓળખવા તથા તેનાથી બચવાનો તથા બચાવવાનો સામાન કરવા માટે ઉપરોક્ત દસ્તાવેજી કિતાબ જરૂરથી આજે જ મંગાવો ! તમારા ઈમાનની સલામતી ચાહતા હોવ તો એને વાંચો, વંચાવો એમાં જ અહલે સુન્નતની ભલાઈ છે. *તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે હાજી ઈસ્માઈલ ઉમરજી માટલીનો તા. ૨૨–૩–૨૦૨૦, મુ. ચાંદ ૨૬ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૧, રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે. ★ હાજી મુહમ્મદ વલી અકુજીનો તા. ૨૫–૩–૨૦૨૦, મુ. ચાંદ ૨૯ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૧, બુધવારના રોજ તથા ★ જુબૈદાબહેન મુહમ્મદ કાળાનો તા. ૦૧–૦૪–૨૦૨૦, મુ. ચાંદ ૦૬ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૧, બુધવારના રોજ તથા ★ ઝરીનાબહેન મુહમ્મદ રૂસ્તમ (ગની)નો તા. ૦૪–૦૪–૨૦૨૦, મુ. ચાંદ ૦૯ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૧, રવિવારના રોજ તથા ★ હાજી મુહમ્મદ ઈબ્રાહીમ ભુરા તા. ૧૪/૦૫/૨૦૨૦, મુ.ચાંદ ૨૦ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૧, જુમેરાતના રોજ તથા ★ હાજી ઈસ્માઈલ હાજી ઈબ્રાહીમ હાફેઝી તા. ૧૦/૦૬/૨૦૨૦, મુ.ચાંદ ૧૭ શવ્વાલુલ મુકર્રમ, હિ.સ. ૧૪૪૧, બુધવારના રોજ ઈન્તેકાલ થયો છે.
- **હાડગુડ** : (તા. જિ. આણંદ) ખાતે જનાબ સૈયદ અમજદ બાપુ (પત્રકાર)ના વાલિદ સાહબ સૈયદ હાજી નૂરમિયાં છોટુમિયાંનો તા. ૩૦–૦૩–૨૦૨૦, મુ. ચાંદ ૦૪ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૧, સોમવારના રોજ ઈન્તેકાલ થયો છે.
- **વડનગર** : હાજી નઝીર અહમદ બાપુ–વડનગર થકી રૂા. ૫૦૦/– મર્હૂમ અમીના બેન, મર્હૂમ હાજી અબ્દુર્રહીમ, મર્હૂમ અબ્દુલ અઝીઝ, મર્હૂમ અબ્દુશ્શકૂર, મર્હૂમ ઐયૂબભાઈ મર્હૂમોના સવાબ અર્થે મળ્યા છે. રબ તઆલા સૌની મગફિરત ફર્માવે (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## આહ ! ઈસ્માઈલ માસ્તર હવેલીવાલે ચલ બસે !

**લંડન** : ખાતે **મર્હૂમ જનાબ ઈસ્માઈલ માસ્તર હવેલીવાલા–દયાદરાવાળા**નો લંડન ખાતે તા. ૧૧–૪–૨૦૨૦ રવિવાર, ૧૮–શાબાન હિ.સ. ૧૪૪૧ના રોજ હાર્ટની તકલીફમાં દુઃખદ ઈન્તેકાલ થયો છે. મર્હૂમના ઈન્તેકાલના સમાચાર સાંભળી દયાદરામાં તેમજ દરેક સગાં, મિત્રો, ચાહકોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. મર્હૂમ ખૂબ જ સેવાભાવી માણસ હતા. કોઈ ગરીબનું કોઈ કામકાજ શાદી કે બીમારી કે અન્ય તકલીફમાં સહાય કરવા કરાવવા સતત સર્તક રહેતા હતા. ખાસ કરીને **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"**ના ઘણા જ ચાહક તથા સહાયક હતા તેમજ અન્ય સંસ્થાઓને પણ સહાય કરવા માટે ફિકરમંદ રહીને દોડભાગ કરતા હતા. આપના જવાથી આપનાં સગાંઓ ઉપરાંત સુન્ની સંસ્થાઓ તથા સમાજમાં એક મોટી ખોટ ઉભી થઈ છે. આપે ફેમેલી માટે તથા સમાજ માટે ખૂબ ભલાઈ કરી છે. આપ ફોનથી સતત સંપર્કમાં રહી સંસ્થાના કામકાજમાં અમને સદા પ્રોત્સાહન આપતા હતા. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની નેકીઓને કબૂલ ફર્માવે અને તેનો પોતાની આ'લા શાન પ્રમાણે બેહતર બદલો આપે, કરવટ કરવટ મગફેરત ફર્માવી જન્નતુલ ફિરદૌસમાં આ'લા મકામ અતા કરે તેમજ કુટુંબીજનો, સ્નેહીઓને સબ્રે જમીલ અતા કરે. બોલ્ટન ખાતે મૌલાના મોહસિન હવેલીવાળાએ લોકડાઉનના કારણે ઓન લાઈન ઈસાલે સવાબની મેહફિલ રાખી કુર્આનની તિલાવત, નઅતે પાકની મેહફિલ તથા ઝિક્ર અઝકાર વડે ઈસાલે સવાબ કર્યો હતો. એ જ પ્રમાણે દયાદરા વગેરે ઠેકાણે ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો. **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"** ખાતે તથા **"દારુલ ગુલશને અજમેર–ભરૂચ"** ખાતે પણ ઈસાલે સવાબ કરી દુઆ થઈ હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*